


નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

જય શ્રીરામ

રવિવાર, 21 જાન્યુઆરી 2024 | પોષ સુદ-11, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 37 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


દેશના મન મસ્તિષ્કમાં છવાયું - જયશ્રી રામ... | 22મીએ મંદિર ઉદ્ઘાટનની સાથે જ કરોડો રામભક્તોની આતુરતાનો આવશે અંત

# 500 વર્ષના સંઘર્ષ-તપસ્યાની થશે પૂર્ણાહુતિ

■ ભવ્ય રામ મંદિરની સાથે મોદીનું નામ પણ ઈતિહાસના પાને લખાશે

ગુજરાત | વંદન

ભારતના અને સમસ્ત હિન્દુ ધર્મના અર્વાચીન ઈતિહાસમાં 22 જાન્યુઆરી, 2024ની તારીખ અને વર્તમાન લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ સુવર્ણ અક્ષરે લખાઈ જશે આ તારીખે ભારતના મધ્યમાં ભગવાન શ્રીરામની જન્મભૂમિ અયોધ્યા ખાતે ભવ્ય રામ મંદિરનું લોકાર્પણ મોદીના હસ્તે થવાનું છે,અને તે સાથે રામજન્મભૂમિ સ્થળે ફરી મંદિર નિર્માણના 500 વર્ષના રાજકીય-સામાજિક અને આર્થિક સંઘર્ષની પૂર્ણાહૂતિ થશે.

દરમ્યાનમાં નવનિર્મિત મંદિરમાં ગર્ભગૃહમાં રામલલ્લાની 51 ઈંચ ઊંચી શ્યામવર્ણી મૂર્તિ સ્થાપિત કરી દેવામાં આવી છે. જોકે, ટ્રસ્ટની કોઈ ભૂલચૂકના લીધે આ મૂર્તિની તસ્વીર વાયરલ થઈ જતા પ્રચાર માધ્યમો દ્વારા મૂર્તિના દર્શન પર લાખો કરોડો લોકોએ કર્યા છે. ભગવાન રામની મૂર્તિ અંગે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસે કહ્યું કે પ્રાણ પ્રતિષ્ઠા પૂર્ણ થાય તે પહેલા ભગવાન રામની મૂર્તિની આંખો ખુલશે નહીં, તેને કપડાથી ઢાંકી દેવામાં આવી છે. આંખો બતાવી શકાતી નથી. જે ચિત્રમાં ભગવાન રામની આંખો મૂર્તિમાં ખુલ્લી છે તે વાસ્તવિક મૂર્તિ નથી. મૂર્તિની તસવીરો કેવી રીતે વાયરલ થઈ રહી છે તેની તપાસ થવી જોઈએ.

ભારતના વડાપ્રધાન કહે છે તેમ, ભગવાન શ્રીરામે આ મંગલ કાર્ય માટે અને કરોડો હિન્દુઓની આસ્થાની ફળશ્રુતિ માટે તેમને પસંદ કર્યા તે બદલ તેઓ પોતાને ભાગ્યશાળી માની રહ્યાં છે. છેલ્લાં એક મહિનાથી સમગ્ર ભારત રામમય બન્યું છે,. કોઈ હિન્દુ એવો નહીં હોય કે જે મંદિર ઉદઘાટનની રાહ ન જોતો હોય.

22 જાન્યુ. 2024 પોષ સુદ બારસને અમૃતસિધ્ધિ યોગમાં મહાપંડિતોએ નક્કી કરેલા શુભ ચોઘડિયામાં 12.20 વાગ્યે ભગવાન શ્રીરામના બાળસ્વરૂપ રામલલ્લાની કર્ણાટકના શિલ્પી અરૂણ યોગીરાજ દ્વારા નિર્મિત 51 ઈંચ ઉંચી મૂર્તિ મંદિરના ગર્ભગૃહમાં કમળના ફુલ પર બિરાજમાન છે અને પ્રાણ પ્રતિષ્ઠાના ભાગરૂપે રામલલ્લાની આંખો પર બાંધેલી પટ્ટીઓ ખોલાશે ત્યારે રામલલ્લાના સૌથી પહેલા દર્શન રામભક્ત વડાપ્રધાન મોદી કરીને ધન્યતા અનુભવશે.

સ્વાભાવિક છે કે તે વખતે તેમની નજર સમક્ષ 500 વર્ષના સંઘર્ષનો ઈતિહાસ ફિલ્મની પટ્ટીની જેમ ઝડપથી પસાર થતાં ભાવુક થઈને કદાજ તેમની આંખો

...અનુસંધાન પેજ નં. 6 પર

## 23મીએ અખબારોની હેડલાઈન હશે રામ મંદિર



23 જાન્યુઆરીના રોજ ભારતના તમામ નાના મોટા અખબારોની હેડલાઈન વર્ષો બાદ એક સરખી જોવા મળશે અને ટીવી મિડિયામાં પણ 22મીની સવારથી લઈને કાર્યક્રમ પૂરો ન થાય ત્યાં સુધી એક જ ઐતિહાસિક પ્રસંગનું લાઈવ પ્રસારણ થઈ રહ્યું હશે.

### અયોધ્યામાં ત્રણ દિવસ માટે બહારના લોકોને ‘નો એન્ટ્રી’

પવિત્ર શહેર અયોધ્યા શ્રી રામના આગમન માટે તૈયાર છે. 22 જાન્યુઆરીએ અયોધ્યામાં નવનિર્મિત મંદિરમાં રામલલાનો અભિષેક કરવામાં આવશે. દરમ્યાનમાં વહીવટી તંત્ર દ્વારા શહેરમાં ત્રણ દિવસ સુધી બહારના લોકો માટે પ્રવેશબંધી ફરમાવામાં આવી છે.

### પાંચ જજો પણ રહેશે હાજર...!



22 જાન્યુઆરી, 2024ના રોજ અયોધ્યાના ભવ્ય મંદિરમાં પ્રભુ શ્રીરામ બિરાજમાન થવા જઈ રહ્યા છે ત્યારે આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં સુપ્રીમ કોર્ટના એ પાંચ જજોને પણ નિમંત્રણ આપવામાં આવ્યું છે, જેમણે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. તેઓ હાજર રહે તેવી શક્યતા છે. મીડિયા રિપોટ્ર્સ અનુસાર, શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા કુલ 50 કાયદાશાસ્ત્રીઓને નિમંત્રણ આપવામાં આવ્યું છે. જેમાં આ પાંચ ન્યાયાધીશોનો પણ સમાવેશ થાય છે. તે સિવાય પૂર્વ ચીફ જસ્ટિસો, જજો અને પ્રતિષ્ઠિત વકીલોનો સમાવેશ થાય છે. રામ મંદિરનો માર્ગ મોકળો કરી આપતો ચુકાદો આપનારા ન્યાયાધીશોમાં રંજન ગોગોઈ, શરદ અરવિંદ બોબડે, ડીવાય ચંદ્રચૂડ, અશોક ભૂષણ અને એસ અબ્દુલ નઝીરનો સમાવેશ થાય છે.

## ન્યૂઝ બ્રિફ

### 2000ની નોટને લઈને RBIનો મોટો નિર્ણય, 22મીએ સુવિધા બંધ રહેશે

અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહના દિવસે 22 જાન્યુઆરીએ રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાની



ઑફિસમાં 2000 રૂપિયાની નોટ બદલવા અથવા જમા કરાવવાની સુવિધા બંધ રહેશે. ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ અડધા દિવસની રજાને કારણે, 22 જાન્યુઆરી, સોમવારના રોજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ની 19 ઈસ્યુ ઑફિસમાંથી કોઈપણમાં રૂ. 2000ની બેંક નોટ એક્સચેન્જ/ડિપોઝીટ કરવાની સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં. કેન્દ્રીય બેંકે એક નિવેદનમાં જણાવ્યું હતું. એવું કહેવામાં આવ્યું હતું કે આ સુવિધા 23 જાન્યુઆરી, મંગળવારથી ફરી શરૂ થશે. ગયા વર્ષે 19 મેના રોજ આરબીઆઈએ 2000 રૂપિયાની નોટો ચલણમાંથી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી

### પંજાબ : BSFએ હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો

પાકિસ્તાન પોતાની નાપાક હરકતથી બાઝ આવતુ નથી. આતંકવાદને કારણે પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય



સ્તરે બદનામી થઈ રહી છે તેમ છતાં તેમાં સુધારો થઈ રહ્યો નથી. ત્યારે હવે ફરી એકવાર સરહદ પારથી ઉડતું ડ્રોન ભારતમાં આવ્યું, જેને ભારતીય સુરક્ષા દળોએ પકડી પાડ્યું છે. આ ડ્રોનમાંથી ખતરનાક હથિયારો પણ મળી આવ્યા છે.પાકિસ્તાન ક્યારેક સરહદેથી આતંકવાદીઓને ઘુસાડવાની કોશિશ કરે છે તો ક્યારેક ડ્રોન દ્વારા હથિયાર અને ડ્રગ્સની સપ્લાય કરે છે, આ કારણે જ ભારતીય સેનાના જવાનો પાકિસ્તાનની હરકતો પર ચાંપતી નજર રાખે છે. ત્યારે આજે પાકિસ્તાન તરફથી આવેલું ડ્રોન આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પંજાબના નજીક ફિરોઝપુર જિલ્લામાં પડ્યું હતું. બોર્ડર સિક્યોરિટી ફોર્સએ આ પાકિસ્તાની ડ્રોનને સમયસર કબજે કરી છે. BSFના અધિકારીના જણાવ્યા અનુસાર, ઝડપાયેલા પાકિસ્તાની ડ્રોનમાંથી દારૂગોળાનો જથ્થો મળી આવ્યો છે.

### વાંકી નજરે...

સૌજન્યથી...




## સ્માર્ટ સીટી...ડીજીટલ યુગ...અને... દોરડાવાળી સિસ્ટમ...?!!



દેશ દુનિયા ડિજિટલ યુગમાં ચાલી રહી છે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ડિજિટલ ઈન્ડિયાને પ્રોત્સાહન આપી રહી છે. દેશના જે શહેરોને સ્માર્ટ સિટી બનાવવામાં આવી રહ્યા છે એમાં અમદાવાદનો સમાવેશ થયા છે. શહેરીજનો માટે ઝડપી સેવા રૂપે BRTSની જાહેર પરિવહન સેવા અમલમાં છે BRTS રુટ માં કોઈ અન્ય ખાનગી વાહનો ન પ્રવેશે તે માટે ની જે જોગવાઈ કરવામાં આવી છે તે અજબ ગજબ અને અદ્ભુત છે. સ્માર્ટ સિટી અને ડિજિટલ યુગમાં BRTSના પ્રવેશ સ્થળે એક રોજમદાર ઊભો છે. એના હાથમાં લાંબા દોરડાનો એક છેડો છે. જ્યારે BRTS બસ આવે ત્યારે રોજમદાર દોરડું નીચે કરીને બસને આવવા દે છે. અન્ય કોઈ ખાનગી વાહનો પ્રવેશવા માંગે તો તેમને નો એન્ટ્રી માટે દોરડું મજબૂતાઈથી પકડી રાખે છે. BRTS બસ બસ સ્ટેશનથી ઉપડે ત્યારે તેની આગળ રિમોટ કન્ટ્રોલ સંચાલિત એક ડીજીટલ ઝાંપો છે. લાલ ચોકડી સાથેનો આ ઝાંપો સ્ટેશનનો કર્મચારી રિમોટથી ખોલે છે. અને બસ નિકળ્યા બાદ આપમેળે બંધ થઈ જાય છે. શું આ ડીજીટલ ઝાંપો જ્યાં રોજમદાર દોરડુ લઈને ઉભો છે ત્યાં ન લગાવી શકાય..? બસ આવે ત્યારે જ ખુલે અને અને અન્ય વાહનો આવે તો ન ખુલે. એવી કોઈ સીસ્ટમ અમલમાં ન મૂકી શકાય..? કોઈ વિદેશી ડેલિગેશન આવે કે કોઈ મહાનુભાવ આવે તો દોરડાવાળી મેન્યુઅલ સીસ્ટમ જોઈને શું વિચારશે..?

## કેન્દ્રના વચગાળાના બજેટમાં પણ અયોધ્યા માટે મળી શકે છે નવી યોજનાઓ

■ નાણામંત્રી નિર્મલા સિતારામન પર રામ ભક્તોની આશા - અપેક્ષા

ગુજરાત | વંદન



હાલમાં આખો દેશ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ મંદિરના ઉદ્ધાટનની રાહ જોઈ રહ્યો છે. 22 જાન્યુઆરીએ મંદિરમાં રામ લાલાની મૂર્તિના અભિષેકની તૈયારીઓ અંતિમ ચરણમાં છે. 22 જાન્યુઆરીના લગભગ એક સપ્તાહ બાદ દેશનું ધ્યાન મોદી સરકારના આ કાર્યકાળના અંતિમ બજેટ પર રહેશે, જે ચૂંટણી પહેલા આવશે. ત્યારે નાણામંત્રી નિર્મલા સીતારમણ દેશ સમક્ષ વચગાળાનું બજેટ રજૂ કરશે, પરંતુ શું તેના પર રામ મંદિરની અસર જોવા મળશે? શું નિર્મલા સીતારમણના પટારામાંથી અયોધ્યા માટે ઘણી ભેટ આવશે?

રામ મંદિર’ના નિર્માણ બાદ લગભગ 3.5 લાખની વસ્તી ધરાવતા અયોધ્યામાં પ્રવાસીઓની સંખ્યા 10 લાખ સુધી પહોંચવાનો અંદાજ છે. આવી સ્થિતિમાં, અયોધ્યા કદાચ વિશ્વના સૌથી મોટા શહેર આધુનિકીકરણના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. જ્યાં રામ મંદિર નિર્માણ ઉપરાંત 250 થી વધુ પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે. આવી સ્થિતિમાં નિર્મલા સીતારમણ પણ બજેટમાં અયોધ્યાને કેટલીક અલગ ભેટ આપી શકે છે.

## શોએબ મલિકે બીજા લગ્ન કર્યા, તેરા ક્યા હોગા સાનિયા મિર્ઝા ?



ગુજરાત | વંદન

પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટ કેપ્ટન શોએબ મલિકે પાકિસ્તાની અભિનેત્રી સના જાવેદ સાથે લગ્ન કર્યા છે. શોએબ મલિકે સના જાવેદ સાથેની પોતાની તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી છે. લાંબા સમયથી શોએબ મલિક અને ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાના અલગ થવાની અટકળો ચાલી રહી હતી. આ પહેલા તેમના ડેટિંગના સમાચાર સામે આવ્યા હતા. જેના પર હવે લગ્નની મહોર લગાવી દેવામાં આવી છે. શોએબ મલિકના પાકિસ્તાની અભિનેત્રી સના જાવેદ સાથે લગ્નેતર સંબંધ છે. PAKના ભૂતપૂર્વ કેપ્ટનની

...અનુસંધાન પેજ નં. 6 પર

## ભારત બાદ જાપાનના મૂન સ્નાઈપરનું ચંદ્ર પર સફળતાપૂર્વક લેન્ડિંગ

■ જાપાન ચંદ્ર પર પહોંચનાર પાંચમો દેશ

ગુજરાત | વંદન



જાપાનના મૂન મિશન સ્નેપરનું લક્ષ્ય ચંદ્રના શિઓલી ક્રેટરની તપાસ કરવાનું છે. તે ચંદ્રના સી ઓફ નેક્ટર છે. આ ભાગમાં, ચંદ્રની રચના કેવી રીતે થઈ સ્નાઈપર તેની તપાસ કરશે. અહીંના ખનિજોની તપાસ કરીને આપણે ચંદ્રની રચના અને તેના આંતરિક ભાગો વિશે માહિતી મેળવશે.

જાપાનના મૂન મિશન સ્નાઈપર ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક ઉતરાણ કર્યું છે. જાપાનની સ્પેસ એજન્સી JAXA એ ગયા વર્ષે 7 સપ્ટેમ્બરે ચંદ્ર પર તેના સ્નાઈપર મોકલ્યા હતા. 4 મહિનાથી વધુની મુસાફરી પછી, આ મૂન સ્નાઈપર સ્લિમ મિશનના ભાગરૂપે ચંદ્ર પર ઉતર્યું છે. જાપાન ચંદ્ર પર પહોંચનાર પાંચમો દેશ બની ગયો છે.

ભારતના સફળ ચંદ્રયાન મિશન બાદ જાપાને અવકાશમાં ઈતિહાસ રચ્યો છે. જાપાનની સ્પેસ એજન્સી JAXAએ કહ્યું છે કે ચંદ્રની તપાસ માટે તેનું સ્માર્ટ લેન્ડર ચંદ્રની સપાટી પર ઉતરી ગયું છે. આ જાપાની સ્નાઈપર 25 ડિસેમ્બરે ચંદ્રની ભ્રમણકક્ષામાં પહોંચ્યો હતો. ત્યારથી તે ચંદ્રની સપાટી તરફ આગળ વધી રહ્યું હતું.આ લેન્ડરનું વજન 200 કિલો છે. લંબાઈ 2.4 મીટર અને પહોળાઈ 2.7 મીટર છે. તે રડાર, લેસર રેન્જ ફાઈન્ડર અને વિઝન આધારિત નેવિગેશન સિસ્ટમથી સજ્જ છે.


તેમાં લગાવવામાં આવેલા કેમેરા ચંદ્ર પર હાજર ખડકોની ખૂબ જ સ્પષ્ટ તસવીરો લેશે. તેની સાથે તેમાં લુનર એક્સપ્લોરેશન વ્હીકલ અને લુનર રોબોટ પણ છે. જાપાનની સ્પેસ એજન્સીના જણાવ્યા અનુસાર,

...અનુસંધાન પેજ નં. 6 પર

## ચીન પરની નિર્ભરતા ઘટાડવા ભારતના આર્જેન્ટિના સાથે કરાર

■ આ કરાર લિથિયમની આયાત માટે ચીન પરની નિર્ભરતાને ઘટાડશે

ગુજરાત | વંદન




કાર્બન ઉત્સર્જન ઓછું કરવામાં લિથિયમ એક્સપ્લોરેશન એગ્રીમેન્ટ સીમાચિહ્નરૂપ સાબિત થશે. ચીન પરથી નિર્ભરતા ઘટે તે માટે ભારતે આ પગલું લીધું છે. જેમાં આર્જેન્ટિના સાથે લિથિયમ એક્સપ્લોરેશન એગ્રીમેન્ટ કર્યું છે. આગામી સમયમાં આ નિર્ણય ભારત માટે ખૂબ મહત્વનો સાબિત થશે.

ભારત સરકારે આર્જેન્ટિના સાથે લિથિયમના અન્વેષણ અને ખોદકામ માટે લિથિયમ એક્સપ્લોરેશન એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે. આર્જેન્ટિનામાં પાંચ લિથિયમ બ્લોકના અન્વેષણ સાથે સંકળાયેલો ભારત સરકારનો આ કરાર કાર્બન ઉત્સર્જન ઓછું કરવાની દિશામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે. આ ઉપરાંત, આ કરાર લિથિયમની આયાત માટે

...અનુસંધાન પેજ નં. 6 પર

## રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા પર હરભજન સિંહ રહેશે હાજર

ગુજરાત | વંદન



એમએસ ધોની, સચિન તેંડુલકર, વિરાટ કોહલી, રવિચંદ્રન અશ્વિન સહિત કેટલાક ભારતીય ક્રિકેટરને 22 જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ માટે આમંત્રણ મળ્યું છે. બીજી તરફ ક્રિકેટર અને આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ હરભજન સિંહે આ કાર્યક્રમમાં

...અનુસંધાન પેજ નં. 6 પર

## દિલ્હી: બાબર રોડ હવે અયોધ્યા માર્ગ બન્યું

ગુજરાત | વંદન

હિન્દુ સેનાના કાર્યકર્તાઓએ નવી દિલ્હીમાં બાબર રોડનું નામ બદલીને અયોધ્યા માર્ગ કરી દીધું. હિન્દુ સેના ઘણા સમયથી બાબર રોડનું નામ બદલવાની માંગ કરી રહી હતી.બાબર રોડના બોર્ડ નીચે હિન્દુ સેના દ્વારા લગાવવામાં આવેલા પોસ્ટરની એક તસવીર પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, જેમાં અયોધ્યા રોડ લખેલું જોવા મળે છે. જો કે થોડા સમય બાદરોડ બોર્ડ


...અનુસંધાનપેજ નં. 6

## નિખિલ ગુપ્તા હવે અમેરિકાને સોંપવામાં આવશે

■ નિખિલ ગુપ્તાને સોંપવા ચેક રિપબ્લિક કોર્ટની મંજૂરી

ગુજરાત | વંદન

ચેક રિપબ્લિકની એક અપીલ કોર્ટે નિખિલ



ગુપ્તાના યુએસ પ્રત્યાર્પણને મંજૂરી આપી દીધી છે. અમેરિકાએ તેના પર ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના નિષ્ફળ કાવતરામાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો.

ચેક રિપબ્લિક જસ્ટિસ મિનિસ્ટ્રીના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, નિખિલ ગુપ્તાના પ્રત્યાર્પણ અંગેનો અંતિમ નિર્ણય ન્યાય મંત્રી પાવેલ બ્લેઝેક પર નિર્ભર છે. 52 વર્ષીય ભારતીય નાગરિકની યુએસની વિનંતી પર 30 જૂને ચેક રિપબ્લિકમાં ધરપકડ કરવામાં આવી હતી. પ્રવક્તાએ વધુમાં કહ્યું હતું કે જો ન્યાય મંત્રીને નીચલી કોર્ટના નિર્ણયો પર શંકા હોય તો તેમની પાસે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવા માટે ત્રણ મહિનાનો સમય છે.

પ્રાગ હાઈકોર્ટે નીચલી અદાલતના નિર્ણયને પડકારતી નિખિલ ગુપ્તાની અરજીને ફગાવી દીધી હતી, જેણે પ્રત્યાર્પણની મંજૂરી આપવાનો

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગાંધીનગર જિલ્લાના 6 ગામોમાં આરસીસી, ડામર રોડ બનાવાશે

■ 5.35 કરોડના ખર્ચે જંગલ કટીંગ, માટી મેટલ કામ, ડામર કામ સહિતની કામગીરી કરાશે

ગુજરાત | વંદન

જિલ્લાના છ ગામોમાં રૂપિયા 5.35 કરોડના ખર્ચે સીસી અને ડામર રોડ બનાવવામાં આવશે. જેમાં જંગલ કટીંગ, માટી મેટલ કામ, ડામર કામ સહિતની કામગીરી કરવામાં આવશે. જેને પરિણામે જિલ્લાના છ ગામોના લોકોને રોડ અને રસ્તાની સમસ્યામાંથી છુટકારો મળશે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના લોકોની માંગણી મુજબ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત વિવિધ માર્ગો બનાવવામાં આવ્યા છે. જોકે ચોમાસામાં વરસાદથી કે જૂના થવાથી માર્ગો તૂટી જવાના કિસ્સા સામે આવ્યા છે. જેને પરિણામે આ માર્ગો ઉપરથી સ્થાનિક ગ્રામજનોને વાહનો લઈને પસાર થવું કપરૂ બની રહ્યું હતું. ત્યારે આ માર્ગોનું પાકા ડામર, ખાસ અંગભૂત હેઠવ વિવિધ માર્ગોનું ડામર, માટી મેટલ સહિતના કામો કરવા માટે રૂપિયા 5.35 કરોડની ગ્રાન્ટ મંજુર કરવામાં આવી છે. જેને પરિણામે જિલ્લાના સોનીપુર ગામમાંથી બળીયાદેવ મંદિરથી દુધોલ તળાવ સુધીના કાચા નાળીયામાં 1.25 કિ.મી. પાકા ડામર રોડનું કામ રૂપિયા 95 હજારના ખર્ચે કરવામાં આવશે. જ્યારે સરઢવ ઉગમણી ભાગોળથી રૂપાલ મેઈન રોડને જોડતા નાળીયાનું 1 કિ.મી. રોડનું કામ રૂપિયા 75 હજારના ખર્ચે કરવામાં આવશે.

વધુમાં ઉનાવા પીંપળજ રોડથી નાળિયાના સીસી 1.25 કિ.મી.નો રોડ રૂપિયા 95 હજારના ખર્ચે બનાવવામાં આવશે. આદરજના વડલી પરા મેઈન રોડથી બીલી ખાડના ગરનાળા સુધીનો 1 કિ.મી. રોડ રૂપિયા 75 હજારના ખર્ચે બનાવવામાં આવશે. જ્યારે પીંડારડા ગામના 1.25 કિ.મી. પાકા ડામરનું કામ રૂપિયા 95 હજાર, રૂપાલથી વાસણના નવા રોડને જોચતા નાળીયાના 0.75 કિ.મી. રોડનું રૂપિયા 60 હજાર, રૂપાલ ગામનો અન્ય નાળિયાનો 0.50 કિ.મી.નો રોડ રૂપિયા 40 હજારમાં બનાવવામાં આવશે.



# ગાંધીનગર નજીક ડુપ્લીકેટ જંતુનાશક દવા બનાવવાનું ગોડાઉન ઝડપાયું

■ 46 લાખના મુદ્દામાલ સાથે સંચાલકની ધરપકડ

ગુજરાત | વંદન

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ઈન્દ્રપુરા રોડ ઉપર આવેલ ભગવતી એસ્ટેટ નામના ગોડાઉનમાં એસઓજી પોલીસે દરોડો પાડીને અલગ અલગ કંપનીઓના માર્કાવાળી ડુપ્લીકેટ જંતુનાશક દવાઓ બનાવી - વેચવાના નેટવર્કનો પર્દાફાશ કરી 46 લાખ 23 હજારનો મુદ્દામાલ જપ્ત કરી સંચાલકને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો છે.

હરીયાણા ચેક આઈ. પી. સોલ્યુશન પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ઈન્વેસ્ટીગેસન ઓફીસર તરીકે ફરજ બજાવતા નિતીનભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની કંપની એફ.એમ.સી. પ્રાઈવેટ ઈન્ડીયા કંપની તથા રેલીઝ ઈન્ડીયા લી,, તથા યુ.પી.એલ, લી,, તથા બાયર ક્રોપ્સ સાયન્સ



લી, તથા ક્રિસ્ટલકો પ્સ પ્રોડક્શન લી. ના કોપી રાઈટ અને ટ્રેડમાર્ક હક્કોની ઓથોરીટી ધરાવે છે. જે મુજબ તેમને કોપી રાઈટ તથા ટ્રેડમાર્કના રક્ષણ માટે ફરીયાદ કરવા માટેની કાર્યવાહી કરવાની હોય છે. ગઈકાલે તેઓ કંપનીના કામ અર્થે માણસા ગયા હતા.

ખાનગીરાહે બાતમી મળેલ કે, માણસા ઈન્દ્રપુરા રોડ ઉપર આવેલ ભગવતી એસ્ટેટના ગોડાઉનમાં અલ્પેશ ગોપાલભાઈ પ્રજાપતિ (રહે ઈન્દ્રપુરા પ્રજાપતિવાસ) પોતાના કબજા ભોગવટા વાળા ગોડાઉનમાં ઉપરોક્ત કંપનીઓના માર્કાવાળી ડુપ્લીકેટ જંતુનાશક દવાઓ બનાવી ગોડાઉનમાં રાખી તેનુ વેચાણ કરે છે. જે અંગે જાણ કરતા એસઓજી પોલીસ દ્વારા ગોડાઉનમાં રેડ પાડવામાં આવી હતી. જ્યાં અલ્પેશ પ્રજાપતિને સાથે રાખી ગોળાઈમાં સર્ચ ઓપરેશન શરૂ કરતાં પુઠાના બોક્ષ, પેકીંગ મશીન, વજનકાંટો, સીલીંગ મશીન તથા અન્ય સામાન મળી આવ્યો હતો.

પોલીસે બોક્ષની તલાશી લેતાં ઉક્ત કંપનીઓના માર્કાવાળો ડુપ્લીકેટ જંતુનાશક દવાઓનો જથ્થો મળી આવ્યો હતો. જેનાં માટે કલ્પેશ પ્રજાપતિએ ગોડાઉન ભાડે રાખ્યું હતું. જે ઉપરોક્ત ઓથોરાઈઝ કંપનીઓના લાયસન્સ કે પુરાવા વગર ખોટા અને ડુપ્લીકેટ સીમ્બોલ લગાવી ડુપ્લીકેટ જંતુનાશક દવા બનાવી ગોડાઉનમાં જંતુનાશક દવાનો જથ્થો વેચાણ કરવા રાખતો હોવાનું પોલીસ પૂછતાંછમાં બહાર આવ્યું હતું. આ અંગે એસઓજી પોલીસે કુલ રૂ. 46.23 લાખનો મુદ્દામાલ જપ્ત કરી અલ્પેશ પ્રજાપતિની કોપી રાઈટ એક્ટ હેઠળ ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# 6 નપા વિસ્તારમાં જનભાગીદારી યોજના માટે રૂપિયા 10.77 કરોડની ફાળવણી

■ કલોલ નગરપાલિકાને ૬૪ કામો માટે રૂ. ૩.૧૭ કરોડ મળશે

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નગરોમાં વસવાટ કરતા નાગરિકોના ઈઝ ઓફ લિવિંગમાં વધારો કરવાના હેતુસર ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનામાં ૬ નગરો માટે રૂ. ૧૦.૭૭ કરોડની ફાળવણીની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનામાં રાજ્યની મહાનગરપાલિકા-નગરપાલિકાઓમાં અત્યાર સુધીમાં ૪૨,૭૨૬ કામો માટે રૂ. ૩૬૯૨.૪૨ કરોડની મંજૂરી આપવામાં આવી છે

ખાનગી સોસાયટી જનભાગીદારીની આ યોજના અન્વયે નગરપાલિકા, મહાનગરપાલિકાઓ તેમના વિસ્તારની ખાનગી સોસાયટીમાં રસ્તા, પેવરબ્લોક, પાણીની લાઈન, ગટરલાઈન, સ્ટ્રીટ લાઈન,



રેઈન વોટર હાર્વેસ્ટિંગ તથા સોસાયટીઓમાં કોમન પ્લોટમાં પેવરબ્લોક નાખવાના કામો હાથ ધરી શકે છે. આ માટે ૭૦ ટકા ગ્રાન્ટ રાજ્ય સરકાર તરફથી, ૨૦ ટકા જે-તે ખાનગી સોસાયટીનો ફાળો તેમજ ૧૦ ટકા સ્થાનિક સંસ્થાનો ફાળો એમ ગ્રાન્ટ ફાળવણીથી કામો કરવામાં આવતા હોય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના અંતર્ગત રાજ્યની કલોલ નગરપાલિકાને આવા ૬૪ કામો માટે રૂ. ૩.૧૭ કરોડ, સુરેન્દ્રનગર-દૂધરેજ નગરપાલિકાને ૨૦ કામો માટે રૂ. ૬.૬૫ કરોડ સહિત પાટણમાં ૧૧ કામો માટે રૂ. ૬૧.૯૫ લાખ, વિરમગામમાં બે કામો માટે રૂ. ૨૧.૬૪ લાખ તેમ જ જસદણમાં રૂ. ૧૧.૦૯ લાખ મળીને કુલ ૧૦૯ કામો માટે સમગ્રતયા રૂ. ૧૦.૭૭ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુ ૧૦૯ કામો ૬ નગરપાલિકાઓમાં મંજૂર કરીને રૂ. ૧૦.૭૭ કરોડની ફાળવણી કરવા સૈદ્ધાંતિક અનુમોદન આપતાં આ ૬ નગરોમાં ખાનગી સોસાયટીઓનાં જનહિત કામો હાથ પર લઈ શકાશે. એટલું જ નહીં, નગરપાલિકા, મહાનગરપાલિકાઓને તેમના વિસ્તારમાં આવેલી ખાનગી સોસાયટીઓમાં આ યોજનાના કામો માટે અંદાજિત ખર્ચના ૭૦ ટકાની સહાય રાજ્ય સરકાર દ્વારા અપાતી તેમાં પ્રત્યેક લાભાર્થી કુટુંબ દીઠ રૂ. ૨૫,૦૦૦ ની સહાય મર્યાદા નિર્ધારિત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં શહેરી વિકાસ વિભાગે આ સહાય મર્યાદા પણ જૂન-૨૦૨૩ થી દૂર કરી છે.

ગુજરાત વિધાનસભાના ચોથા સત્રની જાહેરાત

# 2 ફેબ્રુ.એ વિધાનસભામાં રાજ્યનું બજેટ રજૂ થશે



■ 1 ફેબ્રુઆરીથી 29 ફેબ્રુઆરી સુધી મળશે ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર :- અધ્યક્ષ

ગુજરાત | વંદન

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત વિધાનસભાના ચોથા સત્રનું આહવાન કર્યું છે. વિધાનસભાનું ચોથું સત્ર 1 ફેબ્રુઆરી થી 29 ફેબ્રુઆરી સુધી સમગ્ર મહિના દરમ્યાન ચાલશે. આ સત્રમાં રાજ્ય સરકાર બજેટ રજૂ કરશે. કામકાજના કુલ 24 દિવસોમાં કુલ 26 બેઠકો મળશે.

વિધાનસભાના ચોથા સત્રને લઈને વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી જણાવ્યું હતું કે આગામી 1 ફેબ્રુઆરીથી ગુજરાત રાજ્ય વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે. જેથી વિધાનસભા બજેટ સત્રને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ચોથા સત્રમાં બીજી ફેબ્રુઆરીના રોજ બજેટ વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવશે. રાજ્યપાલના સંબોધન ઉપર ત્રણ દિવસ ચર્ચા ચાલશે. ચાર દિવસ બજેટ ઉપર સામાન્ય ચર્ચાઓ થશે. જ્યારે 12 દિવસ વિવિધ વિભાગની માંગણીઓ પર ચર્ચા થશે. આમ સમગ્ર ફેબ્રુઆરી માસ દરમ્યાન વિધાનસભા સત્ર ચાલશે.

વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતની વિધાનસભા હવે ફિઝિકલમાંથી ડિજિટલ બની છે. વિધાનસભા કામગીરી ડિજિટલ રીતે ચાલે તે માટે તમામ ધારાસભ્યોને તાલીમો પણ અપાઈ છે. આ સત્ર દરમિયાન તમામ ધારાસભ્ય તારાંકિત પ્રશ્નો ઓનલાઈન પૂછશે. જે માટેની તાલીમ તેમજ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

# અમદાવાદ-ગાંધીનગર વચ્ચે દોડતી ઈ-બસના ખર્ચ પેટે 4.50 કરોડ ચુકવાયા

■ મનપાએ 20 બસ પેટે 20 કરોડ એસટી નિગમને ચૂકવવાના થાય છે

ગુજરાત | વંદન

સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ મહાનગરપાલિકા દ્વારા અમદાવાદ-ગાંધીનગર વચ્ચે દોડતી એસટી નિગમની ઈલેક્ટ્રીક બસનો ખર્ચ ઉઠાવવા નિગમ સાથે એમઓયુ કર્યા બાદ મહાનગરપાલિકા દ્વારા એસટી નિગમને બસ સંચાલનના ખર્ચ પેટે પ્રથમ તબક્કે 4.50 કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. પ્રથમ 6 બસના સંચાલનના ખર્ચ પેટે 75 ટકા રકમ બસ શરૂ થયાના બે મહિનામાં ચૂકવવાની થતી હતી પરંતુ મહાનગરપાલિકા દ્વારા બે વર્ષ બાદ ચૂકવણું શરૂ કર્યું છે. મહાનગરપાલિકાને કુલ 20 બસ પેટે 20 કરોડ રૂપિયા એસટી



નિગમને ચૂકવવાના થાય છે.

સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ મહાનગરપાલિકા દ્વારા પ્રદૂષણ નિયંત્રણના ભાગરૂપે ગાંધીનગરમાં ઈલેક્ટ્રીક બસ દોડાવવાની દરખાસ્ત મૂકી હતી જેને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ આ બસોનું સંચાલન મહાનગરપાલિકા દ્વારા કરવાને બદલે એસટી નિગમની અમદાવાદ-ગાંધીનગર વચ્ચે દોડતી શહેરી બસ સર્વિસમાં અમલી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે મુજબ એસટી નિગમ અને મહાનગરપાલિકા વચ્ચે એમઓયુ થયા હતા.

એસટી નિગમ દ્વારા એમઓયુ મુજબ બે વર્ષ અગાઉ પ્રથમ તબક્કે 6 બસો દોડાવવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ તબક્કાવાર 20 બસો અમદાવાદ-ગાંધીનગર વચ્ચેની શહેરી સર્વિસમાં મૂકવામાં આવી હતી. એમઓયુની જોગવાઈ મુજબ પ્રથમ બે મહિના નિરિક્ષણ કર્યા બાદ જો સંચાલન યોગ્ય જણાય તો 75 ટકા રકમ અને બે મહિના પછી બાકીની 25 ટકા રકમ એસટી નિગમને ચૂકવવાની થતી હતી.

મહાનગરપાલિકા દ્વારા તબક્કાવાર બસ સંચાલનના ખર્ચ પેટે કુલ 20 કરોડ ચૂકવવાના થાય છે. જેના ભાગરૂપે મહાનગરપાલિકા દ્વારા હાલ બે વર્ષ અગાઉ પ્રથમ તબક્કે શરૂ કરાયેલી 6 ઈલેક્ટ્રીક બસના સંચાલન ખર્ચ પેટે 4.50 કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. એસટી નિગમને તબક્કાવાર કુલ 20 કરોડ રૂપિયા ચૂકવવામાં આવશે.

# રામમંદિર ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાતમાં અડધી રજા જાહેર

■ સરકારી-અર્ધ સરકારી કચેરીઓ 2:30 વાગ્યા સુધી બંધ રહેશે

ગુજરાત | વંદન

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના દિવસે રાજ્યભરમાં જાહેર રજાની માગ સરકારના વિવિધ વિભાગોમાંથી ઉઠી હતી.કેન્દ્ર સરકારે 22 જાન્યુઆરીએ સરકારી કર્મચારીઓને અડધા દિવસની રજા આપવાની જાહેરાત કરી છે. આ દિવસે અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. ત્યારે ગુજરાતના લોકોને તેમાં જોડાવા અડધા દિવસની રજા જાહેર કરવામાં આવી છે.

22 જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિરમાં ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમનો છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. અયોધ્યામાં આ માટેની તૈયારીઓને અંતિમ ઓપ અપાઈ રહ્યો છે જેને લઈને દેશવાસીઓમાં ખુશીની લહેર છે, ત્યારે ઉત્સાહને જોતા ગુજરાત સરકારે અડધા દિવસની રજા જાહેર કરી છે. સરકારી અને અર્ધ સરકારી કચેરીઓ બપોરના 2:30 વાગ્યા સુધી બંધ રહેશે.22મીના મહોત્સવમાં તમામને જોડવા સરકારે આ નિર્ણય લીધો છે.

ઉલ્લેખનીય છે કે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના દિવસે રાજ્યભરમાં જાહેર રજાની માગ સરકારના વિવિધ વિભાગોમાંથી ઉઠી હતી.કેન્દ્ર સરકારે 22 જાન્યુઆરીએ સરકારી કર્મચારીઓને અડધા દિવસની રજા આપવાની જાહેરાત કરી છે. આ દિવસે અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાગ લેશે. કહેવામાં આવ્યું છે કે આ ભવ્ય સમારોહમાં 7000 થી વધુ લોકો એકઠા થશે. રામમંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાને લઈને ઘણા રાજ્યોએ સરકારી રજા પણ જાહેર કરી છે.જેમાં હવે ગુજરાત પણ સામેલ છે.

# મુખ્યમંત્રીને ભેટ સોગાદોમાં મળેલી ચીજ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને વિવિધ કાર્યક્રમો અને પ્રવાસ દરમિયાન ભેટ સોગાદોમાં મળેલ અને તોશાખાનામાં જમાં કરાવેલ ચીજવસ્તુઓ પ્રદર્શન અને વેચાણ અર્થે અમદાવાદ જિલ્લાને ફાળવવામાં આવી છે.

આ સંદર્ભે અમદાવાદ ખાતે તા.૧૮/૦૧/૨૦૨૪ થી તા.૨૦/૦૧/૨૦૨૪ના ત્રણ દિવસ દરમિયાન પ્રદર્શન કમ હરાજી કાર્યક્રમ યોજાયો હતો . આ પ્રદર્શન કમ હરાજી કાર્યક્રમમાં અંદાજીત ૨૫ લાખની કિંમતની ૮૫૦ જેટલી વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ હાથ ધરવામાં આવ્યું હતું.

# જીલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કલોલ ખાતે ભરતીમેળાનું આયોજન

ગુજરાત | વંદન

જીલ્લા રોજગાર વિનિમય કચેરી,ગાંધીનગર દ્વારા કૌશલ્ય વર્ધન કેન્દ્ર, સ્વામીનારાયણ ગુરુકુળ કોલેજ સામે, અમદાવાદ -મહેસાણા હાઈવે કલોલ ખાતે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ધોરણ-૧૦ અને ૧૨ પાસ,આઈ. ટી.આઈ,ડીપ્લોમાં,ગ્રેજ્યુએટ,અને પોસ્ટ ગ્રેજ્યુએટઉમેદવારો ભાગ લઈ શકશે.

આ ભરતીમેળા અંતર્ગત કસ્ટમર સપોર્ટ એક્ઝીક્યુટીવ,સેલ્સ એસોશિયેટ,કેશિયર,પેકર,એકાઉન્ટન્ટ, સેલ્સ કોઓર્ડીનેટર,,સુપરવાઈઝર, ટેલી માર્કેટિંગ, બેક ઓફીસ સપોર્ટ સ્ટાફ,ડીપ્લોમાં એન્જીનીયર જેવી જગ્યાઓ પર ભરતી કરવાની હોવાથી રોજગારવાન્છું ઉમેદવારોને વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તે હેતુસર રોજગાર ભરતીમેળા અંગે જીલ્લા રોજગાર વિનિમય કચેરી,ગાંધીનગર દ્વારા આગામી સમયમાં આયોજન થનાર છે.

ઉપરોક્ત યોજાનાર રોજગાર ભરતીમેળામાં જીલ્લાના તમામ રોજગાર ઈચ્છુક ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા જિલ્લા રોજગાર કચેરી,ગાંધીનગરની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યોનું સંખ્યાબળ 17માંથી ઘટીને 15 થયું

# કોંગ્રેસમાંથી વધુ એક ધારાસભ્યનું રાજીનામું,ભાજપમાં જોડાશે

■ સી.જે.ચાવડા વિજાપુર બેઠક પરથી ફરી ચુંટણી લડશે

ગુજરાત | વંદન

લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. વિજાપુરના MLA સી.જે. ચાવડાએ રાજીનામું આપી દીધુ છે. આજે સવારે 10:10 વાગ્યે સી.જે. ચાવડાએ વિધાનસભા અધ્યક્ષને પોતાનું રાજીનામું આપ્યું છે. ઉલ્લેખનીય છે કે છેલ્લાં કેટલાક સમયથી સી.જે.ચાવડા કોંગ્રેસ છોડશે તેવી અટકળો ચાલતી હતી. સી.જે.ચાવડાએ રાજીનામું આપતા હવે તમામ અટકળોનો અંત આવ્યો છે. સી.જે.ચાવડાએ રાજીનામું આપતાની સાથે જ વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યોનું સંખ્યાબળ ઘટીને 15 થઇ ગયું છે.

હાલ સૂત્રો મુજબથી મળતી માહિતી મુજબ સી.જે.ચાવડા વિજાપુર વિધાનસભા બેઠક પરથી પેટા ચૂંટણી લડશે. ભાજપ હાઈકમાન્ડ સાથે બેઠક થયા બાદ સી.જે.ચાવડાએ કોંગ્રેસને રામરામ કર્યા છે. આ સાથે આવનારા સમયમાં AAP અને કોંગ્રેસમાંથી વધુ કેટલાક ધારાસભ્યો રાજીનામું આપે તેવી પણ શક્યતા જોવાઈ રહી છે. રાજકારણમાં પ્રવેશતા પહેલાં સી. જે. ચાવડા ગુજરાત સરકારમાં ડેપ્યુટી કલેક્ટર હતા. ગાંધીનગરના દરેક ગામડાઓમાં રોડ, બોર, શાળા, દવાખાના, પાણીની ટાંકી, સ્ટ્રીટ લાઈટ જેવા કેટલાય નાના મોટા કામો કરી ભારે લોકચાહના મેળવી હતી.



સી. જે. ચાવડાની કાર્યશૈલી જોઈને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ તેમને રાજકારણમાં પ્રવેશવા અપીલ કરી હતી. જે બાદ તેઓએ 2002માં ગાંધીનગર સીટ પરથી વિધાનસભા ચૂંટણી લડી હતી અને તે સમયના ભાજપના મંત્રીને મોટી સરસાઈથી હરાવ્યા હતા. આમ, એક વહીવટીય અધિકારીની રાજકીય સફરની શરૂઆત થઈ હતી.

વર્ષ 2002ની ચૂંટણીમાં ગાંધીનગર વિધાનસભા બેઠક પરથી તેઓ ચૂંટણી લડ્યા હતા. જેમાં ભાજપના વાડીભાઈ પટેલને 20025 મતથી હરાવી પ્રથમ વખત ધારાસભ્ય બન્યા હતા. વર્ષ 2007ની વિધાનસભા ચૂંટણીમાં ગાંધીનગર વિધાનસભા બેઠક પરથી તેઓ ચૂંટણી લડ્યા હતા. જેમાં ભાજપના શંભુજી ઠાકોર સામે 3748 મતથી હાર થઈ હતી. વર્ષ 2017ની ચૂંટણીમાં સી.જે. ચાવડા કોંગ્રેસ તરફથી ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં ચૂંટણી લડ્યા હતા.

જેમાં ભાજપના અશોક પટેલ સામે 4774 મતના માર્જીનથી જીત મેળવી હતી. વર્ષ 2019ની લોકસભા ચૂંટણીમાં ગાંધીનગર લોકસભા બેઠક પરથી ગૃહ મંત્રી અમિત શાહ સામે ચૂંટણી લડ્યા હતા. જેમાં 5,57,014 મતના માર્જીનથી તેમની હાર થઈ હતી. વર્ષ 2022ની વિધાનસભા ચૂંટણીમાં વિજાપુર વિધાનસભા બેઠક પરથી તેઓ ચૂંટણી લડ્યા અને ભાજપના રમણ પટેલને 7053 મતથી હરાવી ફરીથી ચૂંટાયા છે. કોંગ્રેસના દંડક તરીકે ગત સરકારમાં તેમણે ફરજ બજાવી છે.

# ગાંધીનગરમાં એક જ વર્ષમાં 68 હજારથી વધુ નવા વાહનોની નોંધણી

■ આરટીઓને ૨૦૨૩માં ૨૫૨ કરોડની આવક થઇ

ગુજરાત | વંદન

ગાંધીનગરની મોડેલ આરટીઓ આમ તો વારંવાર ટ્રેકની ખામીને કારણે પંકાયેલું છે પરંતુ આરટીઓ દ્વારા છેલ્લા એક વર્ષમાં સરકારને સૌથી વધુ ૨૫૨ કરોડ રૃપિયાથી વધુની આવક રળી છે. ત્યારે વર્ષ ૨૦૨૩ દરમ્યાન ગાંધીનગર આરટીઓમાં ૬૮ હજારથી વધુ વાહનોનું રજીસ્ટ્રેશન થયું છે. જે અત્યાર સુધી સૌથી વધુ અને ગત વર્ષની સરખામણીએ આઠ હજાર વધુ હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગુજરાત રાજ્યની મોડેલ આરટીઓ તરીકે પ્રસ્થાપીત થયેલી ગાંધીનગર આરટીઓ છેલ્લા બે ત્રણ મહિનાથી ટેકનીકલ ખામીઓ અને કૌભાડોને કારણે ચર્ચામાં રહ્યું છે. ટ્રેક બે મહિનાથી ચાલુ રહ્યા કરતા બંધ વધુ રહ્યો છે વિવિધ ખામીઓ હોવા છતા છેલ્લા બે-ત્રણ વર્ષથી ટુ અને ફોર વ્હિલર વધુ વેચાવાને કારણે આરટીઓની આવકમાં વધારો થયો છે. આ ઉપરાંત ગાંધીનગર કોર્પોરેશનની હદ વિસ્તરતા આરટીઓ દ્વારા ટેક્સની આવકમાં પણ વધારો થયો છે. આ વિક્રમી આવક થવાની સાથે આ એક જ વર્ષ દરમ્યાન નવા વાહનોનુ વિક્રમી વેચાણ અને રજીસ્ટ્રેશન થયું હોવાનું પણ આરટીઓના સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

આ વર્ષ ૨૦૨૩ને ગત વર્ષ ૨૦૨૨ સાથે સરખાવીએ તો વર્ષ ૨૦૨૨માં કુલ ૬૦,૦૧૬ જેટલા વાહનો આરટટીઓમાં રજીસ્ટ્રર થયા હતા જેમાંથી કુલ ૨૧૨ કરોડ રૃપિયાની આવક થઇ હતી. ત્યારે વર્ષ ૨૦૨૩માં આરટીઓમાં કુલ ૬૮,૧૮૪ વાહનોનું રજીસ્ટ્રેશન થયું છે.જેમાં ૩૪,૯૩૯ ટુ વ્હિલર તેમજ ૨૨,૯૨૯ ફોર વ્હિલર તથા ૩,૬૭૮ થ્રી વ્હિલરનો સમાવેશ થાય છે. જેમાંથી આરટીઓએ કુલ ૨૫૨ કરોડ કરતા પણ વધુ રૃપિયાની આવક કરી છે.

સરકાર દ્વારા સબસીડી સહિતની ઘણી બધી સ્કિમો આપવામાંઆવતી હોવા છતા ગાંધીનગરમાં ઈલેક્ટ્રીક વ્હિકલનું વેચણ પ્રમાણમાં ખુબ જ ઓછું છે. કુલ ૬૮ હજારથી વધુ વાહનો એક જ વર્ષમાં વેચાયા છે કે ગાંધીનગર આરટીઓમાં રજીસ્ટ્રેશન થયા છે તેની સાથે ફક્ત ૧,૯૬૫ વાહનો જ ઈલેક્ટ્રીક વ્હિલક હોવાનું જાણવા મળી રહ્યું છે.

### સૌથી વધુ ફરિયાદો ડ્રેનેજના પાણી બ્રેક મારવા કે ડ્રેનેજ ચોકઅપ થવા અંગેની મળી

# કોર્પોરેશનને એક જ વર્ષમાં પ્રાથમિક સુવિધાને લગતી 5 લાખ કરતા વધુ ફરિયાદો કરાઈ

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે તહેવારો, ઉત્સવો અને મહોત્સવ માટે કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે તેમજ મ્યુનિ. કમિશ્નરના ડ્રાફ્ટ બજેટ અને શાસક પક્ષના સુધારા બજેટમાં પણ મોટી મોટી જાહેરાતો કરવામાં આવે છે પરંતુ આ જાહેરાતોનો અમલ માત્ર નરી આંખે દેખી શકાય તેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જ થાય છે.

જ્યારે 'નગર' એટલે કે નળ, ગટર, રોડ, જેવી પ્રાથમિક સુવિધાઓથી નાગરિકો મોટેભાગે વંચિત જ રહે છે જેના કારણે નાગરિકો દ્વારા પ્રાથમિક સવલતો માટે ફરિયાદો કરવામાં આવે છે. ૨૦૨૩ના પૂર્ણ થયેલ વર્ષ દરમિયાન અમદાવાદીઓએ નળ, ગટર, રોડ અને લાઈટ જેવી પ્રાથમિક સુવિધા માટે ૫ લાખ કરતા પણ વધુ ફરિયાદો કરી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ૯



હજાર કરોડ કરતા પણ વધુ રકમનું બજેટ જાહેર કરવામાં આવ્યું છે પરંતુ તંત્રના આ બજેટમાં ઈમાનદારી પૂર્વક ટેક્ષ ભરપાઈ કરનાર નાગરિકો માટે કોઈ જ સ્થાન નથી જે બાબત નાગરિકો તરફથી કરવામાં આવેલી ફરિયાદો પરથી પુરવાર થાય છે. મ્યુનિ. કોર્પો.ની સીસીઆરએસ સુવિધા પર ૨૦૨૩ના વર્ષ દરમિયાન શહેરીજનોએ ૫ લાખ કરતા પણ વધુ ફરિયાદો કરી હતી.

જેમાં સૌથી વધુ ડ્રેનેજને લગતી છે. શહેરીજનોએ ડ્રેનેજના પાણી બ્રેક મારવા કે ડ્રેનેજ ચોકઅપ થવા અંગે ૨૭૩૮૯૫ ફરિયાદો કરી હતી જેમાં સૌથી વધુ ઉત્તર ઝોનમાં ૭૦૨૧૮ અને મધ્યઝોનમાં ૬૬૭૮૫ ફરિયાદ કરવામાં આવી હતી. ઉત્તર ઝોનના સરસપુર વોર્ડમાં ૨૦૫૭૯ અને બાપુનગર વોર્ડમાં ૧૩૪૦૫ ફરિયાદ માત્ર ડ્રેનેજને લગતી જ નોંધાઈ હતી. તેવી જ રીતે મધ્યઝોનમાં પણ ડ્રેનેજ બેકીગની સમસ્યા અંગે ઘણી બધી ફરિયાદો જોવા મળી હતી

જેમાં અસારવા વોર્ડમાં ૧૫૦૭૪, જમાલપુર-૧૨૭૪૭ અને ખાડિયામાં ૧૧૮૮૮ ફરિયાદ નોંધાઈ હતી. જ્યારે શહેર મેયરના વોર્ડમાં ડ્રેનેજને લગતી ૧૦૬૦૩ ફરિયાદ કન્ફર્મ થઈ હતી. દક્ષિણ ઝોનના બહેરામપુરા વોર્ડમાં ગટર બેક મારવાની ૮૨૯૫ મણિનગર-૯૪૨૬, લાંભા-૮૦૭૦ અને દાણીલીમડામાં ૭૮૭૭ ફરિયાદ નાગરિકો દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવી હતી.

પૂર્વ ઝોનના અમરાઈવાડી વોર્ડમાં ૮૨૯૦, ગોમતીપુર-૩૫૪૮, ઉ.પ.ઝોનના ગોતા વોર્ડમાં ૨૯૬૦ ફરિયાદ માત્ર ડ્રેનેજ બેકીગને લગતી નોંધાઈ હતી તેવી જ રીતે પાણીના અપુરતા પ્રેશર, પ્રદુષિત પાણી કે પાણી સપ્લાય ન થવા અંગે ૨૦૨૩ના વર્ષમાં ૬૨૪૦૫ ફરિયાદ નોંધાઈ હતી જેમાં સૌથી વધુ પશ્ચિમ ઝોનમાં ૧૫૯૪૯, ઉત્તર ઝોનમાં ૧૨૦૩૧ અને દક્ષિણમાં ૧૧૫૧૪ ફરિયાદ નોંધવામાં આવી હતી.

દક્ષિણ ઝોનના લાંભા વોર્ડમાં પાણીને લગતી ૧૯૦૦, વટવા-૧૭૦૬ અને દાણીલીમડામાં ૧૫૯૨ ફરિયાદ નોંધાઈ હતી. શહેરના જોધપુર વોર્ડમાં ૧૧૯૯, સરખેજ-૧૨૪૬, થલતેજ-૧૯૭૨, સરદારનગર-૨૪૧૬ અને સરસપુરમાં ૨૧૯૦ ફરિયાદ માત્ર પાણીને લગતી નોંધાઈ હતી. તેવી જ રીતે સ્ટ્રીટ લાઈટ માટે વર્ષ દરમિયાન ૯૪૮૨૨, રોડ માટે ૩૫૨૪૯, ફુટપાથ માટે ૨૧૬૯૯, અને સફાઈ માટે ૪૨૬૭૦ ફરિયાદો નાગરિકો દ્વારા કરવામાં આવી હતી.

### વૃંદાવન ગૌધામ, સેક્ટર-30 માં ગાયોને 131 મણ લીલું ઘાસ નીર્યું

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સેવાકીય પ્રવૃતિઓ દ્વારા જન્મદિવસ ઉજવ્યો

ગુજરાત | વંદન

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સેવાકીય અને પુણ્યકાર્યોમાં જન્મદિવસ વિતાવ્યો હતો. રાજભવન પરિવાર દ્વારા રાજભવનનામાં રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. જન્મદિવસની પૂર્વ સંધ્યાએ રાજ્યપાલએ ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત વૃંદાવન ગૌધામ, સેક્ટર-૩૦ માં ગાયોને ૧૩૧ મણ લીલું ઘાસ નીર્યું હતું.

અમરેલીના બગસરામાં તેમણે શ્રી સ્વામિનારાયણ મંદિરના દિવ્યમૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશે માર્ગદર્શન આપ્યું હતું. અમરેલી જિલ્લાના પાંચ ગામના સરપંચોએ પ્રાકૃતિક કૃષિ અપનાવવાનો સંકલ્પ લઈને રાજ્યપાલ શ્રીને જન્મદિવસની ભેટ આપી હતી. તો પ્રાકૃતિક



ખેતી કરતા ૧૧ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત ૧૧ ખેત પેદાશો રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીને ભેટ આપી હતી.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જન્મદિવસની સવારે રાજભવન પરિસરમાં યજ્ઞશાળામાં ની મંગલકામના સાથે યજ્ઞ-હવન કર્યો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના જન્મદિવસ નિમિત્તે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂ, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ અને લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ ટેલીફોન દ્વારા શુભકામનાઓ પાઠવી હતી.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જન્મદિવસની શુભકામનાઓ પાઠવવા રાજભવન પધાર્યા હતા. તેમણે ઉષ્માભેર શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્ય સચિવરાજકુમાર, મંત્રીમંડળના વરિષ્ઠ સભ્યો અને વરિષ્ઠ અધિકારીઓએ રાજભવન આવીને રાજ્યપાલને શુભકામનાઓ પાઠવી હતી. રાજ્યપાલએ સૌ મહાનુભાવોનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદ તથા ગાંધીનગર અને અમદાવાદ સિવિલ હોસ્પિટલના સહયોગથી યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૭૧૭ યુનિટ રક્ત એકત્ર કરાયું હતું. રાજ્યપાલે રક્તદાતાઓનો આભાર માનતાં કહ્યું કે, જન્મદિવસ નિમિત્તે રક્તદાન કરીને આપે સમાજને ઉપયોગી ઉમદા સેવાકાર્ય કર્યું છે. ડૉ. શશાંક સિમ્પી અને તેમની ટીમે રક્તદાન કેમ્પમાં સારી સેવાઓ આપી હતી.

# સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ગુજરાત સતત ચોથી વાર અગ્રેસર

## ગુજરાતમાં 9200થી વધુ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ કાર્યરત

ગુજરાત | વંદન

16 જાન્યુઆરી રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ ની ઉજવણીના ભાગ રૂપે, DPIIT એ નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સ 2023 અને રાજ્યોના સ્ટાર્ટઅપ રેન્કિંગ ફ્રેમવર્કની 4થી આવૃત્તિના વિજેતાઓની જાહેરાત કરી હતી, જે સ્ટાર્ટઅપ ઈન્ડિયા હેઠળની બે મુખ્ય પહેલ છે. આ અનૂવયે ગુજરાતે સતત ચોથી વાર સ્ટાર્ટઅપ રેન્કિંગમાં બેસ્ટ પર્ફોર્મર સ્ટેટનું ગૌરવ મેળવ્યું છે.

આ પ્રસંગે ગુજરાત સીએમ ભૂપેન્દ્ર પટેલે આ ગૌરવ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે રાજ્ય સરકારના ઉદ્યોગ વિભાગ અને સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકોને અભિનંદન પાઠવ્યા હતા. નેશનલ સ્ટાર્ટઅપ-ડે ના અવસરે નવી દિલ્હીમાં સ્ટાર્ટઅપ રેન્કિંગ-૨૦૨૨ના પરિણામોનું અનાવરણ કેન્દ્રીય ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે કર્યું હતું.

ગુજરાતમાં 9200 થી વધુ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ છે. એટલું જ નહીં, રાજ્ય સરકારે યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રારંભિક સ્તરે સહાય માટે રૂ. 1 હજાર કરોડના ભંડોળ સાથે 'ગુજરાત યંગ એન્ટરપ્રેન્યોર્સ વેન્ચર ફંડ' શરૂ કરીને પ્રોત્સાહન પણ પૂરું પાડ્યું છે. આ ઉપરાંત સસ્ટેઇનનૂસ એલાઉન્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર આસિસ્ટન્સ, મોનિટરીંગ આસિસ્ટન્સ અને




માર્કેટીંગ એલાઉન્સ જેવી સુવિધા સહાય પણ આપવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં સ્ટાર્ટઅપને વધુ વ્યાપક અને વેગવાન બનાવવા રાજ્ય સરકારે મહત્વ આપ્યું છે. તાજેતરમાં સંપન્ન થયેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-2024ની પ્રિ-વાઈબ્રન્ટ ઈવેન્ટરૂપે સ્ટાર્ટઅપ કોન્ક્લેવ તથા વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન સેમિનારનું પણ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ સરકાર તરફથી બહુવિધ લાભો માટે પાત્ર છે જેમાં શ્રમ કાયદાઓ અને પર્યાવરણીય કાયદાઓનું પાલન સ્વ-પ્રમાણપત્ર, પેટન્ટ અરજીઓમાં સહાય, આવકવેરા કાયદાની કલમ 80IAC હેઠળ કર મુક્તિ અને વધુનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારને સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોગ્રામના સફળતાપૂર્વકના અમલીકરણ માટે ૨૦૧૭માં પ્રાઈમ મિનિસ્ટર એવોર્ડ ફોર એક્સેલેન્સ ઈન પબ્લિક એડમિનિસ્ટ્રેશન પણ એનાયત થયેલો છે. ભૂપેન્દ્ર પટેલ આ પ્રસંગે કહ્યું કે, હું તમામ યુવા ઉદ્યોગ સાહસિકોનો આભાર વ્યક્ત કરૂ છું. રાજ્ય સરકાર 'આઈ ક્રિએટ' દ્વારા યુવા ઉદ્યોગ સાહસિકોને ઈન્કયુબેશન સપોર્ટ આપીને પણ રાજ્યમાં સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમને વધુ વ્યાપક બનાવવા પ્રતિબદ્ધ છે. તમારા બધાની ફલશ્રુતિએ ગુજરાત સ્ટાર્ટઅપ રેન્કિંગમાં સતત ચોથી વાર અગ્રેસર રાજ્ય બન્યું છે.

### પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયો

# નાગરીકોને ૧૬.૯૦ લાખનો મુદ્દામાલ પોલીસે પરત અપાવ્યો

ગુજરાત | વંદન

સુરત સીટી પોલીસ બાદ ખેડા જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાના માર્ગદર્શન હેઠળ સૌપ્રથમ વખત નડિયાદ ડિવિઝનમાં ખોવાયેલ, ચોરાયેલ, કબ્જે લીધેલ મુદ્દામાલને ભોગબનનારને પરત સોંપવાનો ખાસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પોલીસે કોર્ટની ઝડપી પ્રોસેસને પૂર્ણ કરી આ મુદ્દામાલ ભોગ બનનાર સુધી પહોંચાડ્યો છે. આ ખાસ કાર્યક્રમમાં ૧૬.૯૦ લાખનો મુદ્દામાલ ૩૦ ભોગ બનનારને પરત અપાયો છે.આ કાર્યક્રમ ના પગલે અમદાવાદ શહેરના એ નાગરિકોમાં પણ એવી લાગણી પ્રવર્તી રહી છે કે





શહેર પોલીસે પણ આ પ્રકારનો કાર્યક્રમ યોજીને ફરિયાદી કે ભોગ બનનાર નાગરિકને તેમનો મુદ્દા માલ શોધીને પરત મળે તેવા પ્રયાસો કરવા જોઈએ. નડિયાદમાં પોલીસ કોમ્યુનિટી હોલ ખાતે ખેડા જિલ્લા પોલીસ વિભાગ નડિયાદ ડિવિઝન દ્વારા આયોજિત 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયો હતો. નાગરીકોની સલામતી અને જિલ્લામાં કાયદો, વ્યવસ્થા જળવાય રહે તે દિશામાં સતત પ્રયત્નશીલ જિલ્લા પોલીસ દ્વારા સૌપ્રથમ વખત આ કાર્યક્રમ યોજાયો છે. જેમાં નડિયાદ ડિવિઝનમાં ખોવાયેલ, ચોરાયેલ, કબ્જે લીધેલ મુદ્દામાલને કોર્ટની ઝડપી પ્રોસેસથી પરત સોંપવાનો ખાસ કાર્યક્રમ યોજાયો હતો. આજે યોજાયેલા આ ખાસ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયા, નડિયાદ ડિવિઝનના ડીવાયએસપી વી.આર.બાજપાઈ સહિત પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૩૨ આર્ટીકલ્સ ૧૬ લાખ ૯૦ હજાર ૫૦૦નો મુદ્દામાલ જેમાં દાગીના, વાહન વિગેરેનો સમાવેશ થાય છે.

# લોકસભા ચૂંટણી: ભાજપ મહિલા મોરચા દ્વારા અમદાવાદમાં વોકેથોનનું આયોજન કરવામાં આવ્યું

ગુજરાત | વંદન

લોકસભા ચૂંટણી નજીક છે, ત્યારે તમામ પાર્ટીઓ પોતાની તાકાત લગાવી રહી છે. ગુજરાતની 26 સીટ માટે પણ કાંટે કી ટક્કર થવાની છે. ભાજપે 26 બેઠકો પર ત્રીજી વાર જીત મેળવવા માટે કમર કસી છે. ગુજરાતમાં લોકસભા ચૂંટણી પહેલા ભાજપ મહિલા મોરચા દ્વારા પણ પ્રચાર પ્રસાર શરુ કરવામાં આવ્યો છે.




લોકસભા ચૂંટણી પહેલાં ભાજપના વિવિધ મોરચા દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. ભાજપ મહિલા મોરચા દ્વારા અમદાવાદમાં વોકેથોનનું આયોજન કરવામાં આવ્યુ. ટાઉન હોલથી ઈન્કમટેક્સ સુધી વોકેથોનનું આયોજન કરવામાં આવ્યુ છે. યુવા અને પ્રથમ મતદાર હોય તેવી યુવતીઓ મોટી સંખ્યામાં આ વોકેથોનમાં જોડાઈ હતી.

લોકસભા ચૂંટણીને હવે થોડા દિવસ અને ગણતરીના મહિના બચ્યા છે ત્યારે તમામ પાર્ટીઓએ પોત પોતાની સ્ટ્રેટેજી રચવાની શરૂઆત કરી લીધી છે. ભાજપે પોતાના ચૂંટણી મિશનની તૈયારીઓની શરૂઆત કરી લીધી છે. ભાજપ આ વખતે પણ 26 બેઠકો જીતવાનો ધ્યેય રાખે છે. ત્યારે આજે 26માંથી 26 જીતવાના પ્રયત્નના ભાગરૂપે મહિલા મોરચાએ પણ પોતાનો ફાળો આપ્યો છે.

# સાધુ સંતોનું પહેલુ ગ્રુપ અયોધ્યા જવા રવાના

ગુજરાત | વંદન

550 વર્ષના સંઘર્ષ બાદ શ્રી રામ પોતાના નીજ મંદિરમાં પધારી રહ્યા હોવાનો આનંદ દેશભરમાં જોવા મળી રહ્યો છે.ત્યારે સાધુ સંતોનું પહેલું ગ્રુપ અયોધ્યા જવા માટે રવાના થયો છે. સંતો અમદાવાદ એરપોર્ટથી ફ્લાઈટમાં અયોધ્યા જવા માટે રવાના થયો છે. VHPના નેતાઓએ સંતોને આપી વિદાય છે. તેમજ 370 થી વધારે સંતો અને સાધુઓ ગુજરાતથી અયોધ્યા જશે.

રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાને લઈને દેશભરમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો છે. અમદાવાદના અલગ અલગ બજારોમાં વિવિધ આયોજન કરવામાં આવી રહ્યું છે.ત્યારે વાત જો મણિનગર ગોપાલ ટાવરની કરવામાં આવે તો અહીં વિશેષ સજાવટ કરવામાં આવી છે.તમામ વેપારીઓએ મળઈને પ્રાણ પ્રતિષ્ઠાને લઈને વિશેષ આયોજન કર્યું છે.


### 14 જિલ્લા માંથી પસાર થઇ 22મીએ અંબાજી ખાતે સમાપન

# રાજ્યના આદિવાસીઓને આવરી લેતી "વન સેતુ ચેતના યાત્રા"નો પ્રારંભ

ગુજરાત | વંદન

નવસારી જિલ્લાના ભીનાર ખાતે આવેલા 'જાનકી વન' થી શરૂ થનારી આ દિવસીય યાત્રા, 14 જિલ્લાના આદિજાતિ ગામો માંથી પસાર થઈ અંદાજિત 1000 કી.મીનું અંતર કાપી તા.22 જાન્યુઆરીએ અંબાજી ખાતે પૂર્ણ થશે

લોકસભા ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે હવે આદિવાસી મત વિસ્તારોને લઈ ભાજપે મોટી કવાયત શરૂ કરી છે. આદિજાતિ મતદાતાઓને સ્પર્શતી 5 દિવસની "વન સેતુ ચેતના યાત્રા"નો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નવસારીના સાસંદ સી.આર. પાટીલના હસ્તે આજે એટલે કે 18 જાન્યુઆરીના રોજ નવસારી



જિલ્લાના ભીનાર ખાતે આવેલા 'જાનકી વન' ખાતેથી પ્રસ્થાન કરવામાં આવી છે.

આ યાત્રા વલસાડ, નવસારી, ડાંગ, તાપી, સુરત, ભરુચ, નર્મદા, પંચમહાલ, છોટાઉદેપુર, દાહોદ, મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠા અને બનાસકાંઠા એમ કુલ 14 જિલ્લામાંથી પસાર થઈ અંદાજિત 1000 કી.મીનું અંતર કાપી તા.22 જાન્યુઆરીએ અંબાજી ખાતે પૂર્ણ થશે. આદિજાતિ બાંધવોને સ્પર્શતી 5 દિવસની વન સેતુ ચેતના યાત્રામાં અંદાજિત 51 જેટલા આદિજાતિ તાલુકાના ગામોના અંદાજિત 3 લાખ આદિવાસી ભાઈઓ બહેનોને સાંકળી લેવામાં આવશે. આ યાત્રાના માર્ગમાં આવતા દરેક જિલ્લામાં 1 સ્ટેજ પ્રોગ્રામ અને 3 સ્થળોએ સ્વાગત કાર્યક્રમ, રાત્રીના સમયે ભજન સંધ્યા કાર્યક્રમ તેમજ યાત્રાના માર્ગમાં આવતા પ્રસિધ્ધ મંદીરોએ દર્શન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા દરમ્યાન વનસહભાગી મંડળીઓ જોડે મુલાકાત અને સંવાદ, મહિલા સ્વસહાય જૂથો સાથે મુલાકાત, વિશેષ સિધ્ધી પ્રાપ્ત કરનાર આદીવાસીઓનું સન્માન, સરકારના 20 વર્ષની સિધ્ધીઓનો અહેવાલ, રામમંદીર પ્રાણ પ્રતિષ્ઠાની સકારાત્મક ઉજવણી, સરકારી યોજનાઓની સમીક્ષા કરાશે.

# રામ મંદિર સમારોહને કારણે 22મીએ શાળાઓમાં રજા આપવા શિક્ષકોની માગણી

ગુજરાત | વંદન

અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈ દેશભરમાં ધાર્મિક માહોલ જામ્યો છે. આ માટે દરેક શહેર અને દરેક ગામમાં ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરેક હિન્દૂ પરિવારો દ્વારા હિસ્સો લઈને રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે સુંદર આયોજન હાથ ધરવામાં આવી રહ્યા છે. અમદાવાદ શહેરના શિક્ષકોએ સોમવારે જાહેર રજાની માંગ કરી છે.

દેશભરમાં રામ મંદિરને લઈ રામમય માહોલ સર્જાયો છે. દરેક ગામ અને શહેરમાં રામ મંદિર મહોત્સવને લઈ ધાર્મિક માહોલ જામ્યો છે. આ દરમિયાન હવે અમદાવાદ શહેરના શિક્ષકોએ શાળાઓમાં રજાની માંગણી કરી છે. અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક



મંડળે રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગને પત્ર લખીને રજાની માંગ કરી છે. આ માટે મુખ્યપ્રધાન અને રાજ્યના શિક્ષણ પ્રધાનને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે.

શાળાઓમાં રજા રાખવાને લઈ શિક્ષક મંડળે બતાવ્યુ છે કે, રજા રાખવાથી વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકો પોતાના પરિવાર સાથે આ શુભ ઘડીનો હિસ્સો બની ઉજવણી કરી શકશે. ધાર્મિક કાર્યક્રમમાં હિસ્સો લઈ શકાશે અને તેમના વિસ્તાર અને ગામના મંદિરોમાં સફાઈ કાર્યક્રમમાં જોડાઈ શકાશે.

# સિટી ગોલ્ડ સિનેમા સહિત બાકીદારોને પ્રોફેશનલ ટેક્સ ભરવા નોટિસો ફટકારાઈ

**પ્રોફેશનલ ટેક્સ ન ભરનારાઓની મિલકતોને સીલ પણ કરવામાં આવશે: AMC**

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્રોફેશનલ ટેક્સની વસૂલાતને સઘન બનાવવા માટે ગત ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ હેઠળ સરસપુરના સિટી ગોલ્ડ સિનેમા સહિતના એકમોને પ્રોફેશનલ ટેક્સ ભર્યો ન હોવાથી તેમને નોટિસ ઈશ્યુ કરી આ ટેક્સ તાકીદે ભરવાની સૂચના આપવામાં આવી છે.

પ્રોફેશનલ ટેક્સ વિભાગ દ્વારા શહેરના પશ્ચિમ ઝોનમાં તેજ આઈ. સુપર ઈન હોટલ વગેરેની મુલાકાત લેવામાં આવી હતી,તેમજ આ તમામ એકમોને પ્રોફેશનલ ટેક્સના નિયમો અંગે




જાણકારી આપવામાં આવી હતી. ઉત્તર પશ્ચિમ ઝોનમાં મે ફ્લાવર અને સન ફ્લાવર હોસ્પિટલની મુલાકત દરમિયાન સન ફ્લાવરના બાકી પ્રોફેશનલ ટેક્સની રિકવરી પેટે રૂ. ૫૧,૯૩૨નો ચેક જમા કરવામાં આવ્યો હતો.

જ્યારે શહેરના મધ્ય ઝોનમાં ગુજરાત ક્લબની અગાઉની મુલાકાત પેટે રૂ. ૪૮,૯૮૯ ની રિકવરી કરવામાં આવી હતી. પ્રોફેશનલ ટેક્સન ભર્યો હોય કે અપૂરતો ભર્યો હોય તેવા કિસ્સામાં નોટિસ ફટકારવામાં આવી રહી છે. તંત્રએ કુલ ૩૧૦ પ્રોફેશનલ ટેક્સધારકોને નોટિસ ઈસ્યુ કરીને કુલ રૂ. ૮,૭૮,૦૩૩ની રિકવરી કરવામાં આવી હતી. ઉપરાંત નવા નરોડામાં ઓજસ વિદ્યાલય, બાપુનગરમાં ઓરેન્જ સિનેમા,કેજી એન્ટરપ્રાઈઝ વગેરે એકમોએ પણ પ્રોફેશનલ ટેક્સ ભર્યા ન હોવાથી તેમને નોટિસ ફટકારી આ ટેક્સ તાકીદે ભરવાની સૂચના અપાઈ હતી.

દરમિયાન, આવિભાગના ડેપ્યુટી એસેસર અને ટેક્સ કલેક્ટર ચેતવણી આપતા જણાવે છે કે, આગામી દિવસોમાં આ ઝુંબેશ વધુ વેગવંતી બનાવી પ્રોફેશનલ ટેક્સ ન ભરનારાઓની મિલકતોને સીલ પણ કરવામાં આવશે.


### તંત્રએ બાંધકામને તોડીને બાંધકામકર્તા પાસેથી રૂ. 25000નો વહીવટી ચાર્જ પણ વસૂલ્યો

# મ્યુનિ. તંત્ર દ્વારા રામોલ-હાથીજણમાં ગેરકાયદે બાંધકામ દૂર કરાયા .....

ગુજરાત | વંદન

અમદાવાદ, મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ ઝોનમાં એસ્ટેટ અને ટીડીઓ વિભાગની ટીમ દ્વારા રામોલ-હાથીજણ વોર્ડમાં ઈન્ડસ્ટ્રિયલ પ્રકારના એક ગેરકાયદે બાંધકામને તોડી નાખવામાં આવ્યું હતું. રામોલ-હાથીજણ વોર્ડની ટીપી સ્કીમ નં. ૧૦૭ ના ફાઈનલ પ્લોટ નં. ૧૦૨/પૈકીમાં આવેલા શ્રીહરિ એસ્ટેટના ખાંચામાં ૭૫૦ ચોરસ ફૂટનું ઈન્ડસ્ટ્રિયલ પ્રકારનું ગેરકાયદે બાંધકામ ઉભું કરાયું હતું.

તંત્રએ આ બાંધકામને તોડી પાડીને બાંધકામકર્તા પાસેથી રૂ. ૨૫૦૦૦નો વહીવટી ચાર્જ પણ વસૂલ્યો હતો. આ ઉપરાંત વસ્ત્રાલમાં ૬૦ ઝૂંપડાને મ્યુનિસિપલ રિઝર્વ પ્લોટમાંથી દૂર કરવામાં આવ્યા હતા. જ્યારે શહેરના ઉત્તર પશ્ચિમ ઝોનમાં ગુજરાત હાઈકોર્ટના નિર્દેશ મુજબ બોડકદેવ, થલતેજ,ગોતા અને ઘાટલોડિયામાં આવેલા વીઆઈપી રોડ પરના




તેમજ ફૂટપાથ પર પાર્ક કરેલા ચાર ટુ વ્હીલર, આઠ ફોર વ્હીલર, ત્રણ છતવાળી લારી, પાંચ સાદી લારી,નવ પ્લાસ્ટિકના સ્ટૂલ, પાંચ લોખંડના ટેબલ, લોખંડની ૨૪ એંગલ, ૧૩ તાડપત્રી, ૪૭ જાહેરાતના બોર્ડ, ૩૭ બેનર-પતાકા, ૧૪ કેરેટ અને ૬૨ પરચૂરણ માલસામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત જાહેર રોડ પર ગંદકી કરવાના મામલે, નો હોકિંગ ઝોનમાં લારીઓ મૂકી દબાણ કરવાના મામલે તેમજ નો પાર્કિંગ ઝોનમાં વિહિકલ પાર્ક કરવાના મામલે તંત્રએ કસૂરવારો પાસેથી રૂ. ૧૧૫૦૦નો દંડ પણ વસૂલ્યો હતો.

પૂર્વ ઝોનના વસ્ત્રાલમાં આઠ વાહનોને તાળાં મારીને રૂ. ૧૬૦૦, અમરાઈવાડીમાં નવ વાહનોને તાળાં મારીને રૂ. ૨૭૦૦, રામોલ-હાથીજણમાં પાંચ વાહનોને તાળાં મારીને રૂ. ૫૦૦૦, ગોમતીપુરમાં ચાર વાહનોને તાળાં મારીને રૂ. ૧૨૦૦, નિકોલમાં નવ વાહનોને તાળાં મારીને રૂ. ૧૮૦૦, વિરાટનગરમાં આઠ વાહનોને તાળાં મારીને રૂ. ૩૦૦૦, ભાઈપુરાં ત્રણ વાહનોને તાળાં મારીને રૂ. ૧૫૦૦ અને ઓઢવ વોર્ડમાં આઠ વાહનોને તાળાં મારીને રૂ. ૨૦૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

## સંપાદકીય....

## સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા...



ભારતની પાવન નદીઓ ગંગા-જમનામાં એટલુ પાણી વહી ગયું કે આઝાદ ભારત 26, જાન્યુઆરી, 1950ના રોજ પ્રજાસ્તાક બન્યાને જોતજોતામાં 75મા વર્ષે પહોંચી ગયું છે. આમ તો અંગ્રેજોની 200 વર્ષની ગુલામીમાંથી સોને કી ચિડિયા ભારત 15 ઓગસ્ટ,1947ના રોજ મુક્ત થયું

પણ આ આઝાદ દેશ કઇ રીતે ચાલશે તેનું બંધારણ સ્વીકારીને 26 જાન્યુ.1950ના રોજ અમલમાં મૂકાયું અને આઝાદ ભારત ગણતંત્ર કે પ્રજાસત્તાક બન્યું. અને 1952માં સૌથી પહેલી લોકસભાની ચૂંટણીઓ યોજાઇ અને આઝાદ ભારતના આઝાદ નાગરિકોને 200 વર્ષમાં પહેલીવાર મતાધિકાર મળ્યો, વિશ્વમાં લોકશાહી ધરાવતા દેશોની જેમ ભારતમાં પણ પોતાની પસંદગીની સરકારને પસંદ કરવાનો બંધારણીય અધિકાર મળ્યો.

ગણતંત્ર દિવસે દેશની રાજધાની નવી દિલ્હીના રાજપથ (હવે કર્તવ્યપથ) પર ભારતની સૈન્ય તાકાતનું પ્રદર્શન, સૈન્ય પરેડ, આકાશમાં સૈન્ય હેલિકોપ્ટરની ઘરેરાટી, સૈન્ય બેન્ડની સૂરાવલિના રેલાતા સૂરની વચ્ચે વિદેશી મહાનુભાવની હાજરી અને એક પછી એક રાજ્યની સંસ્કૃતિના દર્શન કરાવતી રંગબેરંગી ઝાંખીઓની સાથે સમગ્ર વાતાવરણ એવુ બને કે પછી એમ જ કહેવુ પડે-સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા..હમ બુલ બુલે હૈ ઇસકી યે ગુલસિતાં હમારા...!! ભારત આજે 21મા સદીમાં છે અને 21મી સદીના પ્રથમ 25 વર્ષ પૂર્ણ થવાના આરે છે ત્યારે આજે વિશ્વભરમાં ભારતના નામનો ડંકો વાગી રહ્યો છે. ભારત પર દુનિયાનો વિશ્વાસ વધ્યો છે. અને એમ કહી શકાય કે ભારત હવે વિશ્વમાં પાંચમાં પૂછાતો થયો છે. ભારતે 75 વર્ષમાં અનેક તડકી છાંયડી જોઇ છે. પાકિસ્તાન સાથે યુધ્ધો જોયા છે તો પડોશમાં નવા દેશનો જન્મ પણ આપ્યો છે. વિશ્વ ફલક પર દગાબાજ ચીને ભારતને પરેશાન કરવા અને ખાસ કરીને હિન્દ મહાસાગરમાં કમજોર બનાવવા માલદીવ પર દબાણ વધાર્યું છે. જો કે તેના મૂળમાં માલદીવના મંત્રીની બદમીઝી જવાબદાર છે. ભારતને કેનેડાએ પણ બદનામ કર્યું પણ તેના નાગરિક અને ભારતના દુશ્મન ખાલિસ્તાની નિજ્જરની હત્યામાં ભારતના હાથ અંગેના કોઇ પુરાવા આપ્યા નથી. દરેક દેશની સામે વિવિધ પડકારો તો આવતા જ હોય છે. ભારત આવા પડકારોનો સામનો કરીને અને તેને પરાસ્ત કરીને અમૃતકાળમાં પ્રગતિના રસ્તે કદમ સે કદમ મિલાવીને 2047ની તરફ આગળ વધી રહ્યું છે કે જ્યારે એ વખતે ભારતની આઝાદીને એક સદી પૂર્ણ થશે. તેની ઉજવણીની તૈયારીઓ અત્યારથી આરંભાઇ ગઇ છે. એથી વધુ રૂડુ બીજુ શું હોઇ શકે..?! પ્રજાસત્તાક દિને સૌ દેશવાસીઓને ગુજરાત વંદન તરફથી ખૂબ ખીબ હાર્દિક શુભકામનાઓ....

મા તુઝે સલામ...

નિકુંજ પટેલ
-સંપાદક

## ધર્મ

## 25મીએ પોષી પૂનમ, આ છે ધાર્મિક મહત્ત્વ...

વર્ષની પ્રથમ પૂર્ણિમા 25 જાન્યુઆરી, ગુરુવારે છે. હિંદુ ધર્મ અનુસાર કાશી, પ્રયાગરાજ અને હરિદ્વારમાં પોષી પૂનમના દિવસે ગંગા સ્નાન કરવાનું ઘણું મહત્ત્વ માનવામાં આવે છે. આ દિવસે 5 મહત્વપૂર્ણ ઉપાયો અને 5 નિયમોનું પાલન કરવાથી તમારા જીવનમાં શુભતાનો પ્રકાશ આવશે. તમને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે.

સ્નાન, તર્પણ અને દાનઃ પોષી પૂનમના દિવસે જો તમે પવિત્ર નદીમાં સ્નાન કરી શકતા નથી, તો તમારે પાણીમાં ગંગા જળ ભેળવીને અને હાથમાં કુશ પકડીને સ્નાન કરવું જોઈએ. સ્નાન કર્યા પછી, પ્રસાદ અને દાન કરો.

પીપળ પૂજાઃ પોષ પૂર્ણિમાના દિવસે પણ દેવી લક્ષ્મી પીપળના ઝાડ પર આવે છે. આથી સવારે ઉઠીને પીપળના ઝાડની સામે મીઠાઈ ચઢાવો અને જળ ચઢાવો. સાંજે પીપળના ઝાડ પાસે દીવો પ્રગટાવવો જોઈએ. આ સિવાય પોષી પૂનમના ચંદ્રોદયની રાત્રે શ્રી યંત્ર, વ્યાપાર વૃદ્ધિ યંત્ર, કુબેર યંત્ર, એકાક્ષી નારિયેળ, દક્ષિણવર્તી શંખ તમારા ઘરના મંદિરમાં ધન પ્રાપ્તિ માટે રાખો. તેમને અક્ષત પર સ્થાપિત કરવું ફાયદાકારક રહેશે.

ચંદ્ર પૂજાઃ ચોખાનો સંબંધ ચંદ્ર સાથે છે અને પૂર્ણિમાના દિવસે ચોખાનું દાન કરવાથી કુંડળીમાં ચંદ્રની સ્થિતિ મજબૂત બને છે. તેથી પોષી પૂનમના દિવસે ચોખાનું દાન કરવું ખૂબ જ શુભ છે. પૌષ પૂર્ણિમાના દિવસે ચંદ્રોદય સમયે કાચા દૂધમાં સાકર અને ચોખા ભેળવીને ચંદ્રને અર્ઘ્ય ચઢાવવું જોઈએ અને ' : :' અથવા ' :' મંત્રનો જાપ કરવો જોઈએ. તેનાથી જીવનમાં ચાલી રહેલી આર્થિક સમસ્યાઓનો અંત આવે છે. પૌષ પૂર્ણિમાના દિવસે પતિ-પત્નીએ ચંદ્રને દૂધ અર્પણ કરવું જોઈએ, તેનાથી દાંપત્ય જીવનમાં મધુરતા જળવાઈ રહે છે.

સૂર્ય પૂજાઃ પોષ પૂર્ણિમાના દિવસે તાંબાના કલશમાં જળ લઈને તેમાં કંકુ,



અક્ષત અને લાલ રંગના ફૂલ મુકો અને 'ઓમ સૂર્યાય નમઃ, ઓમ આદિત્યાય નમઃ, ઓમ નમો ભાસ્કરાય નમઃ' મંત્રનો જાપ કરો. અર્ઘ્ય સમર્પયામિ.' આ કહેતી વખતે સૂર્ય ભગવાનને અર્ઘ્ય અર્પણ કરો અને એવી રીતે અર્ઘ્ય આપો કે ઉગતા સૂર્ય પાણીના પ્રવાહની વચ્ચે દેખાય. તેનાથી જીવનમાં સમૃદ્ધિ આવે છે.

લક્ષ્મી પૂજાઃ પોષ પૂર્ણિમાના દિવસે મંદિરમાં જઈને લક્ષ્મીને અત્તર અને સુગંધિત અગરબત્તીઓ અર્પણ કરવી જોઈએ. ધન, સુખ, સમૃદ્ધિ અને ઐશ્વર્યની દેવી દેવી લક્ષ્મીને તમારા ઘરમાં કાયમી નિવાસ કરવા માટે પ્રાર્થના કરો.પૌષ પૂર્ણિમાના દિવસે દેવી લક્ષ્મીના ચિત્ર પર 11 કોડી ચઢાવો અને તેના પર હળદરનું તિલક કરો. બીજા દિવસે સવારે આ કોડીઓને લાલ કપડામાં બાંધીને તમારી તિજોરીમાં રાખો. આ ઉપાયથી ઘરમાં પૈસાની કમી નથી રહેતી. દરેક પૂર્ણિમાના દિવસે આ કોડીને તમારી તિજોરીમાંથી કાઢીને દેવી લક્ષ્મીની સામે રાખો અને તેના પર હળદરનું તિલક લગાવો, પછી તેને લાલ કપડામાં બાંધીને બીજા દિવસે તમારી તિજોરીમાં રાખો. આ ઉપાય કરવાથી દેવી લક્ષ્મીની કૃપા હંમેશા બની રહેશે. ભગવાન સત્યનારાયણ, દેવી શાકંભરી અને માતા અન્નપૂર્ણા દેવીની વિશેષ પૂજા પોષ પૂર્ણિમાના દિવસે કરવામાં આવે છે. તેથી આ દિવસે પૂજા કરવાનું ન ભૂલવું જોઈએ.

નિયમ :- મસાલેદાર ખોરાક ન ખાઓ કે દારૂનું સેવન ન કરો.,કોઈ ઘરેલું વિવાદ કે કોઈ પ્રકારનો વિવાદ ન કરો.,કોઈનું અપમાન ન કરો કે કઠોર શબ્દો ન બોલો.ઘર અને શરીરને ગંદુ ન રાખો.,ભગવાન સત્યનારાયણની પૂજા અવશ્ય કરવી.

### આ વિશાળ મંદિરને તોડી પાડ્યા બાદ બાબરના સેનાપતિએ તે સ્થળે મસ્જિદ બનાવી હતી...

# અયોધ્યામાં એ મંદિર કોણે બંધાવ્યું હતું...?

## હજુ આજે પણ વિવાદ : કયા સામ્રાજ્ય કે કયા બાદશાહે સ્થાપ્યું હતું તે કોયડો હજુ પણ દુનિયા સમક્ષ છે

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

અયોધ્યામાં આ દિવસોમાં જ્યાં શ્રી રામ જન્મભૂમિનું ભવ્ય મંદિર બની રહ્યું છે, અને 22મી જાન્યુ.ના રોજ જેની પ્રાણ પ્રતિષ્ઠા થવાની છે ત્યાં 12મી સદીમાં એક ભવ્ય અને વિશાળ મંદિર હતું એમ પુરાતત્વીય પુરાવાઓ દ્વારા સાબિત થયું છે. આ વિશાળ મંદિરને તોડી પાડ્યા બાદ બાબરના સેનાપતિ મીર બાકીએ રામજન્મભૂમિ પર ત્રણ ગુંબજવાળી બાબરી મસ્જિદ બનાવી હતી.

સદીઓના વિવાદો અને રામજન્મભૂમિ પર સુપ્રીમ કોર્ટના નિર્ણય છતાં, ભારતીય ઈતિહાસકારો અને પુરાતત્વવિદો એ નક્કી કરી શક્યા નથી કે 12મી સદીના આ ભવ્ય મંદિરનું નિર્માણ કયા હિન્દુ રાજાએ કર્યું હતું.

વાસ્તવમાં, આ સંબંધમાં, અત્યાર સુધી કન્નૌજના ગહડવાલ વંશના રાજા ગોવિંદ ચંદ્રના યુગનો એક શિલાલેખ છે, જે 6 ડિસેમ્બર, 1992ના રોજ માળખાના કાટમાળમાંથી પ્રથમ વખત વિશ્વ સમક્ષ પ્રગટ થયો હતો. પરંતુ 'વિષ્ણુ-હરિ શિલાલેખ' તરીકે ઓળખાતો આ શિલાલેખ પણ બે દાયકાથી વિવાદોમાં ઘેરાયેલો છે.

ખાસ વાત એ છે કે આ શિલાલેખમાં આ રચનાનું વર્ણન રામજન્મભૂમિ મંદિર નહીં પણ 'વિષ્ણુ હરિ મંદિર' તરીકે કરવામાં આવ્યું છે. શિલાલેખ આ મંદિરના નિર્માતાનું નામ આપે છે - એક "આયુષ્ય ચંદ્ર", જે અત્યાર સુધીના ઈતિહાસના અન્ય કોઈ દસ્તાવેજમાં મુખ્ય સ્થાને નથી.

સુપ્રીમ કોર્ટમાં આ શિલાલેખ પર લાંબી ચર્ચા ચાલી હતી. બંને પક્ષકારોને સાંભળ્યા પછી, સુપ્રીમ કોર્ટ એવા નિષ્કર્ષ પર આવી હતી કે "શિલાલેખ એ નિષ્કર્ષ પર આવવાનો આધાર હોઈ શકે નહીં કે તેમાં ઉલ્લેખિત વિષ્ણુ હરિ મંદિર તોડી પાડવાની જગ્યાએ અસ્તિત્વમાં છે." એટલે કે બાબરી મસ્જિદની નીચે કોના અવશેષો મળી આવ્યા હતા તે મંદિર કયા સામ્રાજ્ય કે કયા બાદશાહે સ્થાપ્યું હતું તે કોયડો હજુ પણ દુનિયા સમક્ષ છે.

2003માં, હાઈકોર્ટના આદેશ પર, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) એ વિવાદિત સ્થળનું ખોદકામ કર્યું. આનાથી પ્રથમ વખત વિવાદિત માળખાની નીચે બારમી સદીના મંદિરનું અસ્તિત્વ જાહેર થયું. તે મકર પ્રણાલીનું ગોળાકાર મંદિર હતું. 17 હરોળમાં કુલ 85 થાંભલા હતા. એક રીતે, તે એક વિશાળ મંદિર હોવું જોઈએ. પરંતુ એએસઆઈના પુરાતત્વવિદો આજ સુધી કહી શક્યા નથી કે આ મંદિર ક્યારે અને કયા રાજાએ બંધાવ્યું હતું.

ખોદકામ દરમિયાન આ અંગેની કોઈ માહિતી મળી શકી નથી અને ન તો ASI રિપોર્ટમાં તેનો ઉલ્લેખ છે. અત્યાર સુધી આ અંગે માત્ર એક જ સ્ત્રોત મળી શક્યો છે. 6 ડિસેમ્બર 1992ના રોજ આ સંરચનાના કાટમાળમાંથી વિષ્ણુ-હરિ શિલાલેખ મળી આવ્યા બાદ, હિંદુ પક્ષે દાવો કર્યો કે આ શિલાલેખ 12મી સદીના ગહડવાલ રાજા ગોવિંદ ચંદ્ર (1114-1154) ના શાસનકાળનો છે, જે પુરાવા આપે છે છે કે અહીં ભવ્ય રામ મંદિરનું નિર્માણ થયું હતુ

શિલાલેખ કઇ રીતે મળી આવ્યો...

6 ડિસેમ્બર 1992ના રોજ કાર સેવકોના ટોળાએ વિવાદિત માળખાને તોડી પાડ્યું હતું. એક પ્રત્યક્ષદર્શીએ હાઈકોર્ટમાં જણાવ્યું હતું કે- "આ સમય દરમિયાન, તેમણે જોયું કે વિવાદિત માળખાની પશ્ચિમી દિવાલના એક ભાગનું પ્લાસ્ટર તૂટી ગયું હતું. આ દિવાલ અસમાન કદના પથ્થરો અને ઇંટોથી બનેલી હતી. તોડી પાડવા દરમિયાન, સાડા ત્રણ ફૂટ લાંબો સ્લેબ, બે ફૂટ પહોળો અને છ ઈંચ જાડો નીચે પડ્યો. તેને લાગ્યું કે આ સ્લેબ કોઈ જૂના મંદિરના શિલાલેખ જેવો છે. કાર સેવકો તેને ઉપાડીને રામકથા કુંજમાં લઈ ગયા જ્યાં કાટમાળમાંથી સામગ્રી એકત્ર કરવામાં આવી રહી હતી." (સુપ્રીમ કોર્ટનો ચુકાદો, 9 નવેમ્બર 2019માંથી)

શિલાલેખની પુનઃપ્રાપ્તિના સાક્ષીઓમાં અયોધ્યાની મેજેસ્ટીક ટોકીઝના માલિકનો પણ સમાવેશ થાય છે જેઓ પાંચજન્યના પત્રકાર હતા અને સમાચાર એકત્ર કરવા સ્થળ પર હાજર હતા. શિલાલેખનો પ્રથમ ફોટોગ્રાફ દૈનિક 'આજ'ની લખનૌ આવૃત્તિમાં તેના 15 ડિસેમ્બર 1992ના અંકમાં પ્રકાશિત થયો હતો. તે દરમિયાન ઘણી બલચલ મચી હતી કે વિવાદિત માળખામાં બનેલા રામજન્મભૂમિ મંદિરના નિર્માણની માહિતી આપતો શિલાલેખ મળી આવ્યો હતો.

વિવાદિત ઢાંચાના કાટમાળમાંથી મળેલો આ શિલાલેખ ટૂંક સમયમાં જ ઈતિહાસકારોમાં ચર્ચાનો વિષય બની ગયો હતો કારણ કે તે રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદ સાથે સંબંધિત એક નવો પુરાવો હતો જે અત્યાર સુધી સામે આવ્યો નથી. આ અંગે સંશોધન શરૂ થયું.

કેટલાક અન્ય ડાબેરી ઈતિહાસકારો, જેમ કે ઈરફાન હબીબના સિદ્ધાંત અનુસાર "વિષ્ણુ-હરિ શિલાલેખ" એ ખરેખર "ત્રેતા કા ઠાકુર શિલાલેખ" છે જેનો ઉલ્લેખ બ્રિટિશ પુરાતત્વવિદ્ એન્ટોન ફુહરરે તેમના 1899ના પુસ્તક "ધ શર્કી આર્કિટેક્ચર ઓફ જૌનપુર"માં શિલાલેખ નંબર XLIV તરીકે કર્યો છે. આ શિલાલેખ 19મી સદીના છેલ્લા વર્ષોમાં અયોધ્યામાં ત્રેતા કા ઠાકુર મસ્જિદના ખંડેરમાંથી ફુહરરને મળી આવ્યો હતો.હિન્દુ ધર્મમાં સમયને ચાર ભાગમાં વહેંચવામાં આવ્યો છે. સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ. રામનો જન્મ ત્રેતાયુગમાં થયો હતો, તેથી ત્રેતા કે ઠાકુરનો શાબ્દિક અર્થ છે - ત્રેતાયુગના ભગવાન એટલે કે ભગવાન શ્રી રામ. પૌરાણિક કથાઓમાં આ મંદિરનો ઉલ્લેખ છે.

ફુહરરના જણાવ્યા મુજબ, "પહેલાં આ વિષ્ણુનું ખૂબ જ પ્રખ્યાત મંદિર હતું, જેને ઔરંગઝેબે તોડી પાડ્યું અને તેની સામગ્રીનો ઉપયોગ કરીને મસ્જિદ બનાવી." સ્વાભાવિક છે કે તે સમયે આ મંદિરની ખૂબ જ લોકપ્રિયતા હોવી જોઈએ નહીંતર આ મંદિર ઔરંગઝેબના ધ્યાનમાં આવ્યું ન હોત. પરંતુ સમય જતાં અહીં મસ્જિદનું અસ્તિત્વ ધીમે ધીમે બંધ થઈ ગયું. અયોધ્યાના સ્વર્ગદ્વારમાં ત્રેતા કા ઠાકુર મસ્જિદના ખંડેર આજે પણ મોજૂદ છે. રામ કી પૌડી પરનું "ત્રેતા કે ઠાકુરજી"નું મંદિર પણ આજે જર્જરિત હાલતમાં છે.


મંદિરના પૂજારી સુનીલ મિશ્રા કહે છે કે એવું માનવામાં આવે છે કે રામે અહીંથી અશ્વમેધ યજ્ઞની શરૂઆત કરી હતી. તેથી, દર મહિનાની બંને એકાદશીઓ પર, અહીં સાંજે દીપ પ્રગટાવીને વિશેષ પૂજા કરવામાં આવે છે.

. ફુહરરે તેમના પુસ્તકમાં તેને 20 લીટીના રેતીના પથ્થરના શિલાલેખ તરીકે વર્ણવ્યા છે, જે બંને છેડે અને મધ્યમાં બે ભાગમાં તૂટી ગયેલ છે. વિભાજિત ફુહરર અનુસાર, આ શિલાલેખ જયચંદ્ર (એટલે કે ગોવિંદચંદ્રના પૌત્ર)ના શાસનકાળ દરમિયાન બહાર પાડવામાં આવ્યો હતો. શિલાલેખ વિષ્ણુ મંદિરના નિર્માણ માટે જયચંદની પ્રશંસા કરે છે. તેમાં સંવત 1241 એટલે કે 1184નો ઉલ્લેખ છે.

ફુહરરનું પુસ્તક જણાવે છે કે- "શિલાલેખ ફૈઝાબાદ સ્થાનિક સંગ્રહાલયમાં રાખવામાં આવ્યો હતો."* બાદમાં ત્રેતા કા ઠાકુર શિલાલેખને ફૈઝાબાદથી લખનૌ મ્યુઝિયમમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યો હતો. જ્યાં તેને શિલાલેખ નંબર 53.4 તરીકે ચિહ્નિત કરવામાં આવ્યું હતું. (જૌનપુરનું શાર્કી આર્કિટેક્ચર : એ. ફુહરર, 1899, પૃષ્ઠ 68) પૂર્વ IPS અધિકારી કિશોર કુણાલે તેમના પુસ્તક 'અયોધ્યા રિવિઝિટેડ'માં મધ્યયુગીન ઈતિહાસકાર ઈરફાન હબીબના સિદ્ધાંતનું ખંડન કર્યું હતું. આના પર સંશોધન કર્યા પછી, તેમણે તારણ કાઢ્યું કે "વિષ્ણુ-હરિ શિલાલેખ" ફુહરરના "ત્રેતા કા ઠાકુર શિલાલેખ" થી અલગ છે. ફુહરરના ત્રેતા કા ઠાકુરનો શિલાલેખ નંબર 53.4 રેકોર્ડ પર છે. પછી ફુહરરે આપેલું સંક્ષિપ્ત વર્ણન પણ વિષ્ણુ-હરિ શિલાલેખની સામગ્રી સાથે મેળ ખાતું નથી જેમ કે જયચંદ્રનું નામ આ શિલાલેખમાં નથી.

આ શિલાલેખમાં સંવત વર્ષનો પણ સમાવેશ થતો નથી જેનો ફુહરરે ઉલ્લેખ કર્યો છે. તે મધ્યથી નહીં પણ બાજુઓથી બે ભાગમાં વહેંચાયેલું છે. એટલે કે 6 ડિસેમ્બર 1992ના રોજ સંરચનાના કાટમાળમાંથી મળેલો વિષ્ણુ-હરિ શિલાલેખ આનાથી અલગ છે.

આવી સ્થિતિમાં શક્યતાઓ હોઈ શકે છે. એક તો એ છે કે શિલાલેખ વાસ્તવમાં બાબરી મસ્જિદની દીવાલમાં ક્યાંક ભૂગર્ભમાં દટાયેલો હતો, જે વિધ્વંસને કારણે કાટમાળમાં દુનિયાને દેખાઈ ગયો હતો. બીજી શક્યતા એ છે કે કોઈ સમયગાળામાં મસ્જિદના નિર્માણ દરમિયાન તેને અન્ય કોઈ મંદિરની સામગ્રી સાથે અહીં લાવીને મસ્જિદમાં સ્થાપિત કરવામાં આવી હશે. હાઈકોર્ટના જસ્ટિસ સુધીર અગ્રવાલે પણ તેમના ચુકાદા દરમિયાન શિલાલેખની અસલિયત અને અધિકૃતતાનું અવલોકન કર્યું હતું. તેમના તરફથી પણ સ્પષ્ટપણે કહેવામાં આવ્યું હતું કે શિલાલેખ પર શંકા કરી શકાય નહીં.



સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

## ઊંચે ગગન મેં ઊડને કા સપનાં, હથેલી સે બાદલ કો છૂને કે અરમાં...

ભલે પંચોતેરનાં થયાં હોય પણ નીતાબહેન અત્યાર સુધી એકદમ સ્વસ્થ અને તંદુરસ્ત હતાં. ઘરનાં નાનાંમોટાં કામ કે શાકભાજી અથવા ફળફળાદિની ખરીદી એમણે પોતાને હસ્તક રાખેલી એટલે નોકરી કરતી વહુ રંજનાને નિરાંત હતી. કદાચ, મદદરૂપ થતાં તેથી જ એમનું માન હતું.

અત્યારે પથારીમાં પડ્યાં પડ્યાં નીતાબહેન એ કમનસીબ દિવસને યાદ કરી રહ્યાં જ્યારે અચાનક જ કમરમાં એવો સણકો ઊપડ્યો કે એમનાથી ચીસ પડાઈ ગયેલી. ન હાલી-ચાલી શકાય કે ન સૂઈ-બેસી શકાય. પડખું ફરવા જાય ત્યારે તો થાય કે, હમણાં જીવ નીકળી જશે. કરોડરજ્જુના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરે નિદાન કરતાં ફેંસલો સંભળાવેલો, માજીની ઉંમર વધારે છે પણ સ્પાઈન સર્જરી કરાવ્યા વિના ચાલે એમ નથી. હૉસ્પિટલમાંથી રજા આપતાં પહેલાં ફિઝિયોથેરપિસ્ટે પ્રેમથી સમજાવેલું, આંટી, બહુ નાજુક ઑપરેશન થયું છે તેથી તકલીફ તો થવાની જ, દુઃખાવો પણ રહેશે પણ ચાલવાની કોશિશ તો કરવી જ પડશે. શરૂઆતમાં જ પ્રયત્ન નહીં કરો તો હંમેશ માટે પથારીવશ રહેવું પડશે.

આ પથારીવશ શબ્દએ એમને ગભરાવી મૂક્યાં હતાં. વળી એ જોઈ શકતાં હતાં કે ઘરનાં બધાં કામનો અને પોતાની માંદગીનો બોજો માથે આવી પડવાથી રંજનાનો સ્વભાવ અને વર્તન પણ બદલાયાં હતાં. બે-ચાર બૂમ પાડે ત્યારે માંડ આવીને એ ઘૂરકિયું કરતી, 'મમ્મી, કેટલી બૂમો પાડો છો! સવાર સવારમાં મારે કેટલાં કામ હોય! જરા શાંતિ રાખતાં હો તો!'

આમ તો એમને માટે રાત-દિવસની નર્સ રાખી હતી પણ ક્યારેક થતું કે, કોઈ પ્રેમથી માથે હાથ ફેરવે, પૂછે કે, આજે કેમ ઓછું ખાધું? જો કે, હવે ધીમે ધીમે એમને સમજાતું જતું હતું કે, આવી અપેક્ષા રાખવાથી પોતાના મનને જ ક્લેશ થવાનો છે.

પાસે પડેલા રેડિયાની સ્વીચ દબાવી તો એમાંથી દર્દીલું ગીત વહી આવ્યું, 'પિંજરે કે પંછી રે, તેરા દરદ ન જાને કોઈ' એમની આંખોમાં આંસુ છલકાયાં. થયું, 'સાચે જ, મારી આ પરવશતાનું દુઃખ કોઈને નહીં સમજાય.'

અમિતના મિત્ર અને એની પત્ની એમની ખબર પૂછવા આવેલાં. ઘડીક એમની પાસે બેસીને ચારે જણ દીવનખાનામાં વાતો કરતાં બેઠાં હતાં. એકદમ શાંતિ હોવાથી એમની વાતો નીતાબહેન સાંભળી શકતાં હતાં.


અમિત, આ ઉંમરે મેજર ઑપરેશન થયું છે. હવે આંટી પોતાના પગ પર ઊભાં રહી શકે એ વાત ભૂલી જવાની.

રંજનાનો ફરિયાદ કરતો સૂર સંભળાયો, 'હા, જુઓને, કેવી ઉપાધિ આવી પડી! હું એકલા હાથે ઘર સંભાળું, ઑફિસે જાઉં કે આમનું ધ્યાન રાખું? મારી નણંદ તો બે દિવસ આવીને રહી ગઈ. કાયમ તો મારે જ જોવાનું ને?'

'તું ચિંતા ન કરીશ. આજથી એને ચાલતી કરવાની જવાબદારી મારી. હું મમ્મીને ચાલતાં શીખવીશ. નાનપણમાં એણે આંગળી ઝાલીને મને ચાલતાં શીખવ્યું હતું. હવે મારો વારો.'

દીકરાના મક્કમ અવાજે નીતાબહેનને ઘણું બળ આપ્યું. એમણે પોતાની જાતને તૈયાર કરવા માંડી. 'ન કેમ થાય? થશે. કાલે વોકરથી બે જ ડગલાં ચાલી શકી હતી, આજે છ ડગલાં ચલાયું ને?' અમિત પૂછતો, 'મમ્મી, થાકી ગઈ છે કે, થોડું વધારે ચાલીશ?'

નર્સ પાસે મોં પર આવેલો પરસેવો લૂછાવતાં નીતાબહેન હસીને કહેતાં, 'બેટા, તને ચાલણગાડી લઈને ચાલતાં શીખવતી ત્યારે તો હું તને કહેતી, વાંધો નહીં, પડીએ તો જ શીખાય, પણ આજે તું મને એવું કહી શકીશ?'



થોડીવાર ખુરશી પર બેસીને આરામ કર્યા પછી કહેતાં, 'કેટલા ય દિવસોથી મારાં ફૂલોને જોયાં નથી. એમને મળવાનું બહુ મન થયું છે. ધીમે ધીમે મને બાલ્કની સુધી લઈ જા. હું ચાલી શકીશ.'

નવરાશના સમયમાં હવે નીતાબહેન પ્રેરણાત્મક પુસ્તકો વાંચતાં. કેવી રીતે અરુણિમા સિંહાએ લોહી નીતરતા પગે એવરેસ્ટ સર કર્યો, કેવી રીતે અપંગ દીકરી તરણ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતી - એ બધી વાતો વાંચતાં એમનું મન હકારાત્મક ઊર્જાથી ભરાઈ જતું. એમનો જુસ્સો જોઈને રંજનામાં પણ પરિવર્તન આવવા લાગ્યું. સાંજને છેડે પરવારીને એ સાસુ પાસે આવીને બેસતી, 'મમ્મી,તમે કેટલાં સરસ સ્વેટર ગૂંથતાં હતાં! હું તમને ઊન અને સોયા લાવી આપીશ. મને પણ ગૂંથતાં શીખવજો.'

ધીમે ધીમે આડોશ-પાડોશમાં રહેતી વહુ-દીકરીઓ પણ એમની પાસે ભરત-ગૂંથણ શીખવા આવવા લાગી. પોતે પણ કોઈને ઉપયોગી થઈ શકે છે અને કોઈકને પોતાની જરૂર છે એ લાગણીથી એમની ઑપરેશન પછીની હતાશા-નિરાશા તળિયે બેસવા લાગી અને આછર્યાં પાણીની જેમ ઉત્સાહ અને ઉમંગ મનની સપાટી પર લહેરાવા લાગ્યા. પહેલાં થોડી વાર બેસીને થાકી જતાં નીતાબહેન કોઈને શીખવવામાં એવાં મશગૂલ થઈ જતાં કે, અંતે નર્સે કહેવું પડતું, 'કબ સે બૈઠે હો માજી, અબ થોડા આરામ કરો.'

એક દિવસ સાંજે અમિત અને રંજનાએ પૂછ્યું, 'મમ્મી, નીચે ગાર્ડનમાં જવું છે?'

નીતાબહેનને પોતાના કાન પર ભરોસો ન બેઠો. 'મારાથી જવાશે?' 'કેમ નહીં જવાય? અમે બંને છીએ ને, તમારે ડાબે ને જમણે. ને પાછળ નર્સબહેન છે. તમને જરા ય વાંધો નહીં આવે.'

ડગુમગુ ચાલતું સરઘસ બગીચામાં પહોંચ્યું ત્યારે નીતાબહેનને લાગ્યું કે, જાણે બીજી જ દુનિયામાં આવી ગયાં છે! આસપાસનાં ફૂલ, ઝાડ, અરે! ઘાસને પણ એ અચરજથી જોઈ રહ્યાં. 'બધું કેટલું બદલાઈ ગયું છે નહીં?'

એમનો હાથ પોતાના હાથમાં લઈને સ્નેહથી દબાવતાં અમિતે કહ્યું, 'બધું નહીં મમ્મી, તારું મન બદલાયું છે.'

'હા એ વાત તો સાચી.' એમણે ખુશ થતાં કહ્યું. સૂર્ય આથમવા આવ્યો ત્યારે બધાં ઘર તરફ વળ્યાં. બગીચામાં બેઠેલી કોઈ સ્ત્રી મીઠા સ્વરે ગાઈ રહી હતી એ ગીતના શબ્દો નીતાબહેનને કાને પડ્યા,

'ઊંચે ગગન મેં ઊડને કા સપનાં, હથેલી સે બાદલ કો છૂને કે અરમાં,

મૂઝ કો મિટાના હૈ ઈન ફાસલોં કો, મૂઝે પંખ દે દો, મૂઝે પંખ દે દો'

એમને થયું, હવે મને પાંખો મળી ગઈ છે. હવે હું આભને આંબી શકીશ.

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.


## કોર્પોરેટ હોસ્પિટલની જેમ 'હેન્ડ બેલ્ટ'નો નવતર પ્રયોગ અમલમાં : ડો. જોષી

# સિવિલ હોસ્પિટલમાં દર્દીઓના કાંડા પર લાલ, પીળો, લીલો, ગુલાબી અને વાદળી બેલ્ટ જોવા મળશે

ગુજરાત | વંદન

કોર્પોરેટ હોસ્પિટલની જેમ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ઈમરજન્સી સારવાર માટે આવતા દર્દીઓ માટે બેલ્ટ કલર કોડની નવીન શરૂઆત કરવામાં આવી છે. આ ઈમરજન્સી સારવાર માટે આવતા દર્દીઓની શારીરિક સ્થિતિ અને રોગની બીમારીની ગંભીરતાને ધ્યાને રાખી લાલ, પીળો, લીલો, ગુલાબી અને વાદળી આમ પાંચ પ્રકારના બેલ્ટને વિભાજિત કરવામાં આવ્યા છે. પ્રતિદિન અંદાજિત ૫૦૦ જેટલા દર્દીઓ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં સારવાર માટે આવે છે. આ ધસારાને પહોંચી વળવા માટે સ્ટાફ સતત ખડેપગે રહે છે. ઈમરજન્સી વિભાગમાં આવેલ દર્દીને ક્યા પ્રકારની તાત્કાલિક સારવારની જરૂર છે એવું નક્કી કરવા આ બેલ્ટની વ્યવસ્થા કરવામાં આવી છે.

સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીને ઈમરજન્સી મેડિસીન વિભાગ દ્વારા તાત્કાલિક એસેસમેન્ટ કરી નક્કી કરવામાં આવશે કે દર્દીને કેટલી ગંભીર ઈજાઓ છે અને કેટલી સઘન સારવારની જરૂર છે. જે દર્દી 'અતિ ગંભીર' અવસ્થામાં ટ્રોમા સેન્ટરમાં લઈ જવામાં આવે છે એમને ઈમરજન્સી મેડિસીન વિભાગ દ્વારા રેડ બેલ્ટ પહેરવામાં આવે છે. જે લોકો 'ગંભીર અવસ્થા'માં આવે છે એ લોકોને પીળા બેલ્ટ અને જે લોકોની પરિસ્થિતિ સ્ટેબલ હોય એ લોકોને લીલા બેલ્ટ પહેરાવવામાં આવે છે. વધુમાં પ્રસૂતા માતાને બ્લૂ બેલ્ટ અને જો બાબો હોય તો એને બ્લૂ અને જો બેબી હોય તો પિંક બેલ્ટ પહેરાવી બાબો થયો છે કે બેબી તે નક્કી કરવામાં સરળતા રહેશે.



રેડ ટેગઃ અતિ ગંભીર દર્દી એટલે કે રેડ ટેગ વાળા દર્દી એવા હોય કે જેને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હોય, શ્વાસોશ્વાસ ખૂબ વધારે હોય, બ્લડ પ્રેશર ખૂબ ઓછું અથવા ખૂબ વધારે હોય, પલ્સ રેટ ખૂબ ઓછા અથવા ખૂબ વધારે હોય અને આવા દર્દીને જો તાત્કાલિક સારવાર આપવામાં ન આવે તો એના જીવનું જોખમ રહેલું હોય છે આવા દર્દીઓને રેડ ટેગ કાંડા પર લગાવવામાં આવે છે.

યલો ટેગઃ યલો ટેગ કે ઓરેન્જ એટલે કે ગંભીર દર્દીઓ કે જેને તાત્કાલિક સારવારની જરૂર છે પરંતુ એને હાલ જીવનું જોખમ નથી. જોકે આવા દર્દીઓને એટેન્શનની ખૂબ જરૂર છે માટે સારવાર ચાલુ કરી દેવામાં આવશે તો એના જીવનું જોખમ નથી.


ગ્રીન ટેગઃ ગ્રીન બેલ્ટ એટલે કે એવા દર્દીઓ કે જે તાત્કાલિક સારવારમાં આવે છે પરંતુ એમની કન્ડિશન ખૂબ જ સ્ટેબલ છે. પોતે શ્વાસ લઈ શકે છે, પલ્સ બરાબર છે, બ્લડ પ્રેશર પણ ૯૦થી વધારે છે આવા લોકોને શાંતિથી ઈન્વેસ્ટિગેશન કરી જરૂર જણાય તો દાખલ કરવા અથવા એમને તાત્કાલિક સારવાર આપી અને ઘરે પણ મોકલી શકાય આવા સ્ટેબલ દર્દી કાંડા પર ગ્રીન બેલ્ટ લગાવવામાં આવે છે.

પિન્ક ટેગઃ પ્રસૂતા માતા અને નવજાત પુત્રને બ્લુ બેલ્ટ અને પુત્રીને પિંક બેલ્ટ લગાવવામાં આવે છે.

## પોલીસે સાઈબર ક્રાઇમથી બચવા કરી અપીલ

# રામમંદિર સમારોહમાં VIP એન્ટ્રીના નામે થઈ રહી છે છેતરપિંડી

ગુજરાત | વંદન




અભિનંદન... તમે નસીબદાર છો, તમને અયોધ્યા રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠામાં વીઆઈપી એન્ટ્રી મળી છે. આ પ્રકારના ખોટા મેસેજ વહેતા કરીને લોકોને લિન્ક મોકલીને તે ડાઉનલોડ કરાવડાવી છેતરપિંડી કરતી ગઠિયા ટોળકી સક્રિય થઈ છે. સંખ્યાબંધ લોકોને આ પ્રકારના મેસેજ આવ્યા હોવાથી પોલીસે અપીલ કરી છે કે, આવા મેસેજ સાથે કોઈ એપ્લિકેશન કે લિન્ક આવે તો ઓપન કરશો નહીં. સાઈબર ગઠિયા ગેંગે છેલ્લા 3 - 4 દિવસથી લોકોને વોટસએપ ઉપર તેમજ ટેક્સ્ટ મેસેજ કર્યા છે. આવા મેસેજની સાથે ગઠિયા ટોળકી એપ્લિકેશન અને લિન્ક પણ મોકલે છે. જેમાં રામ મહોત્સવમાં જવા માટે રજિસ્ટ્રેશન કરાવવાના બહાને ડિટેઈલ ભરાવીને પૈસા પડાવે છે. સાઈબર ક્રાઈમ, ક્રાઈમ બ્રાન્ચ, સીઆઈડી ક્રાઈમ તેમજ સ્થાનિક પોલીસ અધિકારીઓ સુધી આવી ફરિયાદો મળી હતી. પોલીસે લોકોને અપીલ કરી છે કે, આવો કોઈ પણ મેસેજ આવે તો તાત્કાલિક સ્ટેટ સાઈબર ક્રાઈમના હેલ્પલાઈન નંબર - 1930 ઉપર ફોન કરીને જાણ કરો. આટલું જ નહીં પોલીસે સોશિયલ મીડિયા ઉપર પણ આ મેસેજ વહેતો કર્યો છે. જ્યારે પોલીસ અધિકારી - કર્મચારીઓએ તેમના વોટસએપ સ્ટેટસમાં પણ આ મેસેજ રાખ્યા છે.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
તમારી યોજનાઓને ફળીભૂત કરવા માટે અનુકૂળ સમય છે. પરિણામ પ્રાપ્ત કરવા માટે વ્યક્તિએ ક્રિયા લક્ષી હોવું જોઈએ. મિલકત સંબંધિત અધૂરા કામમાં પણ ગતિ આવશે. તમારી દેખરેખ હેઠળ તમામ વ્યવસાય સંબંધિત પ્રવૃત્તિઓ કરાવો. કોઈ બહારના વ્યક્તિ ષડયંત્ર રચી શકે છે.

**વૃષભ** (બ.વ.ઉ)
તમારી નજીકની વ્યક્તિની મદદ કરીને તમે પ્રસન્નતા અનુભવશો. વિદ્યાર્થીઓએ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ બેસવું જરૂરી છે. મિલકત ખરીદવાની પણ વાજબી શક્યતા છે. તમારી દિનચર્યા અને કાર્ય વ્યવસ્થાને વ્યવસ્થિત રાખો. મિત્રો સાથે તકરાર થવાની પણ સંભાવના છે.

**મિથુન** (ક.છ.ઘ)
આ અઠવાડિયું થોડું અસ્તવ્યસ્ત વાતાવરણ રહેશે. તમારા વ્યસ્ત સમયપત્રકમાંથી થોડો સમય પણ કાઢશો. સંબંધીઓ અને મિત્રો સાથે વાતચીત કે સમાધાનની તકો પણ મળશે.તમારી સિદ્ધિઓને બીજાની સામે વધુ પડતી બતાવવી યોગ્ય નથી.

**કર્ક** (ડ.હ)
આત્મનિરીક્ષણ અને ચિંતનમાં થોડો સમય વિતાવવાથી તમને તમારી સમસ્યાઓનો ઉકેલ મળશે. પરિવારના વરિષ્ઠ સભ્યોનું માર્ગદર્શન પણ રહેશે.કેટલાક લોકો તમારી વિરુદ્ધ અફવાઓ ઉડાવવાનો પ્રયાસ કરી શકે છે. પરંતુ લોકોની પરવા ન કરો અને તમારું અંતર રાખો.

**સિંહ** (મ.ટ)
આ સપ્તાહે સંબંધો ફરીથી મધુર બનશે. તમને કોઈ સારા સમાચાર પણ મળશે. દેખાડો કરવા માટે વધારે ખર્ચ કરવાથી કે લોન લેવાનું ટાળો. અને ખરીદી વગેરે કરતી વખતે બજેટને અવગણશો નહીં. તમારી દેખરેખ હેઠળ તમામ વ્યવસાયિક પ્રવૃત્તિઓ કરાવો.

**કન્યા** (પ.ઠ.ણ)
તમારી કોઈ સમસ્યા સહકર્મીની મદદથી દૂર થઈ જશે, જીવનના ઘણા મહત્વપૂર્ણ પાસાઓ સમજવામાં પણ મદદ મળશે. વાહન અથવા મિલકતની ખરીદી અને વેચાણ માટેની વર્તમાન પરિસ્થિતિઓ તરફેણમાં નથી. વિદ્યાર્થીઓ અને યુવાનો તેમના ભવિષ્ય સંબંધિત કાર્યમાં ધ્યાન આપવું જરૂરી છે.

**તુલા** (ર.ત)
તમારી વ્યવસ્થિત કામકાજના કારણે કોઈપણ યોજના ગતિમાં આવશે. મહિલાઓ માટે આ સપ્તાહ ખૂબ જ ખાસ છે, તેમની કાર્ય ક્ષમતા અને પ્રતિભા તેમને તેમના લક્ષ્યો હાંસલ કરવામાં મદદ કરશે.નકારાત્મક કાર્યોમાં તમારો સમય ન ખર્ચો, કઠોર શબ્દો પર નિયંત્રણ રાખો.

**વૃશ્ચિક** (ન.ય)
થોડા સમય માટે બનાવેલી યોજનાઓનો અમલ કરવો. થાક અને તણાવથી રાહત મળશે. થોડી બેદરકારીના કારણે તમારે વરિષ્ઠ લોકોની નારાજગી સહન કરવી પડશે. સ્પર્ધકોની પ્રવૃત્તિઓને અવગણશો નહીં. બિઝનેસમાં કામ અત્યારે તમારી ઈચ્છા મુજબ નહીં થાય.

**ધન** (ભ.ધ.ફ)
આ સપ્તાહ સંગઠિત અને શાંતિપૂર્ણ રહેશે. જો ઘર અથવા મિલકતમાંથી સંબંધિત સમસ્યા ચાલી રહી છે, તો તે સમસ્યા ઉકેલાઈ શકે છે. અને તમે તમારી અંગત પ્રવૃત્તિઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી શકશો.પરિવારના કોઈ સભ્યની સમસ્યાના કારણે ભાગદોડની સ્થિતિ રહેશે.

**મકર** (ખ.જ)
સપ્તાહની શરૂઆતમાં તમારા મહત્વપૂર્ણ કાર્યોની રૂપરેખા બનાવો. કોઈપણ વ્યક્તિગત નિર્ણય લેતા પહેલા તેની સંપૂર્ણ માહિતી મેળવો, કોઈપણ પ્રકારની ભૂલ કરવાથી બચી જશો.બાળકો સાથે વ્યવહાર કરતી વખતે તેમના દ્રષ્ટિકોણથી જોવું યોગ્ય રહેશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
વ્યવહારુ અભિગમ અપનાવવાથી તમે તમારી ભાવનાઓને નિયંત્રિત કરી શકશો. તમે તમારા લક્ષ્યને પ્રાપ્ત કરી શકશો. સ્ત્રીઓ માટે સમય અનુકૂળ છે. નવા સંપર્કો બનશે અને ફાયદાકારક પણ સાબિત થશે.અજાણ્યા લોકો પર વિશ્વાસ ન કરો, કેટલીક વાદ-વિવાદ જેવી સ્થિતિ ઊભી થઈ શકે છે.

**મીન** (દ.ચ.ઝ)
મીન રાશિના લોકો માટે ગ્રહોની સ્થિતિમાં સકારાત્મક પરિવર્તન આવી રહ્યા છે. તમારી અંગત અને પારિવારિક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત રહેશે.યુવાનોએ ખાસ કરીને એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે તેમણે વિચાર્યા વિના બીજા પર વિશ્વાસ ન કરવો જોઈએ. વેપારમાં તમારે કેટલાક પડકારોનો સામનો કરવો પડશે. વિવાહિત જીવન સુખમય રહેશે. ખાંસી અને શરદી જેવી ઈન્ફેક્શન અને ફરિયાદ રહેશે.

# શહેરમાં RTO નજીક નવો ફોરલેન બ્રિજ બનાવાશે

### નવો બ્રિજ ગાંધીનગરથી આરટીઓ તરફ આવનારા ટ્રાફિક માટે રહેશે

ગુજરાત | વંદન

ગાંધીનગર તરફ જતાં માર્ગોને પહોળા બનાવવાની સાથે સાથે મ્યુનિ. સત્તાધીશોએ આરટીઓથી સાબરમતી તરફ જતાં વર્ષો જુના ચીમનભાઈ બ્રિજની બાજુમાં જ નવો ફોર લેન બ્રિજ બનાવવાનો નિર્ણય લીધો છે અને નવા બ્રિજ ઉપરથી સુભાષબ્રિજ તરફ જવા માટે અલગ પાંખ ઉતારવામાં આવશે.

મ્યુનિ. સૂત્રોનાં જણાવ્યા અનુસાર, મહેસાણા અને ગાંધીનગર તરફ જવા માટે અતિ વ્યસ્ત રહેતાં વર્ષો જુનો ચીમનભાઈ પટેલ બ્રિજ તાજેતરમાં રિસરફેસ અને રિપેર કરવામાં આવ્યો છે, પરંતુ વધતાં જતાં ટ્રાફિકનાં કારણે બ્રિજ સાંકડો પડી રહ્યો છે અને ટ્રાફિકજામ થઈ



જાય છે. જોકે ચીમનભાઈ બ્રિજનાં સાબરમતી તરફથી આવતાં ભાગ ઉપરથી સુભાષબ્રિજ તરફ જવા માટે પાંખ ઉતારવાની યોજના તો વર્ષો અગાઉ ઘડવામાં આવી હતી, પરંતુ જે તરફ પાંખ ઉતારવાની હતી તે તરફ જમીન સંપાદન સહિત કેટલાક કારણોસર અમલમાં મુકાઈ શકી નહોતી. આ યોજના ઘાંચમાં પડી ગયાં બાદ સાબરમતી વિસ્તારમાં બૂલેટ ટ્રેન, મેટ્રો રેલ અને બીઆરટીએસ તથા એસટી સ્ટેશન એક જગ્યાએ જ હોય તેવા મલ્ટી ટ્રાન્સપોર્ટ હબનુ નિર્માણ તેમજ મોટેરા ખાતે ઈન્ટરનેશનલ સ્ટેડિયમનાં કારણે ટ્રાફિકમાં વધારો થશે તેને ધ્યાને લઈ ચીમનભાઈ બ્રિજની બાજુમાં જ નવો ફોરલેન બ્રિજ બનાવવાનુ નક્કી કરવામાં આવ્યુ છે. અત્યારે હયાત ચીમનભાઈ બ્રિજને ગાંધીનગર તરફ જતો બ્રિજ બનાવી દેવાશે અને બાજુમાં જ નવો ફોર લેન બ્રિજ બનાવાશે જે ગાંધીનગરથી આરટીઓ તરફ આવનારા ટ્રાફિક માટે રહેશે. તદઉપરાંત નવા બ્રિજમાં એક પાંખ બનાવવામાં આવશે, જે સુભાષબ્રિજ તરફ જવા માંગતા વાહનચાલકો માટે રહેશે.

# બાલિકાઓ ચલાવશે ગુજરાત વિધાનસભા

ગુજરાત | વંદન

બાલિકા દિવસની ગુજરાત વિધાનસભામાં અનોખી ઉજવણી કરવામાં આવશે. આગામી 24 જાન્યુઆરીએ બાલિકા દિવસને લઈને મોક વિધાનસભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 182 વિદ્યાર્થીનીઓ વિધાનસભા ચલાવશે. તેજસ્વીની બાલિકા વિધાનસભા તરીકે વિધાનસભા ચાલશે. જેમાં CM, મંત્રી, વિપક્ષથી લઈને સ્પીકર પણ વિદ્યાર્થીનીઓની હશે. પ્રેક્ષક ગેલેરીમાં ગુજરાતની અગ્રણી મહિલાઓ હાજર રહેશે.

# રમશે ગુજરાત : સ્પોર્ટ્સના સાધનો માટે 25 કરોડ ફાળવ્યા

### કોર્પોરેશન ક્રિકેટ, ફૂટબોલનાં સાધનો ખરીદશે

ગુજરાત | વંદન

મ્યુનિ.માં ઝીરો બજેટ હેડમાં રહેલા ફંડનો પણ ઉપયોગ કરવાનો નિર્ણય સ્ટેન્ડિંગ કમિટીએ લીધો છે. વિવિધ ઝોનમાં આવેલા સ્પોર્ટસ એક્ટિવિટી માટેના અનામત મેદાનમાં રમત ગમતના સાધનો વસાવાશે. જે માટે 25 કરોડની ફાળવણી કરાઇ છે. જ્યારે શહેરમાં વિવિધ વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનના અપગ્રેડેશન માટે પણ રૂ. 15 કરોડની ફાળવણી કરવામાં આવી છે.

આ બાબતે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતુંકે, શહેરમાં યુવાનોમાં સ્પોર્ટસ એક્ટિવિટીનો વિકાસ થાય તે માટે રમત ગમતના મેદાન કપાતમાં અનામત રાખવામાં આવે છે, ત્યાં વિવિધ રમતો માટેની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે

. આ પ્લોટમાં ક્રિકેટ, વોલીબોલ, ફૂટબોલ, હોકી, કબડ્ડી, જેવી વિવિધ રમતોમાં પ્રેક્ષકો માટે જરૂરી વ્યવસ્થા, ચેન્જિંગ રૂમ તેમજ ટોઈલેટ બનાવવા, ગ્રીનરી ડેવલપ કરવા કંપાઉન્ડ વોલ બનાવવા, લાઈટ પોલ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવશે.આ ઉપરાંત શહેરમાં શહેરના વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન જે જર્જરિત થયા હોય કે રિનોવેશન અને અપગ્રેડેશનની જરૂરિયાત હોય ત્યાં 15 કરોડના ખર્ચે કામગીરી કરવા માટે બજેટ ફાળવવામાં આવ્યું છે.

## મારા હુકમો ખરા અને ફાઇનલ હતા : એસ.કે.લાંગાની દલીલ

# મૂલાસણા પાંજરાપોળ જમીન કૌભાંડ પ્રકરણમાં પૂર્વ કલેકટરને જામીન ન મળ્યા

ગુજરાત | વંદન

ગાંધીનગર જિલ્લાના મૂલાસણા પાંજરાપોળ જમીન કૌભાંડના કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર કેસમાં સંડોવાયેલા ગાંધીનગર જિલ્લાના પૂર્વ કલેકટર એસ.કે.લાંગાને રેગ્યુલર જામીન આપવાનો ગુજરાત હાઇકોર્ટે આજે એક મહત્વના આદેશ મારફતે સાફ ઈન્કાર કરી દીધો હતો. દરમિયાન એસ.કે.લાંગાએ પોતાની જામીન અરજીમાં એવો બચાવ રજૂ કર્યો હતો કે, તેમણે કરેલા સંબંધિત હુકમો અંગે સરકારે કોઇ પુનઃવિચારણા કરી નથી કે તેને રદબાતલ પણ ઠરાવ્યા નથી, તેનો મતલબ કે તેમના હુકમો ખરા અન અંતિમ હતા. જો કે, એડિશનલ એડવોકેટ જનરલે સરકારનું વલણ સ્પષ્ટ કરતાં જણાવ્યું કે, રાજ્ય સરકારે લાંગા દ્વારા જે કોઇ હુકમો જારી કરાયા છે, તેની પુનઃસમીક્ષા કરવાનું નક્કી કર્યું છે અને તે માટેની જરૂરી પ્રક્રિયા પણ ચાલી રહી છે.

એસ.કે.લાંગાએ ચાર્જશીટ બાદ રેગ્યુલર જામીન મેળવવા માટે ગુજરાત હાઇકોર્ટમાં કરેલી જામીન અરજી આજે જસ્ટિસ એમ.આર.મેંગડેએ આકરા વલણ સાથે ફગાવી દીધી હતી. હાઇકોર્ટે ગંભીર અવલોકન કરતાં જણાવ્યું કે, આરોપીએ કલેક્ટર તરીકેની સત્તાનો દૂરપયોગ કરી પોતાના અંગત લાભ માટે રાજ્ય અને પ્રજાના હિત વિરૂધ્ધનું કૃત્ય આચર્યું છે. આરોપીએ 30,431 ચો.મી જેટલી જમીનના હુકમો હિત ધરાવતા લોકોને ફાળવણીના હુકમો કરી નાંખ્યા હતા, જે જમીન સરકારની માલિકીની હતી. લાંગા વિરૂધ્ધ પ્રથમદર્શનીય ગુનો બને છે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર તરીકેના કાર્યકાળ દરમ્યાન મૂલાસણા પાંજરાપોળ જમીન કૌભાંડ સહિતના પોતાની સત્તાનો દૂરપયોગ કરી એનએના વિવાદીત હુકમો કરવામાં આવ્યા હતા.

## હનુમાનજીની ગદા સહિત એક ડ્રેસનું ભાડું રૂ.500 સુધી બોલાયું

# શહેરમાં રામાયણનાં પાત્રોની વેશભૂષાના ડ્રેસની માંગ વધી

ગુજરાત | વંદન

અયોધ્યામાં રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી શહેરની સ્કૂલોમાં કરાશે. ઉજવણીના ભાગરૂપે મોટાભાગની સ્કૂલોએ પોતાના વિસ્તારમાં વિશાળ રેલીનું આયોજન કર્યું છે. પરંતુ રેલીમાં રામાયણનાં પાત્રોનાં કોસ્ચ્યુમ વિદ્યાર્થીઓ માટે લાવવા સંચાલકો માટે પડકાર બન્યો છે. વાલીઓએ પણ રામાયણનાં પાત્રોનાં કોસ્ચ્યુમ વધારે પૈસા આપી ભાડે લેવા પડ્યા છે. સ્કૂલ સંચાલકોના જણાવ્યા પ્રમાણે, શ્રીરામના વનવાસી કોસ્ચ્યુમ સસ્તામાં મળે છે, પરંતુ રાજા રામના કોસ્ચ્યુમ મોંઘાં છે. વિદ્યાર્થીઓ વધારે સંખ્યામાં હનુમાનજી બનવાના હોવાથી ગદા મળતી નથી.

ઘણી સ્કૂલોએ પાત્રોનાં કપડાંની વ્યવસ્થા કરી આપી છે. પરંતુ કેટલીક સ્કૂલોએ આ વ્યવસ્થા વાલીઓ પર છોડી દીધી છે. ઘાટલોડિયાની જ્ઞાનદા ગર્લ્સના સંચાલક જાગૃતિ પટેલે કહ્યું, અમે 20 જાન્યુઆરીએ મોટી રેલીનું આયોજન કર્યું છે. અમે પહેલા જ રામાયણના વિવિધ પાત્રોના કપડાનું બુકિંગ કરી દીધું હતું જેથી મોટા ભાગના કપડાં મળી ગયા છે. પરંતુ ઘણા વાલી પાસેથી દુકાનવાળાએ રૂ.500 ભાડું માંગ્યું હતું.અંતે સમજાવતાં રૂ.300માં તૈયાર થયા છે.




રેલી માટે કોસ્ચ્યુમની તો શોર્ટેજ છે જ, પરંતુ જથ્થાબંધ ધજા પણ માર્કેટમાં મળતી નથી. અમે મોટી સંખ્યામાં બાળકોને કોસ્ચ્યુમમાં તૈયાર કરીશું. બાળકો મોટી સંખ્યામાં હનુમાનજી અને વાનર સેનાના સૈનિકો બનશે, જેથી તેઓને જરૂરી ગદા માર્કેટમાં મળી નથી

દરરોજ 500થી વધારે જોડી લોકો લઈ જઈ રહ્યા છે. રામાયણના પાત્રોના વિવિધ ડ્રેસની માંગ વધતાં નવો માલ મંગાવ્યો છતા પણ શોર્ટેજ છે. ખાસ કરીને હનુમાનજીની પૂંછડી, ગદા, રૂદ્રાક્ષની માળા અને વિવિધ ઓર્નામેન્ટની બહુ અછત છે. સંચાલક મંડળે નક્કી કર્યું છે કે 22 જાન્યુઆરી સુધીમાં તમામ સ્કૂલોમાં વિવિધ કાર્યક્રમો થશે. બાળકોને રામાયણના પાત્રો સાથે જોડવા વેશભૂષા મહત્ત્વનું પાસું છે. સ્કૂલોમાં કોસ્ચ્યુમ સાથે કાર્યક્રમો થશે.

## શબ્દોની સંતાકૂકડી 96

ગુજરાત વંદન
gujaratvandan.com



**ઊભી ચાવી**

(1) અરીસો, ચાટલું [2]
(2) રડતું, રોતલ [4]
(3) બગલો [2]
(4) દુકાન [3]
(6) ગામની બહાર આવેલી ખુલ્લી જમીન [3]
(9) યુદ્ધ માટે કોઈને આહ્વાન આપવું [5]
(10) કપિ [3]
(12) ખારાશવાળું તત્ત્વ [2]
(13) કથન, ઉક્તિ, બોલ [3]
(15) પરિષદ [2]
(17) ચામડીની નીચેનો અને હાડકાની ઉપરનો લોંદા જેવો પદાર્થ [2]
(18) અર્ક, સત્ત્વ [2]

**આડી ચાવી**

(1) હેતુ, ઉદ્દેશ [3]
(3) અંદરનું વિરોધી [3]
(5) જિદ્દ, હઠ [2]
(6) પુખ્ત ઉંમરનું [3]
(7) સહાય [3]
(8) શરીર [2]
(10) એક જાતનું ઝાડ [2]
(11) રક્ષણ [2]
(14) આનંદ [3]
(16) રોમાંચ કરે એવું [4]
(19) વજન [2]
(20) ઉશ્કેરણી [4]

શબ્દોની સંતાકૂકડી-96નો ઉકેલ



શબ્દોની સંતાકૂકડી-96 નો ઉકેલ બાજુમાં...

## સુડોકુ


કોયડો નં. 97

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 3 | 5 | 6 | 7 | | | | |
| 4 | | | 8 | 2 | 9 | 5 | | |
| | 8 | | | | 3 | | 6 | |
| | 2 | | | | 5 | 8 | | 7 |
| 8 | | | 2 | | 6 | | | 5 |
| 3 | | 1 | 7 | | | | 2 | |
| | 4 | | 9 | | | | 7 | |
| | | 2 | 4 | 8 | 7 | | | 6 |
| | | | | 5 | 2 | 4 | 9 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-97નો ઉકેલ



# ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં વડાપ્રધાન મોદી અને અમિત શાહ સૌરાષ્ટ્રના પ્રવાસે

## 10 ફેબ્રુઆરીએ સિગ્નેચર બ્રિજનું મોદી દ્વારા લોકાર્પણ કરાશે

ગુજરાત | વંદન

લોકસભાની ચૂંટણી જાહેર થયા પૂર્વે વડાપ્રધાન મોદી તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના રાજકોટ-સૌરાષ્ટ્રના પ્રવાસ ગોઠવાયા છે. વડાપ્રધાન મોદી 10મી ફેબ્રુઆરીએ સિગ્નેચર બ્રિજના ઉદ્વાટન માટે દ્વારકા આવી રહ્યાના સંકેત છે. જ્યારે અમીત શાહ બીજી ફેબ્રુઆરીએ જામકંડોરણાના સમુહલગ્નમાં હાજરી આપવા રાજકોટ આવશે. 21મી જાન્યુઆરીએ ખોડલધામના કાર્યક્રમમાં પણ વડાપ્રધાન મોદી વર્ચ્યુઅલ હાજરી આપશે.

અયોધ્યામાં 22 જાન્યુઆરીએ રામ મંદિર પ્રતિષ્ઠા તથા ત્યારબાદ કેન્દ્ર સરકારના સામાન્ય બજેટ બાદ લોકસભાની ચૂંટણીના ઢોલ વાગવા માંડે તેવી અટકળો વ્યકત થઇ જ રહી છે. ચૂંટણીની જાહેરાત કદાચ માર્ચમાં થવાનું માનવામાં આવે છે. તે પૂર્વે વડાપ્રધાન મોદી, અમીત શાહ સૌરાષ્ટ્રમાં એકથી વધુ વખત રૂબરૂ તથા વર્ચ્યુઅલ કાર્યક્રમોમાં હાજરી આપશે.

માહિતગાર સુત્રોએ કહ્યું કે સૂત્રોએ કહ્યું કે વિખ્યાત યાત્રાધામ દ્વારકા ખાતે તૈયાર થઇ ચૂકેલા સિગ્નેચર બ્રીજના લોકાર્પણ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો 10 ફેબ્રુઆરીનો કાર્યક્રમ ગોઠવાય રહ્યો છે અને તે માટેની તૈયારી શરુ કરી દેવા વહિવટીતંત્રને સુચના આપવામાં આવી છે. છેલ્લી ઘડીએ કોઇ બદલાવ ન થાય તો 10 ફેબ્રુઆરીનો કાર્યક્રમ ફાઇનલ છે.

આ સિવાય વડાપ્રધાન નરેન્દ્ર મોદી 21મી જાન્યુઆરીએ લેઉવા પટેલ સમાજના આસ્થાના પ્રતિક એવા ખોડલધામના કાર્યક્રમમાં વર્ચ્યુઅલ હાજરી આપશે. ખોડલધામ દ્વારા રાજકોટ નજીક અમરેલીમાં અત્યાધુનિક કેન્સર હોસ્પીટલનું નિર્માણ થવાનું છે અને 21મીએ ભૂમિપૂજન રાખવામાં આવ્યું છે. બે લાખ લોકો તેમાં હાજરી આપવાનો દાવો છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાર્યક્રમમાં વર્ચ્યુઅલ હાજરી આપીને સંબોધન કરશે. સવારે 10 વાગ્યા આસપાસનો ટાઇમ ફાઇનલ થઇ રહ્યો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આગામી બીજી ફેબ્રુઆરીએ રાજકોટ આવશે અને જામકંડોરણામાં યોજાનારા સમૂહ લગ્નના કાર્યક્રમમાં હાજરી આપશે.

# મોચીરાઇ પ્રા. શાળાના શિક્ષિકાએ પીએચ.ડી.ની પદવી મેળવી

ગુજરાત | વંદન

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણા વર્મા કચ્છ યુનિવર્સિટીમાંથી ભુજ તાલુકાની મોચીરાઈ પ્રા. શાળાના શિક્ષિકા પ્રિયા નરસિંહદાસ બારમેડાએ શિક્ષણ શાત્ર વિષયમાં પીએચ.ડી.ની ડિગ્રી હાંસલ કરી છે. ડો. પ્રિયા બારમેડાએ માર્ગદર્શક ડો. એલ.વી. ફફલના માર્ગદર્શન હેઠળ 'ઉચ્ચતર પ્રાથમિક કક્ષાએ ગણિત વિષય એકમો માટે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન અને અધ્યયન પ્રયુક્તિઓની અસરકારકતા' વિષય પર મહાશોધ નિબંધ લખીને તૈયાર કર્યો હતો.

તેમના આ નિબંધની શિક્ષણ ક્ષેત્રે સારી એવી અને રચનાત્મક અને હકારાત્મક ચર્ચા થઈ છે.

## દુર્ઘટનામાં 15 બાળકો અને 2 શિક્ષિકાના મોત થયા છે

# હરણી હોનારત મામલે 18 સામે ગુનો, 10 દિવસમાં તપાસ રિપોર્ટ



ગુજરાત | વંદન

વડોદરામાં હરણી તળાવમાં બોટ દુર્ઘટનામાં 14 લોકોના મોત થવાના મામલામાં ક્રાઈમ બ્રાન્ચ એક્શનમાં આવી છે. આ મામલે હરણી પોલીસ મથકે FIR દાખલ થઈ છે. હરણી તળાવ બોટ દુર્ઘટના મામલે 18 લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તો બોટના ચાલક અને મેનેજરની પૂછપરછ માટે અટકાયત કરવામાં આવી છે.

હરણી પોલીસે મેસર્સ કોટીયા પ્રોજેકટના સંચાલકો વિરૂધ્ધમાં બેદરકારી તથા નિષ્કાળજી દાખવવા બાબતે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ ઘટનામાં રાજ્ય સરકાર પણ એક્શન મોડમાં જોવા મળી રહી છે. બોટના ચાલક અને મેનેજરની સહિત 18 લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.હાલ બોટના ચાલક અને મેનેજરની અટકાયત બાદ પુછપરછ હાથ ધરાઈ છે. હરણી તળાવ દુર્ઘટના મુદ્દે ગૃહરાજ્યમંત્રીએ નિવેદન આપ્યુ છે કે દુર્ઘટનામાં 15 બાળકો અને 2 શિક્ષિકાના મોત થયા છે. જ્યારે 18 બાળકો અને 2 શિક્ષકોનો બચાવ થયો છે.

# કચ્છના સૂફીગાયક મીરના રામભજનની મોદી દ્વારા પ્રશંસા

## ઓસમાણ મીરે સોશિયલ મીડિયામાં રામભજન વહેતું કર્યું

ગુજરાત | વંદન

અયોધ્યામાં નૂતન રામમંદિરની થનારી ભવ્ય પ્રાણપ્રતિષ્ઠાના અનુસંધાને સમગ્ર દેશના વિવિધ?ભાગમાં રામભક્તિની લહેર ફરી વળી છે. આ પ્રસંગે પ્રત્યેક કલાકારો પોતાનું શક્ય યોગદાન આપી રહ્યા છે, ત્યારે કચ્છના જગવિખ્યાત સૂફી - લોકકલાકાર અને દિગ્ગજ ગાયક ઓસમાણ મીરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રામભજન વહેતું કર્યું છે, જેને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ બિરદાવીને તેમની ગાયકીની પ્રશંસા કરી છે.




દેખો અવધ નગરિયામેં રામજી પધારે... ભજન તાજેતરમાં સૂફી ગાયક ઓસમાણભાઈએ પોતાના તાસીરભર્યા કંઠમાં પોતાની યુ-ટ્યૂબ ચેનલ પર વહેતું મૂકતાં જ લાખો ચાહકોએ તેને પસંદ કરીને આવકાર તો આપ્યો જ છે પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ભક્તિ રચનાને પોતાના સોશિયલ મીડિયા એક્સ હેન્ડલ પર ભજનને શેર કરીને આ રચનાને અદ્ભુત ગણાવીને અયોધ્યા નગરીના ઉમંગની દિવ્ય અનુભૂતિ થયાનો અહેસાસ વ્યક્ત કર્યો હતો. મૂળ માંડવી કચ્છના અને રાજકોટ વસતા ગૌરવવંતા ગાયક ઓસમાણ મીરે આ પ્રસંગે પોતાનો પ્રતિભાવ આપતાં કહ્યું હતું કે, કલાને ધર્મના સીમાડા નથી હોતા. વડાપ્રધાને મારી ગાયકીની નોંધ ?લીધી તે મારા માટે ગૌરવની વાત છે. અહીં ઉલ્લેખનીય છે કે, ગીત, ગઝલ અને સંતવાણીમાં દેશ-વિદેશમાં મોટું નામ ધરાવનાર ઓસમાણ મીરના પુત્ર?આમિર મીર પણ પિતાનાં પગલે ગાયકી ક્ષેત્રે પદાર્પણ કરી ચૂક્યા છે. બંને પિતા-પુત્રની જોડી સંગીતપ્રેમીઓને પોતાની ગાયકીનું ઘેલું લગાડી ચૂકી છે.

## 22મીએ અન્નકૂટ-ભવ્ય નગરયાત્રા અને સુંદરકાંડના પાઠ કરવામાં આવશે

# ભુજનું સ્વામિનારાયણ મંદિર બન્યું રામમય

ગુજરાત | વંદન

શ્રી રામ જન્મભૂમિ અયોધ્યામાં 22મીએ ભગવાન શ્રી રામલલ્લાના પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવની દેશભરમાં થનારી ઉજવણી અંતર્ગત અહીંનું સ્વામિનારાયણ મંદિર પણ રામમય બન્યું છે અને ભગવા રંગે રંગાયું છે. 22મીએ અહીં પણ ભવ્ય ઉજવણી કરવાની મંદિરે તડામાર તૈયારી આદરી છે. મંદિરની એક યાદીમાં જણાવ્યા પ્રમાણે નિજ મંદિરને ભગવા ઝંડાથી સુશોભિત કરવામાં આવ્યું છે. આ જ રીતે મંદિરની સામે આવેલા રસ્તાને પણ સુશોભિત કરવામાં આવશે.



22ના રથયાત્રા, અન્નકૂટ સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી ભગવતજીવનદાસજી, પાર્ષદકોઠારી જાદવજી ભગતની પ્રેરણાથી આ દિવ્ય મહોત્સવ ધામધૂમથી ઊજવાય તે દૃષ્ટિએ ભુજ મંદિરના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સદ. સ્વામી પુરુષોત્તમદાસજી, ભક્તિપ્રકાશદાસજી, દિવ્યસ્વરૂપદાસજી, પાર્ષદ ખીમજી ભગત અને સર્વે સંતોની ઉપસ્થિતિમાં હાલે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

આ અંગે વિશેષ માહિતી આપતાં ભુજ મંદિરના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ જણાવ્યું હતું કે, અયોધ્યા ખાતે તા. 22નાં ભગવાન શ્રી રામનો મંદિરમાં પ્રવેશ થનારો છે, ત્યારે તેની ખુશીમાં દેશભરમાં ઉજવણીનો માહોલ છે, ત્યારે ભુજ સ્વામિનારાયણ મંદિર પણ આ દિવસે રામમય બનશે. ભૂદેવો દ્વારા સુંદરકાંડના પાઠ કરવામાં આવશે, સુંદરકાંડની આહુતિ આપવામાં આવશે. 200 વર્ષ જૂના અને સ્વામિનારાયણ ભગવાને સેવેલા ભગવાન શ્રી રામની આગળ અન્નકૂટ ધરાવવામાં આવશે. સાંજના સમયે ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવશે. શણગારેલા રથ ઉપર ભગવાન શ્રી રામ બિરાજમાન થઈને શહેરની તમામ ગલીઓમાં ફરશે. આ નગરયાત્રામાં ભુજ, અંજાર, માંડવી રાપર મંદિરના સંતો, તમામ ગુરુકુળના વિદ્યાર્થીઓ તથા ભુજ અને પિયાવા કન્યા વિદ્યામંદિરની દીકરીઓ જોડાશે. આ પ્રસંગે રાજકીય નેતાઓ, સામાજિક નેતાઓ તથા તમામ સનાતની સમાજના ભક્તો પણ આ નગરયાત્રામાં જોડાવાના છે. આ નગરયાત્રામાં મુખ્યત્વે ત્રણ વાહનો હશે, જેમાં એક વાહન ઉપર રામ ભગવાન બિરાજમાન થશે. એક વાહન ઉપર કૃષ્ણ ભગવાન બિરાજમાન થશે અને એક વાહન ઉપર સ્વામિનારાયણ ભગવાન બિરાજમાન થશે. એક સાથે ત્રણ ત્રણ ડીજે સાથેનાં વાહનો સાથોસાથ નાસિક ઢોલ પણ આ નગરયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બનશે.

અનુસંધાન પેજ 01 પરથી...

### 500 વર્ષના...

અશ્રુભીની પણ બની જશે. પોતાની આ અનુભૂતિનું વર્ણન તેઓ જે શબ્દોમાં વ્યક્ત કરશે તે શબ્દો પણ ઇતિહાસના પાને મંદિરની જેમ અમર થઇ જશે.

અને તે લાઇવ દ્રશ્યો અમેરિકા-કેનેડા-કેન્યાથી લઇને વિશ્વભરમાં ઠેર ઠેર ટીવી ચેનલો મારફતે પ્રસારિત થઇ રહ્યાં હશે. અને આખા ભારતમાં જયશ્રીરામ..ગૂંજી રહ્યું હશે. ભારત અને વિશ્વમાં દરેક હિન્દુ મંદિરોમાં તે વખતે મહાઆરતી થઇ રહી હશે, આતશબાજી થઇ રહી હશે, ઉત્સવ અને ઉજવણી થઇ રહી હશે. અને દિવાળી પહેલાં દેશભરમાં દિવાળી ઉજવાઇ રહી હશે.

મંદિર સ્થળે ઉપસ્થિત બોલીવુડના કલાકારો, જાણીતા ઉદ્યોગપતિઓ, વિદ્વાનો, સંતો મંહતો, તેના સાક્ષી બનશે અને તેઓ પોતાના સંતાનોને મંદિર ઉદઘાટનનું વર્ણન કરીને તેને આગળ ધપાવશે. પ્રચાર-પ્રસારના ત્રણેય માધ્યમો પ્રિન્ટ-ઇલેક્ટ્રોનિક અને ડિજીટલ-માં આ ઐતિહાસિક પ્રસંગ છપાઇ ગયો હશે, છવાઇ ગયો હશે અને અંકિત થઇ ગયો હશે...!

મંદિરનું નિર્માણ એટલુ મજબૂત છે કે 1000 વર્ષ સુધી તેને કોઇ ભૂકંપ પણ હલાવી શકશે નહીં. મંદિરના સોનાના દ્વાર અને તેની ભવ્યતા, તેનું શિલ્પકામ અને કોતરણીની વિગતો પણ ઇતિહાસના પાને નોંધાઇ જશે.

નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યા બાદ તેમના હસ્તે અનેક હજારો કરોડોના પ્રોજેક્ટોનું શિલાન્યાસ તેમના હસ્તે થયું તો તેનું લોકાર્પણ પણ તેમના જ હસ્તે થયું તે તમામમાં રામ મંદિરનું મહત્વ અનોખુ અને અનેરૂ રહેશે. કેમ કે ભારતના કોઇ વડાપ્રધાનને રામ મંદિરનું શિલાન્યાસ અને તેમના જ હસ્તે લોકાર્પણ કરવાની તક મળી નથી.

નરેન્દ્રભાઇ મોદી ભારતના પહેલા અને છેલ્લા એવા વડાપ્રધાન હશે કે જેમને ઇતિહાસની તવારિખમાં અમર થઇ જાય એવા આ મંદિરને કરોડો રામભક્તો માટે અર્પણ કરવાની તક મળી છે. કેમ કે હવે પછી કોઇ આવુ કોઇ ભવ્ય રામ મંદિર બનાવવાની જરૂર નહીં પડે.

હિન્દુઓના આસ્થાના માનબિંદુઓમાં અયોધ્યાનું આ મંદિર શિરમોર બની રહેશે અને પ્રત્યેક હિન્દુના મનમાં હવે એવી ઇચ્છા જાગશે કે એક વાર ચારધામની યાત્રા કે એકવાર અમરનાથની યાત્રાની જેમ એકવાર રામલલ્લાના દર્શન માટે રામ મંદિરની મુલાકાત માટે અયોધ્યાની મુલાકાત લેશે. પરિણામે રામ મંદિરને લઇને અયોધ્યા કેન્દ્ર સ્થાને આવશે અને કરોડો શ્રધ્ધાળુઓની મુલાકાતથી અયોધ્યાનો ખૂબ ઝડપથી આર્થિક વિકાસ થશે. એકલા મંદિર ઉત્સવથી જ એક લાખ કરોડના કારોબારનો અંદાજ અર્થશાસ્ત્રના અભ્યાસુઓએ મૂક્યો છે.

### શોએબ...

એક વાયરલ ઇન્સ્ટાગ્રામ પોસ્ટે હવે ડેટિંગની અફવાઓને વેગ આપ્યો છે.

સના જાવેદ પણ છૂટાછેડા લઈ ચૂકી છે. પાકિસ્તાનની જાણીતી અભિનેત્રીઓમાંની એક સના જાવેદે 2020માં ઉમૈર જસવાલ સાથે લગ્ન કર્યા હતા પરંતુ ટૂંક સમયમાં જ તેમના છૂટાછેડા થઈ ગયા હતા.

### ભારત બાદ...

પિન પોઈન્ટ લેન્ડિંગ ટેક્નોલોજી ચંદ્ર સિવાયના અન્ય ગ્રહો પર લેન્ડિંગની મંજૂરી આપશે. સ્લિમ લેન્ડર લેન્ડિંગ સાઇટને લક્ષ્ય બનાવશે જે 100 મીટરની આસપાસ છે.

જાપાને તેનું મૂન લેન્ડર એવા સમયે લેન્ડ કર્યું છે જ્યારે અમેરિકાનું પેરેગ્રીન લેન્ડર લોન્ચિંગ પછી નિષ્ફળ ગયું હતું. જાપાન પહેલા, માત્ર ચાર દેશો - રશિયા, અમેરિકા, ચીન અને ભારત - ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કરી શક્યા છે. જાપાનની સ્પેસ એજન્સી આ પહેલા પણ બે વખત નાના લઘુગ્રહો પર ઉતરવામાં સફળ રહી હતી પરંતુ આ વખતે તેને ચંદ્ર પર ઉતરવામાં સફળતા મળી છે.

### ચીન પરની...

ભારતની ચીન પરની નિર્ભરતાને ઓછી કરવામાં મદદરૂપ થશે.

15,703 હેક્ટર વિસ્તારમાં પાંચ લિથિયમ બ્રાઇન બ્લોક સાથે સંકળાયેલો આ ભારતનો પ્રથમ લિથિયમ અન્વેષણ અને ખાણકામ પ્રોજેક્ટ છે. કેન્દ્ર સરકારે એક નિવેદનમાં જણાવ્યું કે, 'આ વ્યૂહાત્મક પગલું ફક્ત ભારત અને આર્જેન્ટિના વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને જ મજબૂત નહીં બનાવે, પરંતુ તે ખાણકામ ક્ષેત્રના ટકાઉ વિકાસમાં પણ યોગદાન આપશે, જે વિવિધ ઉદ્યોગો માટે જરૂરી મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ખનિજો માટેનું વાતાવરણ પૂરું પાડશે અને એક ફ્લેક્સિબલ અને વૈવિધ્યસભર પુરવઠા શ્રૃંખલા સુનિશ્ચિત કરશે.' પર્યાવરણને અનુકૂળ ભવિષ્ય તરફ સકારાત્મક પરિવર્તન માટે લિથિયમ આવશ્યક છે. લિથિયમ ઊર્જા રૂપાંતરણ માટે સૌથી મહત્વપૂર્ણ ખનિજ તરીકે જાણીતું છે. તે ઇલેક્ટ્રિક વાહનો અને બેટરી ઊર્જા સંગ્રહ પ્રણાલીમાં ઉપયોગમાં લેવાતી લિથિયમ-આયન બેટરીનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે. ડીઝલ અને પેટ્રોલ વાહનોથી થતા પ્રદૂષણને ઘટાડવા માટે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### રામમંદિર પ્રાણ..

ભાગ લેવાને લઇને પોતાનું નિવેદન આપ્યું છે. હરભજન સિંહે કહ્યું કે, કોઇ જાય કે ના જાય હું તો જરૂર આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે જઇશ.

હરભજન સિંહનું આ નિવેદન કેટલાક રાજકીય પક્ષ દ્વારા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમના આમંત્રણને અસ્વીકાર કર્યા પછી આવ્યું છે. હરભજને સ્પષ્ટ કર્યું કે તે જે કઇ પણ છે, ભગવાનના આશીર્વાદને કારણે જ છે. હરભજને કહ્યું, "આ અમારૂ સૌભાગ્ય છે કે આ સમયે આ મંદિર બની રહ્યુ છે, માટે આપણે બધાએ જવું જોઇએ અને આશીર્વાદ લેવા જોઇએ. કોઇ જાય કે ના જાય, કારણ કે મારી ભગવાનમાં આસ્થા છે, હું જરૂર જઇશકોઇ ફરત નથી પડતો કે કઇ પાર્ટી જાય છે અને કઇ પાર્ટી નથી જતી."

### દિલ્હી : બાબર...

પરથી આ પોસ્ટર હટાવી દેવામાં આવ્યું છે.

હિન્દુ સેનાના કાર્યકરો કહે છે કે ભારત ભગવાન શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી વાલ્મીકિ, ગુરુ રવિદાસ જેવા મહાપુરુષોનો દેશ છે. અયોધ્યામાં શ્રી રામ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. જ્યારે બાબરની બાબરી નથી રહી તો પછી દિલ્હીમાં બાબર રોડનું શું કામ?

આ સંદર્ભમાં માહિતી આપતા હિન્દુ સેનાના કાર્યકર્તાએ જણાવ્યું કે, આજે હિન્દુ સેનાના કાર્યકરોએ નવી દિલ્હીના બાબર રોડનું નામ બદલીને અયોધ્યા માર્ગ કરી દીધું છે. હિન્દુ સેનાના કાર્યકરોની લાંબા સમયથી માંગ હતી કે આ રોડનું નામ કોઈ મહાપુરુષના નામ પર બદલવું જોઈએ અને આજે હિન્દુ સેનાએ આ કામ કર્યું છે.

### નિખિલ ગુપ્તા...

ચુકાદો આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે નિખિલ ગુપ્તા પર હત્યાની સોપારીનો આરોપ છે. આ અંતર્ગત વધુમાં વધુ 10 વર્ષની જેલની સજાની જોગવાઈ છે.

# ગાંધીનગર મનપા દ્વારા સે.-6 ખાતે 9મા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરાયુ

ગુજરાત | વંદન

શ્રી રામ જન્મભૂમિ રાજ્ય ના પાટનગર ગાંધીનગર માં મહાનગર પાલિકા દ્વારા વોર્ડ નં- 10 માં સંત રોહિદાસ મંદિર, સેકટર-6 ખાતે સેવાસેતુ કાર્યક્રમના 9 માં તબક્કાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં GMC ના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ વિવિધ સરકારી યોજનાઓના લાભ સહિત ડાયાબિટીસ અને આયુર્વેદિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. તે દરમ્યાન મેયરએ જણાવ્યું હતું કે છેવાડાનો એકપણ સાચો લાભાર્થી સરકારી યોજનાઓથી વંચિત ન રહે એ માટે મહાનગરપાલિકા પ્રતિબદ્ધ છે. આ કાર્યક્રમમાં કાઉન્સિલર તેમજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અનુસંધાન પેજ 10 પરથી...

### ચૂંટણી વર્ષ...

પ્રતિનિધિઓની બહુમતી પ્રાપ્ત ન થાય, તો સંમેલન પ્રતિનિધિઓ નામાંકિતને પસંદ કરે છે. આ મતદાનના વધારાના રાઉન્ડ દ્વારા થાય છે. આ કોન્ફરન્સમાંથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારની પસંદગી કરે છે. રાષ્ટ્રપતિ પદના ઉમેદવારો સામાન્ય લોકોનું સમર્થન મેળવવા માટે દેશભરમાં પ્રચાર કરે છે.

ત્રીજું પગલું: સામાન્ય ચૂંટણીઓમાં, અમેરિકાના દરેક રાજ્યમાં લોકો રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિને મત આપે છે. ઉમેદવારોના નામ સામાન્ય ચૂંટણીના મતપત્ર પર સૂચિબદ્ધ છે. ખાસ કરીને, નાના રાજકીય પક્ષોના ઉમેદવારો અને અપક્ષ ઉમેદવારો રાષ્ટ્રીય સંમેલન કરી શકતા નથી. પરંતુ જો તેઓ પાત્રતાની આવશ્યકતાઓને પૂર્ણ કરે તો તેઓ રાજ્ય-દર-રાજ્યના આધારે મતદાન પર દેખાઈ શકે છે. નવેમ્બરના પહેલા મંગળવારે ચૂંટણી યોજાય છે. પરંતુ આ શ્રેણી અહીં સમાપ્ત થતી નથી. જ્યારે લોકો તેમનો મત આપે છે, ત્યારે તેઓ વાસ્તવમાં લોકોના જૂથને મત આપતા હોય છે જેને મતદાર કહેવાય છે. તેમના રાજ્યમાં પ્રમુખપદ માટે લડતા દરેક ઉમેદવાર પાસે પોતાના મતદારોનો સમૂહ હોય છે (જેને સ્લેટ તરીકે ઓળખવામાં આવે છે). જ્યારે લોકો રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને મત આપે છે, ત્યારે તેઓ વાસ્તવમાં તે ઉમેદવારના પસંદગીના મતદારોને મત આપતા હોય છે.

ચોથું પગલું: અમેરિકામાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ સીધા નાગરિકો દ્વારા ચૂંટાતા નથી. તેના બદલે, તેઓ ઈલેક્ટોરલ કોલેજ નામની પ્રક્રિયા દ્વારા "મતદારો" દ્વારા પસંદ કરવામાં આવે છે. ઈલેક્ટોરલ કૉલેજ એ એક પ્રક્રિયા છે જેમાં દરેક રાજ્યના મતદારો અથવા પ્રતિનિધિઓ તેમના મત આપે છે અને નક્કી કરે છે કે કોણ પ્રમુખ બનશે. દરેક રાજ્યને તેની વસ્તીના કદના આધારે મતદારોની સંખ્યા આપવામાં આવે છે.

દરેક રાજ્યની નીતિ અનુસાર કુલ 538 મતદારોની પસંદગી કરવામાં આવે છે. કોંગ્રેસમાં તેના પ્રતિનિધિત્વના આધારે દરેક રાજ્યને ચોક્કસ સંખ્યામાં મતદારો મળે છે. સામાન્ય ચૂંટણી પછી, દરેક મતદાર એક મત આપે છે. જે ઉમેદવાર અડધાથી વધુ (270) મત મેળવે છે તે જીતે છે. તેથી જ નવેમ્બરમાં યોજાનારી સામાન્ય ચૂંટણીઓ કહેતી નથી કે ખરેખર કોણ જીતશે. અને આ જ કારણ છે કે ઘણી વખત ઉમેદવાર પ્રમુખપદ (ઈલેક્ટોરલ વોટ્સ) જીતે છે પરંતુ લોકપ્રિય મત (સામાન્ય ચૂંટણી દરમિયાન લોકો દ્વારા મત) જીતી શકતા નથી.ઈલેક્ટોરલ કોલેજ પ્રક્રિયા કેવી રીતે કામ કરે છે? સામાન્ય રીતે, રાજ્યમાં સૌથી વધુ મત મેળવનાર ઉમેદવારને ત્યાંના તમામ ચૂંટણી મતો મળે છે. આનો અર્થ છે, "જો કોઈ ઉમેદવાર રાજ્યમાં 1 ટકાથી જીતે છે, તો તેને 100 ટકા ચૂંટણી મતો મળે છે." તેથી, દરેક રાજ્યમાં મતદારોની સંખ્યા મહત્વની ભૂમિકા ભજવે છે.

ઉમેદવારો તેમની ઉર્જા સ્વિંગ આંકડાઓ પર કેન્દ્રિત કરે છે જે કોઈપણ રીતે મત આપી શકે છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### સફળતા ન મળે...

સ્થાપેયી યુનિવર્સિટી આજે વિશાળ વટવૃક્ષ બની છે.

ગુજરાત યુનિવર્સિટીના 72માં પદવીદાન સમારોહમાં કુલ 9 વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ હતી. જેમા કોમર્સમાં 27,835, આર્ટ્સમાં 10,295, સાયન્સમાં 5718, ડેન્ટલમાં 281, મેડિકલમાં 1722, એજ્યુકેશન ફેકલ્ટીમાં 3123 અને ફાર્મસીમાં 1 વિદ્યાર્થી સહિત કુલ 51,622 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી. યુનિવર્સિટીના કુલપતિ ડૉ નિરજા ગુપ્તાએ તેમના સ્વાગત સંબોધનમાં જણાવ્યુ કે 75માં વર્ષમાં પ્રવેશેલી ગુજરાત યુનિવર્સિટીનો આ 72મો પદવીદાન સમારોહ છે. તેમણે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા જણાવ્યુ કે આપ સહુ યુવાનો આગળ વધો અને સમાજને ઉન્નત સ્થાન પર પહોંચાડો તેવી શુભેચ્છા.

### ગેરકાયદે...

અમનદિપ, બિપીન દરજી, પંકજ પટેલ તેમજ રાકેશ રાય, ઝાકીર શૈખ, રજની ઉર્ફે શની નામનાં આરોપી પણ ફરાર છે. અમદાવાદથી ગેરકાયદે લોકોને વિદેશ મોકલવાનાં કેસમાં વધુ એક ખુલાસો થવા પામ્યો છે. જેમાં 14 એજન્ટોએ દોઢ વર્ષમાં 800 ગુજરાતીઓને અમેરિકા મોકલ્યાનો ખુલાસો થવા પામ્યો છે. ગુજરાત બહારનાં 700 લોકોને પણ ગેરકાયદે અમેરિકા ઘુસાડ્યા છે. ફ્લાઈટમાં જગ્યા પડતાં ગુજરાતનાં એજન્ટ મારફતે ગ્રાહક શોધવામાં આવતા હતા. દુબઈ લઈ જવાયેલા લોકોને 1 થી 3 મહિનાના ટુરિસ્ટ વિઝા પણ અપાવી દેવાયા હતા. ફ્રાન્સથી પરત મોકલાયેલા વિમાનમાં સવાર લોકોની તપાસમાં ખુલાસો થવા પામ્યો હતો. અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ કરવાના પ્રયાસ મામલે 14 એજન્ટો સામે ગુનો નોંધાયો છે. અત્રે જણાવીએ કે, કબૂતરબાજી મુદ્દે CID ક્રાઈમે 14 એજન્ટો સામે કાર્યવાહીનો તંજ ખેચ્યો છે. મુંબઇ, દિલ્હી, દુબઇ અને ગુજરાતના એજન્ટો હોવાનું પણ સામે આવ્યું છે.

### મ્યુનિસિપલ શાળાઓમાં ...

ગીતાસાર અને શ્લોકોના પઠન 10 લાખની જોગવાઈ તથા કોર્પોરેશનની શાળાના વિદ્યાર્થીઓને સ્કીલ ડેવલમેન્ટના ક્લાસની જોગવાઈ 6 કરોડની જોગવાઈ કરાઈ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની કુલ 449 શાળાઓના 5 માધ્યમ માં વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય કરવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે નાણાકીય વર્ષ 2024-25 માં કુલ 67 કરોડનો ખર્ચનો અંદાજ લગાવવામાં આવ્યો છે જ્યારે શાળામાં માળખાકીય સુવિધા પાછળ કુલ 80 કરોડના ખર્ચનો અંદાજ ડ્રાફ્ટ બજેટમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ રાખ્યો છે.

### શહેર ટ્રાફિક...

જેમાં 528 લોકો મોત, જ્યારે 729 લોકોને ગંભીર ઈજાઓ અને 604 લોકોને સામાન્ય ઈજા 604 થઈ છે. આ અકસ્માતના આંકડામાં 14 જેટલા હોટ સ્પોર્ટમાં અકસ્માત વધ્યા હોવાથી NHI, AMC અને ઔડાને રોડ એન્જીનીયરની ખામી દૂર કરવાની જાણ કરાઈ છે. જ્યારે રોડ એન્જીનીયરની સાથે નો પાર્કિગ, ઝીબ્રા કોસિંગ, લેન્ડ માર્કિંગ, પેડેસ્ટિયલ કોસિંગ, સ્પીડ લિમિટ સાયનેસ બોર્ડ, રોંગ સાઈડનું પ્રમાણ અટકાવવાની કામગીરી શરૂ કરી છે.

નોંધનીય છે કે શહેરમાં 2022 કરતા 2023માં અકસ્માતના આંકડા વધ્યા છે. ત્યારે ટ્રાફિક પોલીસે અકસ્માત ઘટાડવા અને લોકોને સ્પીડ પર નિયંત્રણ લાવવા એક્શન પ્લાન બનાવ્યો છે. જેમાં રોડ એન્જીનીયર ખામી દૂર કરવાની સાથે સ્પીડમાં વાહન ચલાવતા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

### ચાલુ વર્ષે...

છતા પણ બપોર થતા ઉનાળાની ગરમીનો અહેસાસ થઇ રહ્યો છે. કારણ કે, લઘુતમ અને મહત્તમ તાપમાન સામાન્ય કરતા ઉંચુ છે. શિયાળામાં કચ્છના વિસ્તારોમાં ઠંડી વધુ રહેતી હોય છે.ભુજનુ લઘુતમ તાપમાન 13.4 ડિગ્રી નોંધાયુ છે. જે સામાન્ય કરતા 4 ડિગ્રી તાપમાન ઉંચુ છે. ઠંડુગાર રહેતુ નલિયાનુ લઘુતમ તાપમાન 11.2 ડિગ્રી નોંધાયુ છે. જે સામાન્ય કરતા 1 ડિગ્રી ઉંચુ તાપમાન છે. ડીસાનુ લઘુતમ તાપમાન 12.2 ડિગ્રી નોંધાયુ છે. જે સામાન્ય કરતા 3 ડિગ્રી ઉંચુ છે. તો અન્ય શહેરોનુ તાપમાન પણ સામાન્ય કરતા ઉંચુ નોધાયુ છે.

### ગોધરાકાંડમાં ...

39 પારિવારોની ઓળખ કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવતા કહ્યું કે, "હાલ 19 પરિવાર સુધી આમંત્રણ પહોંચ્યું છે, તેમજ રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠામાં ઉપસ્થિત રહેવા માટે આગ્રહ રાખવામાં આવ્યો છે."

વિશ્વ હિંદુ પરિષદના પ્રવક્તા હિતેન્દ્ર સિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, અમદાવાદ જગન્નાથ મંદિરના મહંત, પ્રેરણા તીર્થ ધામ પીરાણાના ટ્રસ્ટી, સુરત સ્થિત ઉદ્યોગપતિઓ, સામાજિક કાર્યકરો તેમજ વરિષ્ઠ પત્રકારોને પણ રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા માટેનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

### શબરીના ...

શ્રી રામ પ્રત્યેની આસ્થા પ્રગટ કરી છે.

ડાંગ જિલ્લાના તમામે તમામ 311 ગામોની આદિવાસી બહેનોએ છેલ્લા પંદર દિવસ અગાઉથી ગામના નિયત કરાયેલા જાહેર સ્થળે એક જ સમયે એકત્ર થઈ, ખૂબ જ ભક્તિપૂર્ણ માહોલમાં 108 બોરની એક એક માળા તૈયાર કરી છે. પ્રત્યેક બોર ઉપર પોતાના આરાધ્ય દેવ પ્રભુ શ્રી 'રામ' નું નામ લખી, એક એક બોરને ડ્રિલ મશીનથી કાણા પાડી, તેને માળામાં પરોવાયા છે. દંડકારણ્યના ગામે ગામ 'રામ નામ' નું ઘેલુ લગાડનારા પ્રયોશા પ્રતિષ્ઠાનના સ્થાપક પી.પી.સ્વામીએ એક મુલાકાતમાં કહ્યું હતું કે, 311 ગામોના 36 જેટલા શક્તિ કેન્દ્રોમાં દરેક ગામના બહેનો મંદિરમાં એકત્ર થાય, ત્યાં તેમને નવનિર્મિત શ્રી રામ મંદિર વિશે વિગતે જાણકારી આપવામાં આવી હતી.

### આવતા વર્ષે સરેરાશ ગ્રાહક ભાવાંક આધારિત ફુગાવો 4.5 ટકા રહેશે

# ભારત પર દુનિયાનો વિશ્વાસ વધી રહ્યો છે : RBI

■ વિકાસ દર 7 ટકાથી ઉપર રહેવાની આશા, દાવોસમાં બોલ્યા ગવર્નર શક્તિકાંત

ગુજરાત | વંદન




ભારતની અર્થવ્યવસ્થા વિશ્વમાં ઝડપથી ઉભરી રહી છે. જેની અસર એ છે કે ભારત પર દુનિયાનો વિશ્વાસ વધી રહ્યો છે. હાલમાં જ દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠકમાં રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે પણ આ વાત કહી હતી.

મીટિંગ દરમિયાન શક્તિકાંત દાસે ભારતના આર્થિક વિકાસ વિશે ઘણી વાતો કરી હતી. દાસે કહ્યું કે ભારતીય અર્થતંત્ર આગામી નાણાકીય વર્ષ 2024-25માં સાત ટકાના દરે વૃદ્ધિ કરી શકે છે. પરંતુ એનએસઓએ તેમાં વધુ વધારો કર્યો છે. NSO અનુસાર, ભારતનો વિકાસ દર 7 ટકાથી ઉપર રહેવાની ધારણા છે. આ ઉપરાંત ફુગાવો સાધારણ રહેવાની ધારણા છે.

શક્તિકાંત દાસે વધુમાં કહ્યું કે, ભારતમાં આંતરરાષ્ટ્રીય વિશ્વાસ સર્વકાલીન ઉચ્ચ સ્તરે છે. ચાલુ નાણાકીય વર્ષ માટે આરબીઆઈનો વૃદ્ધિનો અંદાજ 7% હતો. NSO (નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ) એ 7.3% જણાવ્યું છે. તેથી, જ્યારે અમે ચાલુ વર્ષ માટે 7% કહ્યું, ત્યાં ઘણા બધા મંતવ્યો બહાર આવ્યા કે આરબીઆઈ વધુ પડતો અંદાજ કરી રહી છે. પરંતુ વાસ્તવમાં, NSO એ ચાલુ વર્ષ માટે 7.3% અને નાણાકીય વર્ષ 2024-25 માટે 7.3% રહેવાનો અનુમાન કર્યો છે.

દાસે કહ્યું છે કે તાજેતરના વર્ષોમાં સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા માળખાકીય સુધારાઓએ ભારતીય અર્થતંત્રની મધ્યમ અને લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાઓને વેગ આપ્યો છે. પડકારજનક વૈશ્વિક મેક્રો ઈકોનોમિક વાતાવરણ વચ્ચે, ભારત વિકાસ અને સ્થિરતાનું ઉદાહરણ સ્થાપિત કરી રહ્યું છે. તેમણે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠક દરમિયાન 'હાઈ ગ્રોથ, લો રિસ્ક ઈન્ડિયા સ્ટોરી' વિષય પર આયોજિત સીઆઈઆઈ સત્રમાં કહ્યું કે વૈશ્વિક આર્થિક મોરચે ફુગાવો ઘટ્યો છે, પરંતુ વિકાસ દર નીચો છે.

દાસે કહ્યું છે કે કોઈપણ અવરોધ વિના પ્રગતિની સંભાવના છે અને બજારોએ હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. જો કે, આંતરરાષ્ટ્રીય જોખમો અને આબોહવા જોખમો રહે છે. આરબીઆઈ ગવર્નરે કહ્યું કે ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો જીડીપી વૃદ્ધિ દર 7.2 ટકા રહેવાની અનુમાન છે.

તેમણે કહ્યું કે મજબૂત સ્થાનિક માંગ સાથે, ભારત સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર છે. અમે તાજેતરના વૈશ્વિક આંચકામાંથી વધુ મજબૂત બન્યા છીએ. દાસે વધુમાં જણાવ્યું હતું કે મજબૂત વિદેશી મુદ્રા ભંડાર સાથે બાહ્ય સંતુલન સરળતાથી મેનેજ કરી શકાય છે. તેમણે કહ્યું કે 2022ના ઉનાળાના ઉચ્ચ સ્તરથી હેડલાઈન ફુગાવો નોંધપાત્ર રીતે નીચે આવ્યો છે. આ દર્શાવે છે કે અમારી નાણાકીય નીતિની ક્રિયાઓ અને તરલતાના પુનઃસંતુલન પર અસર પડી રહી છે.

આરબીઆઈ ગવર્નરે જણાવ્યું હતું કે મુખ્ય ફુગાવો પણ ક્રમિક રીતે ઘટ્યો છે, જ્યારે સરકારના સક્રિય સપ્લાય-સાઈડ હસ્તક્ષેપોએ પણ ખાદ્યપદાર્થોના ભાવના ઝટકાને ઘટાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. દાસે આશા વ્યક્ત કરી કે આવતા વર્ષે સરેરાશ ગ્રાહક ભાવ સૂચકાંક આધારિત ફુગાવો 4.5 ટકા રહેશે અને આરબીઆઈ શક્ય તેટલી વહેલી તકે ચાર ટકાના લક્ષ્યને હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ અને વિશ્વાસ ધરાવે છે.

તેમણે કહ્યું છે કે અમને આશા છે કે ભારતીય અર્થવ્યવસ્થા 2024-25માં સાત ટકાના દરે વૃદ્ધિ કરશે. સરકારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને રિટેલ ફુગાવો બે ટકાના તફાવત સાથે ચાર ટકા પર રાખવાની જવાબદારી સોંપી છે.

# બજેટ-2024 : જૂની ટેક્સ સિસ્ટમમાં રાહતની કારદાતાઓની અપેક્ષા

■ નાણામંત્રી નિર્મળા સીતારામન કરી શકે છે મોટી જાહેરાત




ગુજરાત | વંદન

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ 1 ફેબ્રુઆરી 2024 ના રોજ મોદી સરકારનું વચગાળાનું બજેટ રજૂ કરશે. એવું માનવામાં આવે છે કે આ બજેટમાં કોઈ ખાસ જાહેરાત કરવામાં આવશે નહીં પરંતુ એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સરકાર જૂની ટેક્સ સિસ્ટમ હેઠળ ટેક્સમાં છૂટ આપી શકે છે.

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ 1 ફેબ્રુઆરી 2024 ના રોજ મોદી સરકારનું વચગાળાનું બજેટ રજૂ કરશે. એવું માનવામાં આવે છે કે આ બજેટમાં કોઈ ખાસ જાહેરાત કરવામાં આવશે નહીં પરંતુ એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સરકાર જૂની ટેક્સ સિસ્ટમ હેઠળ ટેક્સમાં છૂટ આપી શકે છે. આ મુક્તિ જૂની કર પ્રણાલી હેઠળ અનુમતિપાત્ર લઘુત્તમ સ્તરે હોઈ શકે છે.

એક મીડિયા રિપોર્ટ મુજબ મામલા સાથે સંકળાયેલા વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આગામી બજેટમાં કેટલીક વધારાની કર મુક્તિ ફક્ત જૂના આવકવેરા શાસન માટે માન્ય લઘુત્તમ સ્તરે જ આપી શકાય છે. નવા પગલાઓમાં મહિલાઓ અને ખેડૂતો માટે આવકવેરા મુક્તિના દરને લગભગ 7 લાખ રૂપિયા સુધી વિસ્તરણની પણ જાહેરાત કરવામાં આવી શકે છે.

પ્રત્યક્ષ કર પ્રણાલીમાં સુધારાની જાહેરાત સાથે નવા પગલાંથી સરકારના રાજકોષીય ખાધના આંકડા પર કોઈ અસર નહીં થાય. જો કે, નોંધનીય છે કે નાણામંત્રી પહેલા જ કહી ચૂક્યા છે કે ફેબ્રુઆરીમાં વચગાળાના બજેટમાં કોઈ પણ પ્રકારની વિશેષ જાહેરાત થઈ શકે નહીં. લોકસભા ચૂંટણી બાદ જુલાઈમાં સંપૂર્ણ બજેટ રજૂ કરવામાં આવશે. આ કારણોસર કોઈ નોંધપાત્ર ફેરફારની આશા ઓછી છે.

# પ્રજાસત્તાક દિવસના ખાસ અવસરે જિયો દ્વારા વાર્ષિક રિચાર્જની ઓફર

■ ઓફરના ભાગરૂપે પસંદગીની પ્રોડક્ટની ખરીદી પર 10 ટકા ડિસ્કાઉન્ટ આપશે




ગુજરાત | વંદન

જિયોએ મંગળવારે પ્રજાસત્તાક દિવસની ઓફર પર લિમિટેડ ટાઈમના વાર્ષિક પ્રીપેડ રિચાર્જ પ્લાનની જાહેરાત કરી હતી. 2,999 રૂપિયાની કિંમતનો, પ્રીપેડ પ્લાન 2.5 GB 4G ડેટા અને અનલિમિટેડ કૉલિંગ સાથે 365 દિવસ માટે અનલિમિટેડ 5G ડેટા ઓફર કરે છે. તેની ટોચ પર, સબ્સ્ક્રિપ્શન સ્વિગી અને જિયો કૂપન્સ, Ixigo દ્વારા ફ્લાઈટ્સ પર ડિસ્કાઉન્ટ અને રિલાયન્સ ડિજિટલમાં પસંદગીની પ્રોડક્ટસ પર 10 ટકા ડિસ્કાઉન્ટ જેવા વધારાના લાભો પણ આપે છે.

230 રૂપિયાના સરેરાશ માસિક ખર્ચ સાથેનો આ રિચાર્જ પ્લાન 15 જાન્યુઆરીથી 30 જાન્યુઆરી સુધી My Jio એપ દ્વારા ઉપલબ્ધ રહેશે અને જે યુઝર્સ ઉપરોક્ત તારીખની અંદર આ પ્લાન રિચાર્જ કરે છે તેઓ વિવિધ લાભો મેળવવા માટે પાત્ર છે. જ્યારે આ સંપૂર્ણપણે નવો રિચાર્જ પ્લાન નથી, Jio મર્યાદિત સમય માટે પ્રજાસત્તાક દિવસ ઓફર હેઠળ વધારાના લાભો ઓફર કરી રહ્યું છે.વધારાના લાભોમાં દરરોજ 100 SMS અને JioCinema સબ્સ્ક્રિપ્શન (મૂળભૂત) નો સમાવેશ થાય છે.પ્રજાસત્તાક દિવસની ઓફરના ભાગરૂપે, Jio રિલાયન્સ ડિજિટલમાં પસંદગીની પ્રોડક્ટની ખરીદી પર 10 ટકા ડિસ્કાઉન્ટ ઓફર કરશે, જ્યાં મિનિમમ ખરીદી મૂલ્ય રૂા. 5,000 કરતાં વધુ હોવું જોઈએ અને મૅક્સિમમ ડિસ્કાઉન્ટ રૂા.10,000 સુધી મર્યાદિત છે. આનો અર્થ એ છે કે રૂા.1,00,000 કે તેથી વધુ કિંમતનું ગેજેટ ખરીદવા પર રૂા. 10,000નું ફ્લેટ ડિસ્કાઉન્ટ મળશે.Jio રૂા. 125 ની કિંમતની બે સ્વિગી કૂપન પણ ઓફર કરી રહી છે, જે રૂા.299 થી વધુની કિંમતના ઓર્ડર પર રિડીમ કરી શકાય છે, અને કંપની એક Ixigo કૂપન પણ ઓફર કરી રહી છે, જે ફ્લાઈટ ટિકિટની કિંમત ત્રણ પેક્સ માટે 1,500 અને બે માટે રૂા. 1,000 ઘટાડી શકે છે. અને એક ટિકિટ માટે રૂા.500.

Jioની પ્રજાસત્તાક દિવસની ઓફરમાં રૂા. 2,499થી વધુની કિંમતનો સામાન ખરીદતી વખતે 5,00 રૂપિયાની ફ્લેટ jio ડિસ્કાઉન્ટ કૂપનનો પણ સમાવેશ થાય છે. છેલ્લે, આ પ્લાન રૂા. 999 થી વધુ મૂલ્યના પસંદગીની પ્રોડક્ટ પર 30 ટકા ડિસ્કાઉન્ટ પણ ઓફર કરે છે, અને ડિસ્કાઉન્ટ રૂા. 1,000 સુધી મર્યાદિત છે.Jio વિવિધ OTT સબ્સ્ક્રિપ્શન પ્લાન સાથે રૂા. 3,662, રૂા.. 3,226, રૂા. 3,225,રૂા. 3,227 અનેરૂા.3,178ની કિંમતના અન્ય વાર્ષિક રિચાર્જ પ્લાન પણ ઓફર કરે છે. તેવી જ રીતે, સૌથી મોંઘો Jio પ્લાન, જેની કિંમત 4,498 રૂપિયા છે, તે 14 OTT સબ્સ્ક્રિપ્શન ઓફર કરે છે, જેમાં પ્રાઈમ વિડિયો મોબાઈલ, હોટસ્ટાર મોબાઈલ, નેટફ્લિક્સ અને વધુનો સમાવેશ થાય છે.

### દેશમાં 2017થી અત્યાર સુધી 56 હજાર ફ્લાઈટ્સ રદ થઈ...

# કેન્દ્ર દ્વારા આગામી દિવસોમાં એરપોર્ટ સેક્ટરમાં 1 લાખ કરોડનું રોકાણ થશે

■ 2023માં ભારતમાં 15.2 કરોડથી વધુ મુસાફરોએ હવાઈ મુસાફરી કરી

ગુજરાત | વંદન



તાજેતરમાં ઈન્ડિગો એરલાઈન્સના પાઈલટને એક મુસાફર દ્વારા થપ્પડ મારવામાં આવી હતી કારણ કે ધુમ્મસને કારણે ફ્લાઈટ 13 કલાક સુધી રનવે પર ફસાઈ ગઈ હતી. નારાજ પેસેન્જરે પાયલટ પર હુમલો કર્યો. આ ઘટનાએ એરલાઈન્સની વ્યવસ્થા પર સવાલો ઉભા કર્યા છે. ફ્લાઈટ્સમાં વિલંબ કે રદ થવો, વિમાનોની ભીડ, ભાડામાં ભારે વધારો અને મુસાફરોના સામાનની સમસ્યા સામાન્ય બની ગઈ છે. આવી સ્થિતિમાં એ જાણવું જરૂરી છે કે દેશમાં એરલાઈન્સની શું હાલત છે, મુસાફરો શા માટે પરેશાન છે અને કયા મુદ્દાઓ પર ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી ડૉ. વીકે સિંહે ઓગસ્ટ 2023માં રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, 2017થી અત્યાર સુધીમાં 56,607 નિર્ધારિત ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. જેના કારણે મુસાફરોને 31.83 કરોડ રૂપિયાનું વળતર આપવામાં આવ્યું હતું. આ આંકડો ચોંકાવનારો છે અને મુસાફરોને ભારે મુશ્કેલી ઉભી કરે છે. ખાસ કરીને બિઝનેસ મીટિંગ્સ, તબીબી કટોકટી અથવા કોઈપણ મહત્વપૂર્ણ ઘટના માટે હવાઈ મુસાફરી કરતા લોકો સૌથી વધુ પીડાય છે. પ્લેનમાં વિલંબ અને કેન્સલ થવા પાછળ ઘણાં કારણો આપવામાં આવે છે. જેમ કે ખરાબ હવામાન, ટેકનિકલ ખામીઓ, પાઈલોટ્સની અછત અને ક્યારેક એરલાઈન્સ દ્વારા ઓવરબુકિંગ.

ફ્લાઈટ દ્વારા મુસાફરી કરનારા લોકોની સંખ્યા ઝડપથી વધી રહી છે. 2023માં ભારતમાં 15.2 કરોડથી વધુ મુસાફરોએ હવાઈ મુસાફરી કરી હતી. નવેમ્બરમાં 9%નો વધારો થયો હતો અને મહિનામાં 1.27 કરોડ લોકોએ હવાઈ મુસાફરી કરી હતી. 2023-24માં 371 મિલિયન મુસાફરો અને 2024-25માં 412 મિલિયન મુસાફરો ઉડાન ભરે તેવી અપેક્ષા છે. જોકે ઘણા મુસાફરો એરલાઈન કંપનીઓની સેવાથી સંતુષ્ટ નથી. મુસાફરો ઊંચા ભાડા, ફ્લાઈટ કેન્સલેશન, વિલંબ, ખોવાયેલો અને ક્ષતિગ્રસ્ત સામાન, ફ્લાઈટમાં મોંઘા ખોરાક અને સ્ટાફના ખરાબ વર્તન અંગે ફરિયાદ કરી રહ્યા છે.

એરલાઈન્સનો મુદ્દો ચર્ચામાં છે. મુસાફરો સોશિયલ મીડિયા પર એરલાઈન કંપનીઓ સામે પોતાનો ગુસ્સો ઠાલવી રહ્યા છે. વિવાદ એટલો વધી ગયો કે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને શાંતિની અપીલ કરવી પડી. સિંધિયાએ લોકોને મુશ્કેલ સમયમાં સહકાર આપવા વિનંતી કરી. આ પછી DGCAએ એરલાઈન કંપનીઓ માટે એક સૂચના જાહેર કરી છે. હવે વિલંબની શક્યતાને કારણે અગાઉથી જ ફ્લાઈટ રદ કરવામાં આવે તેવી શકયતા છે. એરક્રાફ્ટ રેગ્યુલેટરી બોડી ડીજીસીએએ નિર્દેશ આપ્યો છે કે જો ફ્લાઈટ ત્રણ કલાકથી વધુ મોડી થવાની સંભાવના હોય તો કંપનીઓ તે ફ્લાઈટ્સ અગાઉથી રદ કરી શકે છે.

તેમાંથી સૌથી વધુ 39 ટકા મુસાફરોએ કહ્યું કે તેઓને પ્લેનમાં આપવામાં આવતો ખોરાક, પીણું અને મનોરંજન પસંદ નથી. 35 ટકા મુસાફરોને બોર્ડિંગ, ચેક-ઈન અને બેગેજ હેન્ડલિંગમાં સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. 30 ટકા લોકોને ફ્લાઈટનું ઈન્ટિરિયર પસંદ નથી આવ્યું. જેમ કે- બેઠક, મનોરંજનનો માર્ગ. 17 ટકા લોકોએ કહ્યું કે, એરલાઈન કંપનીઓ સમયસર ફ્લાઈટ સંબંધિત જરૂરી માહિતી પૂરી પાડતી નથી. ફ્લાઈટમાં વિલંબ થવાને કારણે 17 ટકાને સમસ્યાનો સામનો કરવો પડ્યો. 9 ટકા લોકોને ફ્લાઈટ્સ અને એરપોર્ટ પર એરલાઈન્સ કર્મચારીઓનું વર્તન પસંદ નહોતું. ઘણા લોકોને વિમાનમાં બેસવાની મંજૂરી આપવામાં આવી ન હતી કારણ કે તેઓ એરલાઈનના કાઉન્ટર પર થોડી મિનિટો મોડા પહોંચ્યા હતા. આ પછી તેને આગલી ફ્લાઈટ માટે એરલાઈનના ટિકિટ કાઉન્ટર પર લઈ જવામાં આવ્યો અને વધારાના ચાર્જ લેવામાં આવ્યા હતા .

ભારતમાં ઉડ્ડયન ક્ષેત્ર ઝડપથી વધી રહ્યું છે. હવાઈ મુસાફરીની માંગ આકાશને આંબી રહી છે અને સ્થાનિક એરલાઈન્સ આ ઉછાળાનો લાભ લેવા તૈયાર છે. ઉડ્ડયન કંપનીઓ તેમના કાફલાને વિસ્તારવા અને નવી ટેક્નોલોજીમાં રોકાણ કરવા પર ભાર આપી રહી છે. વિદેશી કંપનીઓ પણ ભારતના એરલાઈન ઉદ્યોગમાં રસ લઈ રહી છે. અત્યાર સુધીમાં ભારતમાં 3.76 બિલિયન યુએસ ડોલરનું રોકાણ કરવામાં આવ્યું છે. બીજી તરફ એરપોર્ટની સંખ્યા વધારવા માટે પણ કામ ચાલી રહ્યું છે, જેથી દેશના એક ખૂણેથી બીજા ખૂણે જવામાં સરળતા રહેશે. ભારતે 2025 સુધીમાં 220 નવા એરપોર્ટ બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. આ અંતર્ગત આગામી દિવસોમાં એરપોર્ટ પર 1 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવાની યોજના છે. સરકાર એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા અને એવિએશન ઈંધણ પર ટેક્સ ઘટાડવા પર પણ કામ કરી રહી છે. કેન્દ્રીય બજેટ 2023-24માં નાગરિક ઉડ્ડયન મંત્રાલયને 3225 કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. 50 જૂના એરપોર્ટ ફરીથી ખોલવામાં આવશે. નાના શહેરોને હવાઈ સેવા સાથે જોડવા માટે 'ઉડાન' યોજનાને 601 કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં 16 નવા એરપોર્ટ બનાવવામાં આવશે.

# ઈન્ડિગોની બેદરકારીના પગલે અન્ય એરલાઈન્સ સાવચેત બની

■ પ્રવાસીઓએ રનવે પર ભોજન આપવું IndiGoને 1.20 કરોડમાં પડ્યું

ગુજરાત | વંદન



ભારતમાં તમામ એરલાઈન્સ હાલમાં પ્રવાસીઓ સાથે જે રીતનો વ્યવહાર કરી રહી છે તેના કારણે તેમની આબરુ ગઈ છે. ભારતમાં સૌથી વધુ માર્કેટ શેર ધરાવતી IndiGo એરલાઈન પણ તેમાંથી બાકાત નથી. તાજેતરમાં ઈન્ડિગોના પ્રવાસીઓએ મુંબઈ એરપોર્ટ પર રનવે પર બેસીને ભોજન લેવું પડ્યું હતુંજેનો વીડિયો વાઈરલ થયો હતો. તેના પગલે મુંબઈ એરપોર્ટ અને ઈન્ડિગો બંનેને નોટિસ મોકલવામાં આવવી હતી. હવે ઈન્ડિગો એરલાઈનને 1.20 કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે.તેના પગલે બીજી એરલાઈન્સ કંપનીઓ એ તેમાંથી ધડો લેશે એમ સૂત્રો એ જણાવ્યું હતું.

સસ્તા ભાડાની એરલાઈન તરીકે ઓળખાતી IndiGoને બ્યુરો ઓફ સિવિલ એવિયેશન સિક્યોરિટી દ્વારા દંડ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત મુંબઈ એરપોર્ટને ડીજીસીએ દ્વારા 30 લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. મંગળવારે કેન્દ્ર સરકારે IndiGo અને મુંબઈ એરપોર્ટના સત્તાવાળાઓને નોટિસ ફટકારી હતી અને રનવે પર ભોજન લેતા પ્રવાસીઓનો વીડિયો વાઈરલ થયો તે અંગે તેમની સ્પષ્ટતા માગી હતી.અત્યાર સુધીમાં કોઈ પણ એરલાઈનને કરવામાં આવેલો આ સૌથી મોટો દંડ છે. બ્યૂરો ઓફ સિવિલ એવિયેશન સિક્યોરિટીએ જણાવ્યું કે ઈન્ડિગો દ્વારા શિસ્તનો ભંગ કરવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા મારફત અમારી જાણમાં આવ્યું છે કે 15 જાન્યુઆરીએ ઈન્ડિગોની બે ફ્લાઈટના પેસેન્જરોએ છત્રપતિ શિવાજી ટર્મિનલ એરપોર્ટ પર રનવે પર ઘણો સમય વીતાવ્યો હતો. તેનના કારણે એર સેફ્ટી સર્ક્યુલરનો ભંગ થયો હતો. એર પેસેન્જર્સ લાંબા સમય સુધી આ રીતે રનવે પર રહે તેનાથી સુરક્ષા જોખમાય છે અને પેસેન્જર તથા એરક્રાફ્ટની સેફ્ટી માટે જોખમ પેદા થાય છે.

તાજેતરમાં ઉત્તર ભારતમાં ભારે ધૂમ્મસના કારણે હજારો ફ્લાઈટની ઉડાન રદ થઈ હતી અથવા ડિલે કરવામાં આવી હતી. તેના કારણે એરપોર્ટ પર વિમાન કંપનીના સ્ટાફ અને પ્રવાસીઓ વચ્ચે ઘર્ષણ પણ થયું હતું. ઈન્ડિગો ઉપરાંત એર ઈન્ડિયા અને સ્પાઈસ જેટને પણ રેગ્યુલેટર દ્વારા 30-30 લાખ રૂપિયાના દંડ કરવામાં આવ્યા છે. ધૂમ્મસના કારણે વિમાનને મોડું થાય ત્યારે પરિસ્થિતિનો સામનો કરવા માટે જે તૈયારી કરવી જોઈએ તેનો અભાવ હતો. તેના કારણે બંને એરલાઈનોને ડીજીસીએ દ્વારા મોટો દંડ ફટકારવામાં આવ્યો છે.

# અદાણી-અંબાણીની પ્રોડક્ટ પહોંચી અયોધ્યાના બજારમાં

■ અદાણીની 'ફોર્ચ્યુન' અને રિલાયનના 'કેમ્પાકોલા' બ્રાન્ડનું માર્કેટિંગ

ગુજરાત | વંદન



ભગવાન શ્રી રામ દેશની મોટી કંપનીઓને ઉપયોગી થશે. તેનું કારણ 22 જાન્યુઆરીએ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ છે.

માત્ર 3.5 લાખની વસ્તીવાળા અયોધ્યામાં 'રામ મંદિર' ભક્તોના દર્શન માટે ખુલ્લુ મુકાયા બાદ અંદાજે 10 લાખ શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં અયોધ્યા પહોંચશે. તેથી જુદા-જુદા બિઝનેસ ગ્રૂપને પણ અહીં મોટી તક મળશે.

અયોધ્યામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ શરૂ કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા અયોધ્યા પહોંચવા માટે 'વંદે ભારત' પ્રીમિયમ ટ્રેન પણ શરૂ કરી છે. હવે કોકા-કોલાથી લઈને બિસલેરી, હજમોલાથી લઈને પાર્લે અને અંબાણી-અદાણીની કન્ઝ્યુમર પ્રોડક્ટ કંપનીઓ કોઈ તક છોડવા માંગતી નથી.

શ અંબાણીની રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ અને ગૌતમ અદાણીની 'ફોર્ચ્યુન' બ્રાન્ડ પણ અયોધ્યા પહોંચી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે અયોધ્યામાં તેની 'કેમ્પાકોલા' બ્રાન્ડનું માર્કેટિંગ કર્યું છે. આ સાથે જ કંપની 'ઈન્ડિપેંડેંસ' બ્રાન્ડને પણ પ્રમોટ કરી રહી છે. અદાણી વિલ્મર તેની 'ફોર્ચ્યુન' બ્રાન્ડ પ્રોડક્ટ્સને પ્રમોટ કરી રહી છે. ITC અયોધ્યામાં તેની 'મંગલદીપ' અગરબત્તી બ્રાન્ડને પ્રમોટ કરી રહી છે.

ડાબર ગ્રુપે તેની લોકપ્રિય બ્રાન્ડ 'હજમોલા'ને પ્રમોટ કરવા માટે એક રણનીતિ બનાવી છે. 22મી ના રોજ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માટે આવનાર મહેમાનોને જુદા-જુદા સ્થળ પર ઉપલબ્ધ ભોજનાલય અને ભંડારામાં વિનામૂલ્યે હજમોલાનું વિતરણ કરવામાં આવશે. સાથે જ કંપની અયોધ્યાના તુલસી ઉદ્યાનમાં એક કેન્દ્ર બનાવશે, જ્યાં લોકો ડાબરના અન્ય ઉત્પાદનો અજમાવી શકશે.

# ચીનનો રમકડા ઉદ્યોગ ભારતમાં શિફ્ટ થવામાં આ છે મુશ્કેલીઓ

■ ભારતમાં ચીન જેવી બંદર અને રોડ સુવિધા નથી:રોહિત હેગડે

ગુજરાત | વંદન



ચીનમાં વધતા ખર્ચના કારણે રમકડાના વેપારીઓ સંઘર્ષ કરી રહ્યા છે. તેઓ તેમના પ્લાન્ટને ઓછા ખર્ચમાં પરવડે તેવી જગ્યાએ શિફ્ટ કરવા માંગે છે. પરંતુ તેઓને તેનો વિકલ્પ નથી મળી રહ્યો. છ વર્ષ પહેલાં, રમકડા ઉત્પાદક હાસ્બ્રોએ કરાર માટે એરોસ્પેસ સપ્લાયર Aequs નો સંપર્ક કર્યો હતો. Aequs ના કન્ઝ્યુમર વર્ટિકલના ચીફ રોહિત હેગડેએ ન્યૂઝ એજન્સી રોઈટર્સને જણાવ્યું હતું કે, Hasbro એ કહ્યું હતું કે, જો તમે રમકડાંના ઉત્પાદનમાં પ્રવેશ કરી શકો છો, તો હવે અમે લાખો ડોલરની પ્રોડક્ટ ચીનથી ભારતમાં શિફ્ટ કરવાનું વિચારી રહ્યા છીએ. અમે કહ્યું કે, જો અમને આગામી થોડા વર્ષોમાં ઓછામાં ઓછો $100 મિલિયનનો બિઝનેસ મળે તો, અમે ચોક્કસપણે તેમાં રોકાણ કરી શકીએ છીએ.

રમકડાનું બજાર આજે તેજીમાં આગળ વધી રહ્યું છે અને Aequs ભારતમાં બેલગામમાં 350,000 ચોરસ ફૂટની બે ઈમારતોમાંથી Hasbro અને Spin Master રમકડાં બનાવે છે. જો કે, રોહિત હેગડે અને અન્ય રમકડા ઉત્પાદકો સ્વીકારે છે કે, ભારત અને અન્ય દેશો કિંમત ખર્ચના સંદર્ભમાં ચીનની સરખામણી કરી શકતા નથી. તેમનું એવું પણ માનવું છે કે, જો ઉત્પાદનનો મોટો હિસ્સો ચીનમાં રહે છે, તો ભવિષ્યમાં રમકડાંની કિંમતોમાં વધારો થવાનું જોખમ છે.

રોહિત હેગડેએ કહ્યું, "અમારી પાસે (ભારતમાં) ચીન જેવી બંદર સુવિધાઓ નથી. આપણી પાસે ચીન જેવી રોડ સુવિધા નથી. તેઓ છેલ્લા 30 વર્ષથી આ કરી રહ્યા છે, તેમની કાર્યક્ષમતાનું સ્તર આપણા કરતા ઘણું સારું છે."

હાસ્બ્રો અને બાર્બી ડોલ નિર્માતા મેટેલ સહિત ઘણા રમકડા ઉત્પાદકો તેમના મોટા ભાગના ઉત્પાદન માટે ચીન પર નિર્ભર હતા અને કોવિડ-19 મહામારી દરમિયાન આનો ખતરો સામે આવ્યો હતો. તે સમય દરમિયાન, ચીની બંદરો માલની નિકાસ કરવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા અને સમયાંતરે બંધ થઈ રહ્યા હતા, શિપમેન્ટ અટવાઈ ગયા હતા. ચીનમાં વધતા શ્રમ ખર્ચને પણ ઉદ્યોગો માટે સારું માનવામાં આવતું નથી.

રોડિયમ ગ્રૂપ દ્વારા ગયા સપ્ટેમ્બરમાં એક અહેવાલ દર્શાવે છે કે, 2021 અને 2022 વચ્ચે ભારતમાં કુલ જાહેર કરાયેલ યુએસ અને યુરોપિયન ગ્રીનફિલ્ડ રોકાણમાં $65 બિલિયન અથવા 400% નો વધારો થયો છે, જ્યારે ચીનમાં રોકાણ $120 બિલિયનથી ઘટીને 2022માં $20 બિલિયન થઈ ગયું છે. મેક્સિકો, વિયેતનામ અને મલેશિયામાં પણ રોકાણ આવ્યું. તેમ છતાં અન્ય ઉદ્યોગો સફળ થઈ રહ્યા હોવા છતાં રમકડા ઉત્પાદકો ઉત્પાદન શિફ્ટ કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# રૂમ હીટર એટલે સાયલન્ટ કિલર.., નજર હટી દુર્ઘટના ઘટી...આ છે બચવાની ટિપ્સ...



શિયાળામાં કાતિલ ઠંડીથી બચવાના એક ઉપાય તરીકે રૂમ હીટરનો ઉપોયગ સામાન્ યથઇ ગયો છે. તેના ઉપોયગ વખતે બેદરકારી રાખવામાં આવે તો મુશ્કેલી સર્જી શકે છે. જેમ કે ઘણા લોકો આખો દિવસ રૂમ હીટર ચાલુ રાખે છે અને ઠંડીના દિવસોમાં તેમની સામે બેસી રહે છે. રૂમ હીટર ચાલુ રાખીને સૂવાની ભૂલ ક્યારેય ન કરો.

આમ કરવાથી ગૂંગળામણ થઈ શકે છે. રૂમ હીટર સ્વાસ્થ્યને કેવી રીતે અસર કરે છે અને તેનો ઉપયોગ કરતી વખતે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ, તેની ટિપ્સ આ મુજબ છે.

**▪ કામચલાઉ રાહત જીવનની સમસ્યાઓનું કારણ બની શકે..**

લાંબા સમય સુધી રૂમ હીટર ચાલુ રાખીને સૂવું ન જોઈએ. ખાસ કરીને જે રૂમમાં બાળકો સુવે છે તે રૂમમાં ખાસ રૂમ હીટર ચાલુ ન જ રાખવું જોઈએ. કારણકે રૂમ હિતાર કાર્બન મોનોક્સાઇડ ગેસનું ઉત્સર્જન કરે છે. જેને એક સાયલન્ટ કિલર કહી શકાય છે.

કાર્બન મોનોક્સાઇડ શરીર માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થઈ શકે છે. ડિસેમ્બર અને જાન્યુઆરીમાં ઠંડી વધુ હોય છે. તેનાથી બચવા માટે લોકો રૂમ હીટરનો ઉપયોગ કરવા લાગે છે. કેટલાક લોકો એવા હોય છે જે દિવસ-રાત હીટર ચાલુ રાખે છે અને તેઓ હીટર વગર જીવી પણ શકતા નથી. એ વાત સાચી છે કે હીટર પાસે બેસીને ગરમી લાગે છે. પરંતુ આ કામચલાઉ રાહત જીવનની સમસ્યાઓનું કારણ બની શકે છે.

**▪ હાર્ટ એટેકનું જોખમ...**

ભલે રૂમ હીટર લોકોને આરામ આપે છે, પરંતુ તે ઘણી બિમારીઓનું કારણ બની શકે છે. બારીઓ બંધ કરીને રૂમને ગરમ કરવો શરીર માટે મુશ્કેલ બની શકે છે. રૂમમાં હીટર કે બ્લોઅર ચલાવતી વખતે બારીઓ ખુલ્લી રાખવી જોઈએ જેથી વેન્ટિલેશન જળવાઈ રહે. જો રૂમમાં વેન્ટિલેશન જાળવવામાં આવે તો માત્ર હાર્ટ એટેક જ નહીં પરંતુ અછબડા, શ્વાસ સંબંધી સમસ્યાઓ અને ટીબી જેવા રોગોથી પણ બચી શકાય છે.

**▪ શરીરમાં ખંજવાળની ફરિયાદ...**

રૂમ હીટરના સતત સંપર્કમાં રહેવાથી ત્વચા વધારે ગરમ થાય છે, જેનાથી ત્વચાને નુકસાન પહોંચે છે. આ શુષ્કતા, ખંજવાળ, ટોસ્ટેડ ત્વચા સિન્ડ્રોમ જેવી સમસ્યા તરફ દોરી શકે છે

**▪ રૂમ-હીટર ગૂંગળામણ અને મૃત્યુનું કારણ બની શકે છે...**

જો તમને રૂમ-હીટર ચાલુ રાખીને સૂવાની આદત હોય તો તેનાથી બચો. કારણ કે આ આદત ખતરનાક સાબિત થઈ શકે છે. ભીડવાળી જગ્યામાં રૂમ-હીટરનો ઉપયોગ કરવાથી કાર્બન મોનોક્સાઇડ ઉત્પન્ન થાય છે, જે શ્વાસમાં લેવામાં આવે તો ગૂંગળામણ અને મૃત્યુનું કારણ બની શકે છે.

કેટલાક કિસ્સાઓમાં, રૂમ હીટરના ઉપયોગને કારણે આગનું જોખમ રહેલું છે. જ્યારે રૂમ કાર્બન મોનોક્સાઇડથી ભરેલો હોય છે, ત્યારે ઊલટી, પેટમાં દુખાવો, ચક્કર, માથાનો દુખાવો, બેચેની જેવી સમસ્યાઓ થઈ શકે છે. જ્યારે જરૂર ન હોય ત્યારે, હીટરને અનપ્લગ કરો અને તેને ખૂલ્લું ન છોડો.

**▪ બાળકોને દૂર રાખો..**

રૂમમાં હીટર બાળકોની પહોંચથી બને તેટલું દૂર રાખો. તમે હીટર અથવા બ્લોઅરને ઊંચી જગ્યાએ રાખી શકો છો અથવા જ્યારે ઉપયોગમાં ન હોય ત્યારે તેમને એવી જગ્યાએ રાખો જ્યાં બાળકો સુધી પહોંચવું અશક્ય હોય.

**▪ વડીલોથી દૂર રાખો**

હીટરમાંથી કાર્બન મોનોક્સાઇડ નામનો ગેસ નીકળે છે. જે લોકો હૃદયરોગથી પીડિત છે, તેમને છાતીમાં દુખાવો થઈ શકે છે. તે બાળકો અને વૃદ્ધો માટે પણ અત્યંત હાનિકારક છે. ગેસ હીટરને કારણે ઊંઘમાં મૃત્યુનું જોખમ પણ વધી જાય છે. કાર્બન મોનોક્સાઇડ શરીરમાં રક્ત પરિભ્રમણને બંધ કરી શકે છે, જે મગજમાં રક્ત પુરવઠાને અટકાવે છે અને અચાનક મૃત્યુ અથવા મગજ હેમરેજ પણ થઇ શકે છે.



# ગર્લફ્રેન્ડ સાથે રોડ ટ્રિપ રહેશે જીવનભર યાદગાર, ફોલો કરો આ રૂલ્સ..

એવું કહેવાય છે કે ક્યારેક-ક્યારેક પાર્ટનરની સાથે મુસાફરી કરવી એ તમારા જીવનની સૌથી બેસ્ટ ક્ષણ હોય છે. આ વાત ત્યારે સાચી સાબિત થાય છે, જ્યારે હવામાન પણ અદ્ભુત હોય અને તમે રોડ ટ્રિપ પ્લાન કરી હોય. એક સુંદર રોડ ટ્રિપ તમને જીવનભર યાદ રહે છે.

ઊંચા ધોધથી લઈને સુંદર પહાડો સુધી, આ રોડ ટ્રિપમાં તેમને એટલા સુંદર નજારા જોવા મળે છે કે તમારો તમારા પાર્ટનરની સાથે પ્રેમ વધી જાય છે. રોડ ટ્રિપ પ્લાન કરવી એ જીવનની સૌથી બેસ્ટ ક્ષણ હોઈ શકે છે, પરંતુ તમારે આ ટ્રિપ પ્લાન કરતી વખતે કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. નહીં તો આ ટ્રિપ સૌથી બોગસ પણ સાબિત થઈ શકે છે.

▪ રોડ ટ્રિપ દરમિયાન તમે જે વિસ્તારમાં જઈ રહ્યા છો, તે મુજબ તમારી બેગ પેક કરવી જરૂરી છે. માત્ર મોજ-મસ્તી કરવાને બદલે, જો તમે આ નવા વિસ્તાર વિશે અગાઉથી જ જાણી લેશો તો તમને મુશ્કેલીનો સામનો નહીં કરવો પડે.

▪ જો તમે તમારા પાર્ટનરની સાથે ટ્રિપ પ્લાન કરી રહ્યા છો, તો હેલ્થ સાથે જોડાયેલી વસ્તુઓ તમારી સાથે જરૂર લઈ જાવ. ઠંડીની ઋતુમાં ઘણીવાર લોકોનું પેટ ખરાબ થઈ જાય છે. તો ઠંડીમાં શરદી-ઉધરસ અને તાવ પણ આવી શકે છે, તેથી તેની દવાઓ તમારી સાથે રાખો.

▪ આ ઉપરાંત ભારે પવનને કારણે માથાના દુખાવાની પણ સમસ્યા થાય છે, તેથી તમારે તેની પણ દવાઓ સાથે રાખવી જોઈએ. આ સિવાય બેન્ડેજ અને ગળુ ખરાબ થવાની દવા પણ તમારી સાથે રાખો.

▪ જો તમે રોડ ટ્રિપ પર જઈ રહ્યા છો, તો સ્વાભાવિક છે કે તમારા કપડા ગંદા થશે જ. તેથી તમારી સાથે વધારાના કપડાં જરૂર રાખો, સાથે વધારાના શૂઝ પણ રાખો. આ સિવાય તમારે વધારે સામાન સાથે મુસાફરી ન કરવી જોઈએ અને મુસાફરી કરતી વખતે હેલ્મેટ જરૂર પહેરવું જોઈએ.

▪ જો તમે તમારા પાર્ટનરની સાથે ટ્રિપનું પ્લાનિંગ કરી રહ્યા છો, તો રાત્રે મોડું થાય તે પહેલાં જ હોટેલને બુક કરી લો. કારણ કે રાત્રે મુસાફરી કરવી સલામત નથી. તેથી તમારે રાત્રે હોટલમાં આરામ કરીને બીજા દિવસ દરમિયાન મુસાફરી કરવી જોઈએ.

# મેડિકલ પોલીસી લેતી વખતે આટલી બાબતો ઉપયોગી નિવડશે...




આજના સમયમાં મેડિકલ ખર્ચો વધી રહ્યો છે, જેથી ઈન્શ્યોરન્સ લેવો ખૂબ જ જરૂરી છે. મેડિકલ ઈન્શ્યોરન્સની પોલીસી લેતા સમયે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે.

કેન્દ્ર અને રાજ્ય સરકાર નાગરિકો માટે અનેક યોજનાઓ ચલાવે છે. જેમાં આરોગ્યથી લઈને અનેક યોજનાઓ હોય છે. તમામ યોજનાનો લાભ મળી શકતો નથી. આ કારણોસર લોકો મેડિકલ ઈન્શ્યોરન્સ લે છે. મેડિકલ ઈન્શ્યોરન્સ લેતા સમયે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. જેમ કે......

મેડિકલ ઈન્શ્યોરન્સ લેતા સમયે ચેક કરવું જોઈએ કે, સમ ઈશ્યોર્ડ કેટલું છે. જરૂર હોય તેટલો જ સમ ઈન્શ્યોર્ડ હોવો જોઈએ, જેથી ભવિષ્યમાં તકલીફ ના પડે.

મેડિકલ પોલિસીનો વેઈટિંગ પીરિયડ કેટલો છે, તેની જાણકારી હોવી જોઈએ. ત્યારપછી તમે પોલિસીનો લાભ લઈ શકો છો. વેઈટિંગ પીરિયડ વધુ હોય તો પરેશાની થઈ શકે છે.

મેડિકલ ઈન્શ્યોરન્સ લેતા સમયે કંપનીનું નેટવર્ક જાણવું જરૂરી છે. કંપનીનું નેટવર્ક મોટું હશે, તો ઈલાજ સરળતાથઈ થઈ શકશે.

હેલ્થ ઈન્શ્યોરન્સ લેતા સમયે કંપનીનો ક્લેમ રેશિયો ચેક કરવો જોઈએ. કંપનીનો ક્લેમ રેશિયો સારો હશે તો ઝડપથી ક્લેમ સેટલ થઈ શકે છે. ઉપરાંત કોઈપણ માહિતીને અમલમાં મૂકતા પહેલા તેના વિશે વધુમાં માહિતી મેળવવી તેમજ સંબંધિત નિષ્ણાંતની સલાહ લેવી જરૂરી છે.

# નિરોગી રહેવા માટે પ્રોટીનયુક્ત રાગી ઉપયોગી...



બરછટ અનાજની વચ્ચે રાગીની પણ બોલબોલા છે. રાગી ખૂબ જ પૌષ્ટિક અને શરીર માટે ખૂબ જ ઉપયોગી છે. રાગીની ખાસ વાત એ છે કે તેની વિવિધ વાનગીઓ બનાવીને ડાયટમાં સામેલ કરી શકાય છે. રાગીના કારણે વજન કાબૂમાં રહે છે.પેટનો દુખાવો, અપચોની ફરિયાદો દૂર થાય છે.અશક્તિ દૂર થાય છે, શરીરમાં શુગર લેવલ કંટ્રોલમાં રહે છે.આ બહુમુખી રાગીના શિયાળામાં અસંખ્ય ફાયદા છે. જાણીએ રાગી ખાવાના અન્ય કયા ક્યા છે ફાયદા....

રાગીમાં કેલ્શિયમ વધુ હોય છે. રાગીમાં સારા પ્રોટીન, ફાઈબર, મિનરલ્સ પણ હોય છે તેથી રાગી ઘઉં કે ચોખા કરતાં વધુ પૌષ્ટિક હોય છે. આ ઉપરાંત, રાગી ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડવામાં, ખાંડના સ્પાઈક્સને રોકવા અને વજન ઘટાડવામાં મદદ કરે છે.

શિયાળામાં રાગી આપણા ડાયટમાં આવશ્યક છે. તમે માત્ર બ્રેડ કે પરાઠા જ નહીં, રાગીમાંથી હેલ્ધી પોરીજ, હલવો, ઢોસા, લાડુ, મફિન્સ બનાવી શકો છો.

**▪ રાગી ખાવાના ફાયદા...**

રાગી ડાયાબિટીસમાં ખૂબ જ ફાયદાકારક છે. તેમાં પોલીફેનોલ્સ અને ફાઈબર સારી માત્રામાં હોય છે. તે અન્ય અનાજની તુલનામાં ઓછો ગ્લાયકેમિક ઈન્ડેક્સ પણ ધરાવે છે. તેથી રાગી ખાવાથી બ્લડ શુગર લેવલ ઘટે છે.

નબળાઈ દૂર કરવા માટે તમે રાગીનું સેવન પણ કરી શકો છો. જે લોકો રાગી ખાય છે તેઓ ક્યારેય આયર્નની ઉણપથી પીડાતા નથી. રાગી ખાવાથી શરીરને ઘણું આયર્ન મળે છે. એનિમિયાના દર્દીઓને તેમના ડાયટમાં ચણાનો સમાવેશ કરવાથી ફાયદો થાય છે. હિમોગ્લોબિન ઓછું હોય તો પણ રાગીનું સેવન ફાયદાકારક સાબિત થાય છે.

**▪ ચોખા કરતાં રાગીમાંવધારે પ્રોટિન...**

તમામ અનાજ અને બાજરીમાં રાગીમાં સૌથી વધુ કેલ્શિયમ અને પોટેશિયમ હોય છે. રાગીમાં સફેદ ચોખા કરતાં વધુ ફાયબર, ખનિજો અને સલ્ફર ધરાવતા એમિનો એસિડ હોય છે. રાગીમાં કોલેસ્ટ્રોલ અને સોડિયમ હોતું નથી અને તેથી તે હૃદય રોગથી પીડિત લોકો માટે મુખ્ય ખોરાક તરીકે યોગ્ય છે. તે હૃદયની વાહિનીઓમાં પ્લેક અને ફેટી થાપણોને અટકાવે છે, જેનાથી હૃદયના સ્નાયુઓની કામગીરી અને હૃદયની તંદુરસ્તીમાં સુધારો થાય છે.

**▪ આહારમાં રાગીનો ઉપયોગ...**

તમે તમારા આહારમાં રાગીને વિવિધ રીતે રાખી શકો છો. પરંતુ ડાયાબિટીસના દર્દીઓએ આ માટે રોજ રાગીની રોટલી કે ઢોસા ખાવા જોઈએ. જેનો તેમને ચોક્કસ ફાયદો થઈ શકે છે. જલદી તમારા શરીરને રાગીની રોટલીમાંથી પોષક તત્વો સરળતાથી મળી જાય છે. રાગી ખાવાથી શરીરના ઘસારો ઝડપથી ભરાઈ જાય છે. આ કારણે જ નબળા અથવા બીમાર વ્યક્તિને રાગીની રોટલી ખાવાની સલાહ આપવામાં આવે છે. રાગી એ ઠંડુ સ્વરૂપ હોવાથી ઉનાળામાં રાગીની રોટલીનું સેવન કરી શકાય છે.

# નાજૂક હોઠ પર એલોવેરા લગાવતી વખતે રાખો ખાસ કાળજી, થશે ફાયદો



ક્યારેક હવામાનના બદલાવને કારણે તો ઘણીવાર હોઠ ફાટી જાય છે. તેના કારણે હોઠમાં તિરાડ પડવી, હોઠની ચામડી નીકળી જવી અને લોહી નીકળવું જેવી સમસ્યાઓ પણ થાય છે. તો ઘણીવાર કોઈ કારણોસર હોઠનો રંગ કાળો પડવા લાગે છે. આ બધી સમસ્યાઓને દૂર કરવા માટે તમે એલોવેરા (Aloevera) ની મદદ લઈ શકો છો.

જો કે તેને હોઠ પર લગાવતા પહેલા નાની-નાની બાબતોનું ધ્યાન રાખવું જરુરી છે. એલોવેરા જેલને ઉપયોગ કરતી વખતે કઈ-કઈ બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ તેના વિશે જાણીએ. જેનાથી હોઠની આ સમસ્યાઓ દૂર થશે અને હોઠ સોફ્ટ અને ગુલાબી બન્યા રહેશે.

▪ **હોઠને કરો સાફ:** એલોવેરા જેલને ક્યારેય સીધું હોઠ પર ન લગાવો. તેને તમારા હોઠ પર લગાવતા પહેલા એકવાર હોઠને સાફ જરુર કરી લો. ઘણીવાર આપણે ડાયરેક્ટ હોઠ પર એલોવેરા જેલ લગાવી લઈએ છીએ, જેનાથી બળતરા થવા લાગે છે. હોઠને સાફ કરવાથી કોઈપણ પ્રકારની ગંદકી કે ઓઈલ સરળતાથી દૂર થઈ જાય છે. જેના કારણે એલોવેરા જેલ હોઠમાં સારી રીતે શોષાય જાય છે અને તમને વધુ સારું રિઝલ્ટ મળે છે.

▪ **શુદ્ધ એલોવેરા જેલ:** જ્યારે એલોવેરો જેલને તમારા હોઠ પર લગાવો, ત્યારે તેની ક્વોલિટી પર ખાસ ધ્યાન આપવું જોઈએ. આજકાલ માર્કેટમાં એલોવેરા જેલ મળે છે, પરંતુ પ્રયાસ કરો કે તે ઓર્ગેનિક હોય અને તેમાં કોઈપણ પ્રકારના કેમિકલનો ઉપયોગ ન કરવામાં આવ્યો હોય. સૌથી સારો વિકલ્પ તો એ છે કે એલોવેરાના પાનને તોડીને તેમાંથી ફ્રેશ જેલ કાઢો અને તેને તમારા હોઠ પર લગાવો.

▪ **પેચ ટેસ્ટ જરૂર કરાવો:** હોઠ સ્કિનના અન્ય ભાગો કરતાં વધુ સેન્સેટિંવ હોય છે, એટલા માટે જો તમે એલોવેરા જેલને હોઠ પર લગાવી રહ્યા છો તો એકવાર તમારે પેચ ટેસ્ટ જરુર કરાવવો જોઈએ. આનાથી તમે એ સમજી શકશો કે એલોવેરા જેલથી તમારા હોઠ પર કોઈ પ્રકારનું રિએક્શન તો નથી થઈ રહ્યું. જો તમને એલર્જીક રિએક્શન થાય છે તો તમારે તેને હોઠ પર લગાવવવાનું ટાળવુ જોઈએ.



# કિચન ટિપ્સ: આ રીત અજમાવો, છોલેલું લસણ મહિનાઓ સુધી નહીં બગડે

લસણની છાલ ઉતારવી એગૃહીણીઓ માટે ખૂબ જ સમય માંગી લેતું કામ છે. આવી સ્થિતિમાં ઘણી વખત મહિલાઓ તેની છાલ ઉતારીને રાખવાનું પસંદ કરે છે. ઘણી સ્ત્રીઓ બજારમાંથી છાલેલું લસણ ખરીદે છે. પરંતુ આ લસણ ઘરે આવતાની સાથે જ બગડવા લાગે છે. ક્યારેક તે ઊગવા લાગે છે તો ક્યારેક આ લસણ સુકાઈ જવા લાગે છે. લસણમાં કાળી ફૂગ દેખાવાનું સામાન્ય છે. પરંતુ જો તમે તમારા છાલેલ લસણને સંગ્રહિત કરવા માંગો છો. જેથી તમે ઉતાવળમાં લસણને છાલવામાં સમય ન બગાડો, આ ટિપ્સ અનુસરી શકો છો..

## લસણ કેવી રીતે સંગ્રહિત કરવું....

▪ છોલેલું લસણને સ્ટોર કરવા માટે ફક્ત આ સરળ પગલાં અનુસરો. આ લસણને મહિનાઓ સુધી બગડતું અટકાવશે.

▪ સૌથી પહેલા બજારમાંથી સારી ગુણવત્તાનું લસણ ખરીદો. જે એકદમ ફ્રેશ હોય છે અને બિલકુલ બગડતા નથી.

▪ આ બધા લસણને છોલીને રાખો.

▪ આ લસણને એક દિવસ તડકામાં સૂકવી દો. જેથી ઉપરની ભેજ દૂર થઈ જાય.

▪ લસણને ટીશ્યુ પેપર પર રાખો અને લૂછી લો. બધા લસણમાંથી ભેજ દૂર થઈ જાય.

▪ હવે કાચની બરણીમાં તળિયે પેપર ટિશ્યુ પેપર ફેલાવો. પછી તેને છાલેલા અને સૂકા લસણથી સારી રીતે ભભરાવો.

▪ એર ટાઈટ ઢાંકણ બંધ કરીને રેફ્રિજરેટરમાં રાખો. આ રીતે છાલેલા લસણ બગડશે નહીં અને મહિનાઓ સુધી તાજું રહેશે.

▪ જ્યારે પણ તમે શાકભાજી અથવા કોઈપણ વાનગીમાં લસણ ઉમેરવા માંગતા હોવ તો તેને બહાર કાઢીને તેનો ઉપયોગ કરો.

નોંધ: આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરની સંપર્ક કરો.

## પેરિસ ઓલિમ્પિકમાં પ્રવેશવાનું સપનું તૂટ્યું

# ભારતીય મહિલા હોકી ટીમનું ખરાખરીના જંગમાં જાપાન સામે પરાજય



■ મહિલા હોકી ટીમને જાપાન સામે 0-1થી હારનો સામનો કરવો પડ્યો

ગુજરાત | વંદન

ભારત-જાપાન વચ્ચે પેરિસ ઓલિમ્પિકમાં પ્રવેશવા માટે રાંચીના બિરસા મુંડા ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં મુકાબલો ખેલાયો હતો. આ ખરાખરીના જંગમાં ભારતીય મહિલા હોકી ટીમને જાપાન સામે 0-1થી હારનો સામનો કરવો પડ્યો હતો. જેના પગલે પેરિસ ઓલિમ્પિક 2024 માટે ક્વોલિફાય કરવાનું સપનુ તૂટી ગયું છે. જ્યારે જાપાને ક્વોલિફાય કરી લીધું છે. નોંધનીય છે કે, પેરિસ ઓલિમ્પિક 26 જુલાઈથી 11 ઓગસ્ટ દરમિયાન યોજાવાની છે.

પેરિસ ઓલિમ્પિકમાં પ્રવેશવા માટે ભારત-જાપાન વચ્ચે મેચ શુક્રવારે રાંચીના બિરસા મુંડા ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાઈ હતી. મેચમાં જાપાન માટે એકમાત્ર ગોલ કાના ઉરાતાએ છઠ્ઠી મિનિટે કર્યો હતો. ઉરાતાએ આ ગોલ પેનલ્ટી કોર્નર પર કર્યો હતો. ભારતને ગોલ કરવાની ઘણી તકો પણ મળી હતી, પરંતુ જાપાની ડિફેન્સે તેના તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા.

નોંધનીય છે કે, ભારતીય મહિલા હોકી ટીમનો જર્મની સામેની ઓલિમ્પિક ક્વોલિફાયર ટુર્નામેન્ટની સેમિ ફાઈનલમાં પરાજય થયો હતો.

# ટી-20 વર્લ્ડકપ માટે 8 થી 10 ખેલાડીઓ તો અત્યારથી જ નક્કી જ છે: રોહિતનો ઈશારો

■ કોણ ફાવશે યુવા ખેલાડીઓ કે અનુભવી અને મોટા નામ ધરાવનાર ખેલાડીઓ..?

ગુજરાત | વંદન



અફઘાનિસ્તાન સામેની ત્રણ ટી-20ની શ્રેણીમાં શાનદાર દેખાવ કરતાં શિવમ દુબે તેમજ રિન્કુ સિંઘ જેવા ખેલાડીઓએ ચાલુ વર્ષ જૂનમાં યોજાનારા ટી-20 વર્લ્ડકપની ટીમમાં સ્થાન મેળવવાની આશા જગાવી છે. ટીમ ઈન્ડિયાના પસંદગીકારો હવે ક્રિકેટના આ સૌથી ટૂંકા ફોર્મેટના વર્લ્ડકપમાં યુવા ખેલાડીઓ પર ધ્યાન આપે છે કે અનુભવી અને મોટા નામ ધરાવતા ખેલાડીઓ પર જ પસંદગી ઉતારે છે, તે જોવાનું રહેશે.

જોકે અફઘાનિસ્તાન સામેની શ્રેણી બાદ કેપ્ટન રોહિત શર્માએ કહ્યું હતુ કે, હજુ ટી-20 વર્લ્ડ કપની ટીમની પસંદગી કરવામાં આવી નથી. જોકે ટીમમાં સામેલ થનારા 8 થી 10 ખેલાડીઓ તો અત્યારથી જ નક્કી જેવા જ છે.ભારતીય કેપ્ટન રોહિત શર્માએ એવો ઈશારો કર્યો કે, ટી-20 શ્રેણીમાં શાનદાર દેખાવ કરવા છતાં યુવા ખેલાડીઓને ટી-20 વર્લ્ડ કપની ટીમમાં સ્થાન ન મળે તેમ પણ બની શકે. રોહિતે કહ્યું કે, અમે જ્યારે વન ડે વર્લ્ડ કપમાં રમ્યા તેવી જ રીતે ટી-20માં પણ અમે ઘણા બધા ખેલાડીઓને અજમાવી રહ્યા છીએ. તેઓનો દેખાવ અસરકારક રહ્યો હતો

તેમણે વધુમાં કહ્યું કે, જોકે, આખરે જ્યારે ટીમની પસંદગી કરવામાં આવી ત્યારે સારો દેખાવ કરનારા કેટલાક ખેલાડીઓને પડતા મૂકવામાં આવ્યા હતા. આ કારણે તેઓ નિરાશ થયા હશે. જોકે અમારુ કામ આ બધી બાબતો સ્પષ્ટ કરવાનું છે. ટીમ ઈન્ડિયાના કેપ્ટન તરીકે રોહિતનું સ્થાન તો ટી-20 વર્લ્ડ કપમાં નક્કી જ લાગી રહ્યું છે. તેણે કહ્યું કે, અમારી પાસે ટી-20 વર્લ્ડ કપ માટે અત્યાર 25 થી 30 ખેલાડીઓનું ગ્રૂપ છે. તેઓ બધા જાણે છે કે, તેમની પાસેથી અમારી શું અપેક્ષાઓ છે. અમે હજુ ટીમ નક્કી કરી નથી.

# ભારતનો નંબર-વન ચેસ ખેલાડી બન્યો પ્રજ્ઞાનાનંદ




■ તાતા સ્ટીલ માસ્ટર્સ ટુર્નામેન્ટમાં ચોથા રાઉન્ડમાં વર્લ્ડ ચૅમ્પિયનને હરાવ્યો

ગુજરાત | વંદન

ભારતીય ગ્રેન્ડ માસ્ટર આર. પ્રજ્ઞાનાનંદે બુધવારે તાતા સ્ટીલ માસ્ટર્સ ૨૦૨૪માં ચોથા રાઉન્ડમાં હાલના વર્લ્ડ ચૅમ્પિયન ચીનના ડિંગ લિરેનને મ્હાત આપી હતી. તેણે આ મોટી જીતની સાથે ટુર્નામેન્ટમાં પાંચમા રાઉન્ડમાં જગ્યા બનાવી દીધી છે. તે વિશ્વનાથન આનંદ બાદ ક્લાસિકલ ચેસના ડિફેન્ડિંગ વર્લ્ડ ચૅમ્પિયનને હરાવીને બીજો ભારતીય બની ગયો છે. આજના સમયમાં 18 વર્ષના અન્ય યુવાઓ મોબાઈલમાં રચ્યા પચ્યા રહે છે ત્યારે એ ૧૮ વર્ષની વયે આ દિગ્ગજ ચેસ ખેલાડી પ્રજ્ઞાનાનંદ ૨૭૪૮.૩ રેટિંગ પૉઇન્ટ સાથે બે સ્થાનની છલાંગ સાથે કુલ ૧૧મા સ્થાને પહોંચી ગયો છે, જે વિશ્વનાથન આનંદથી ૦.૩ પૉઇન્ટ વધુ છે.ભારતના માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરે પોતાના સોશ્યલ મીડિયામાં પ્રજ્ઞાનાનંદની આ સિદ્ધિ બદલ વખાણ કર્યાં હતાં. તેણે લખ્યું કે 'વર્લ્ડ ચૅમ્પિયન ડિંગ લિરેન સામે આ જીત માટે પ્રજ્ઞાનાનંદને ઘણી બધી શુભકામનાઓ. ૧૮ વર્ષની નાની ઉંમરમાં તમે ન માત્ર રમતમાં પોતાનો દબદબો બનાવી દીધો છે, પણ ભારતના ટોચના ખેલાડી પણ બની ગયા છો.'

# આઈપીએલનો નવો હીરો રાંચીના ગેઇલે કરી મસ્ત કમાલ




■ રોબિન મિંઝની બેવડી સદી, ચોગ્ગા અને છગ્ગા દ્વારા 146 રન

ગુજરાત | વંદન

ઝારખંડના રોબિન મિંઝે ફરી એક સખત સાબિત કરી બતાવ્યું છે કે તેને રાંચીનો ગેઇલ કેમ કહેવામાં આવે છે. ઈન્ડિયન પ્રીમિયર લીગ 2024 (આઈપીએલ 2024) ની હરાજીમાં 3.60 કરોડમાં વેચાયેલા ઝારખંડના રોબિન મિંઝે સીકે નાયડુ ટ્રોફીમાં ઓડિશા સામેની મેચમાં બેવડી સદી ફટકારી હતી. આ બેવડી સાબિતી આપે છે કે ગુજરાત ટાઈટન્સે તેના માટે આટલા બધા પૈસા કેમ ખર્ચ્યા છે. વીર સુરેન્દ્ર સાઈ સ્ટેડિયમમાં રમાઈ રહેલી મેચમાં મિંઝે બેવડી સદી ફટકારી હતી. તેણે ચોગ્ગા અને છગ્ગા દ્વારા 146 રન બનાવ્યા હતા. ઝારખંડના વિકેટકિપર બેટ્સમેન રોબિન મિંઝે 199 બોલમાં 101.01ના સ્ટ્રાઈક રેટથી 201 રન ફટકાર્યા હતા. તેણે પોતાની ઈનિંગમાં 23 ફોર અને 9 સિક્સર ફટકારી હતી.

# AIથી બનાવેલ સચિનના અવાજમાં એક ગેમનો પ્રમોશનલ વીડિયો વાયરલ

■ મારી દીકરી પણ આ ગેમ રમે છે... ડીપફેક વીડિયોથી હચમચી ગયો તેંડુલકર

ગુજરાત | વંદન




ભારતની જાણીતી અભિનેત્રી રશ્મિકા મંદાનાનો એક ડીપફેક વીડિયો વાયરલ થયો હતો જેના કારણે ખળભળાટ મચી ગયો હતો. હવે લિજેન્ડરી ક્રિકેટર સચિન તેંડુલકર સાથે પણ આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી બનાવેલ સચિનના અવાજમાં એક ગેમનો પ્રમોશનલ વીડિયો વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં સચિન તેંડુલકર ગેમને પ્રમોટ કરતો દેખાઈ રહ્યો છે. આમાં તે કહે છે કે તેની દીકરી પણ આ ગેમ રમે છે... આ વાયરલ વીડિયોએ ક્રિકેટરની ઊંઘ ઉડાડી દીધી છે. સોશિયલ મીડિયા એક્સ પર આ વીડિયો પોસ્ટ કરતી વખતે સચિને તે વિડીયોને સંપૂર્ણપણે નકલી જાહેર કર્યો છે.

સૌથી પહેલા આ વીડિયો ફેક હોવાની માહિતી આપતા તેણે લખ્યું- આ વીડિયો ફેક છે અને તમને ફસાવવા માટે બનાવવામાં આવ્યો છે. ટેક્નોલોજીનો આ પ્રકારનો દુરુપયોગ તદ્દન ખોટો છે. તેણે વીડિયોની જાણ કરવાની પણ અપીલ કરી અને લખ્યું- તમે બધાને વિનંતી છે કે આવા વીડિયો કે એપ્સ કે જાહેરાત જો તમે તેને જુઓ તો તરત જ તેની જાણ કરો. તેમણે સતર્ક રહેવાની પણ અપીલ કરી છે અને કહ્યું છે કે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર સાવધાન રહેવું જોઈએ અને તેમની વિરુદ્ધ કરવામાં આવેલી ફરિયાદો પર શક્ય તેટલી વહેલી તકે પગલાં લેવા જોઈએ. આ સંદર્ભમાં તેમની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે જેથી ખોટી માહિતી અને સમાચારને અટકાવી શકાય અને ડીપફેક્સના દુરુપયોગને સમાપ્ત કરી શકાય.

સ્કાયવર્ડ એવિએટર ક્વેસ્ટ ગેમિંગ એપ્લિકેશનનું નામ ડીપફેક વિડિયોમાં આપવામાં આવ્યું છે, જ્યાં એવું લાગે છે કે દિગ્ગજ ક્રિકેટર તેની જાહેરાત કરી રહ્યો છે અને લોકોને પૈસા કમાવવામાં મદદ કરવાની તેની ક્ષમતાની હિમાયત પણ કરી રહ્યો છે. સચિન તેંડુલકર જેવા દિગ્ગજ વ્યક્તિત્વમાં વિડિયોમાં સ્પષ્ટપણે હેરફેર કરવામાં આવી હોય તેવું લાગે છે, જેમાં માત્ર તેના ચહેરાના હાવભાવ જ નહીં પરંતુ તેને ક્રિકેટર જેવો દેખાડવા માટે ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

# પૂર્વ રાષ્ટ્રીય હોકી ખેલાડી અજીત સિંહ ગિલનું 95 વર્ષની વયે નિધન

ગુજરાત | વંદન



સિંગાપોરના સૌથી વરિષ્ઠ ઓલિમ્પિયન અને ભારતીય મૂળના પૂર્વ રાષ્ટ્રીય હોકી ખેલાડી અજીત સિંહ ગિલનું ગઈકાલે 95 વર્ષની ઉંમરે કિડની ફેલ થવાના કારણે નિધન થયું હતું. મળેલા અહેવાલો મુજબ 1956 મેલબર્ન રમતોમાં ભાગ લેનારા અજીત સિંહના પરિવારમાં તેમની 92 વર્ષીય પત્ની સુરજીત કૌર, પાંચ બાળકો, 10 પૌત્રો અને 5 પ્રપૌત્રો છે.રમત જગતમાં અજીત સિંહનું પરિવાર અને તેમનાં મિત્રો તેમને એક રમતપ્રેમી વ્યક્તિ તરીકે તેમને યાદ કરે છે, જેમની દયાળુ અને અથક ભાવનાએ ઘણાં લોકોને પ્રેરિત કર્યા છે. અજીત સિંહના સૌથી મોટા દીકરાએ કહ્યું, "ગયા વર્ષે ફેબ્રુઆરીમાં મારા પિતા પડી ગયા હતા જેના કારણે તેમને કમરમાં ઈજા થઇ હતી, પરંતુ ત્રણ મહિનામાં તે ઠીક થઇ ગયા હતા. જો કે બાદમાં કિડની ફેલ થવાના કારણે તેમનું સ્વાસ્થ્ય બગડ્યું હતું." સિંગાપોર નેશનલ ઓલિમ્પિક કાઉન્સિલના અધ્યક્ષ ગ્રેસ ફૂએ કહ્યું, " હું ગિલના મૃત્યુના સમાચારથી ખુબ જ દુખી છું. અજિત તેમના સમયના પ્રખર ખેલાડી હતા. તેઓ તેમના સ્પર્ધાત્મક રમત કરિયર પછી સિંગાપોર રમતોમાં સક્રિય રહ્યા હતા.

# ઓસ્ટ્રેલિયન ઓપનર ઉસ્માન ખ્વાજાના જડબા પર બોલ વાગતા ઇજા પહોંચી

■ બોલ એટલી ઝડપે અથડાયો હતો કે તેના મોઢામાંથી લોહી નીકળી ગયું હતું

ગુજરાત | વંદન



ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામે પણ તેનું જોરદાર પ્રદર્શન જારી રાખ્યું છે. પાકિસ્તાનને હરાવ્યા બાદ ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ટેસ્ટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝને હરાવ્યું છે. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે લંચ પહેલા વેસ્ટ ઈન્ડિઝને દસ વિકેટે હરાવ્યું હતું. જોકે, મેચના ત્રીજા દિવસે 26 રનના નાના ટાર્ગેટનો પીછો કરતી વખતે ઓસ્ટ્રેલિયન ઓપનર ઉસ્માન ખ્વાજાના જડબા પર બોલ વાગી ગયો હતો. બોલ એટલી ઝડપે અથડાયો હતો કે તેના મોઢામાંથી લોહી નીકળી ગયું હતું. એડિલેડ ઓવલ ખાતે પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે વેસ્ટ ઈન્ડિઝના ઝડપી બોલર શમર જોસેફના તીક્ષ્ણ બાઉન્સરથી હેલ્મેટ પર વાગતાં ઉસ્માન ખ્વાજા જડબું તૂટતાં બચી ગયું હતું, ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ પુષ્ટિ કરી છે.

ઑસ્ટ્રેલિયાને મેચ જીતવા માટે માત્ર એક રનની જરૂર હતી. ત્યારે ઓપનર ઉસ્માન ખ્વાજા બાઉન્સર વાગવાથી રિટાયર્ડ હર્ટ થયો હતો. જ્યારે ખ્વાજા મેદાન છોડીને જતા હતા. ત્યારે તેમના મોઢામાંથી સહેજ લોહી નીકળતું હતું. માર્નસ લાબુશેને બે બોલ પછી વિજયી રન બનાવ્યા. ઓસ્ટ્રેલિયાએ શુક્રવારે 13મી ઓવરમાં વેસ્ટ ઈન્ડિઝને 120 રનમાં ઓલઆઉટ કરીને તેને 26 રનનો ટાર્ગેટ આપ્યો હતો.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ પુષ્ટિ કરી છે કે તેણે ડ્રેસિંગ રૂમમાં પ્રારંભિક કનકશન ટેસ્ટ પાસ કર્યો છે. તેના જડબામાં કોઈ ઈજા થઈ છે કે કેમ તે જાણવા માટે તે સ્કેન માટે પણ ગયો હતો, જો કે પાછળથી સ્કેન કરતાં તે ઠીક હોવાનું જાણવા મળ્યું હતું.

# પ્રખર ચતુર્વેદીએ રચ્યો પ્રખર અને પ્રચંડ ઈતિહાસ

■ 404 રન સાથે અણનમ રહીને લારા જેવુ કર્યું પરાક્રમ ...

ગુજરાત | વંદન



કર્ણાટકના બેટ્સમેન પ્રખર ચતુર્વેદીએ 15 જાન્યુઆરી બીસીસીઆઈની અંડર-19 ડોમેસ્ટિક ટૂર્નામેન્ટ કૂચ બિહાર ટ્રોફીની ફાઈનલમાં ઈતિહાસ રચ્યો હતો. તેણે મુંબઈ સામે અણનમ 404 રન ફટકાર્યા હતા. ટેસ્ટ ક્રિકેટમાં એક ઈનિંગ્સમાં 400 રનની વાત કરવામાં આવે તો વેસ્ટ ઈન્ડીઝના દિગ્ગજ ખેલાડી બ્રાયન લારાનું નામ યાદ આવે છે. તેણે ઈંગ્લેન્ડ સામે અણમ 400 રન બનાવ્યા હતા. હવે પ્રખરે લારા જેવું પરાક્રમ કર્યું છે.

ટીમ ઈન્ડિયાના કોચ રાહુલ દ્રવિડનો પુત્ર સમિત પટેલ પણ આ ટીમનો ભાગ છે. પ્રખર આ ટીમનો ઓપનર છે. તેણે 638 બોલમાં 46 ફોર અને 3 સિક્સરની મદદથી અણનમ 404 રન બનાવ્યા હતા. તેની ઈનિંગ્સની મદદથી કર્ણાટકે 8 વિકેટે 890 રન કર્યા હતા અને દાવ ડિકલેર કર્યો હતો. મુંબઈએ પ્રથમ ઈનિંગમાં 380 રન બનાવ્યા હતા. કર્ણાટકને 510 રનની લીડ મળી હતી અને મેચ ડ્રોમાં પરિણમી હતી.

પ્રખર ચતુર્વેદીએ સમર્થ એન સાથે 9મી વિકેટ માટે 173 રનની ભાગીદારી કરી હતી. સમર્થે 135 બોલમાં અણનમ 55 રન બનાવ્યા હતા. પ્રખરે હાર્દિક રાજ સાથે 7મી વિકેટ માટે 86 રનની ભાગીદારી કરી હતી. હર્ષિલ ધરમાણીએ 169 રન બનાવ્યા હતા. કાર્તિકેય કેપીએ 72, હાર્દિક રાજે 51 અને કાર્તિક એસયુએ 50 રન ફટકાર્યા હતા. રાહુલ દ્રવિડના પુત્ર સમિતે 22 રન બનાવ્યા હતા.

મુંબઈ માટે આયુષ મ્હાત્રેએ 180 બોલમાં 145 રન બનાવ્યા હતા. સચિન વર્તકે 98 બોલમાં 73 રન બનાવ્યા હતા. નૂતને 44 રન બનાવ્યા હતા. પ્રતીક યાદવે 30 રન બનાવ્યા હતા. કેપ્ટન મનન ભટ્ટે 28 રન બનાવ્યા હતા. ઓપનર અવિશ ખાને 16 રન બનાવ્યા હતા. તનિષ મેહરે 11 અને પ્રેમ દેવકરે 6 રન બનાવ્યા હતા. કર્ણાટક માટે હાર્દિક રાજે 4 વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત સમર્થ એન અને સમિત દ્રવિડે 2-2 વિકેટ ઝડપી હતી. અગસ્ત્ય એસ રાજુ અને ધીરજ ગૌડાએ 1-1 વિકેટ ઝડપી હતી.

## 18 વર્ષની કારકિર્દી- 100 ODI મેચમાં 82 વિકેટ અને 96 T20 મેચોમાં 51 વિકેટ ઝડપી હતી

# ક્રિકેટ જગતમાં હલચલ : એક જ દેશના ચાર વર્લ્ડ ચેમ્પિયન ક્રિકેટરોની એકસાથે નિવૃત્તિ!

## વેસ્ટ ઈન્ડિઝે 2016માં T20 વર્લ્ડ કપ જીત્યો ત્યારે આ ચાર ખેલાડીઓ એ ઐતિહાસિક જીતનો ભાગ હતી

ગુજરાત | વંદન

વેસ્ટ ઈન્ડિઝે 2016માં T20 વર્લ્ડ કપ જીત્યો હતો અને આ ચાર ખેલાડીઓ એ ઐતિહાસિક જીતનો ભાગ હતી. હવે આ ચારેયએ એકસાથે ક્રિકેટને અલવિદા કહેવાનો નિર્ણય લીધો છે. ચારેય એક દાયકાથી વધુ સમય સુધી વેસ્ટ ઈન્ડિઝ માટે ક્રિકેટ રમ્યા અને પોતાના દેશને ઘણી જીત અપાવી.

ખેલાડી માટે નિવૃત્તિ લેવી સામાન્ય બાબત છે. એક યા બીજા દિવસે દરેક ખેલાડી પોતાની કારકિર્દીને અલવિદા કહી દે છે, પરંતુ જ્યારે એક દેશના ચાર ખેલાડીઓ એક સાથે નિવૃત્તિની જાહેરાત કરે ત્યારે નવાઈ લાગે છે. આવું જ કંઈક વેસ્ટ ઈન્ડિઝમાં થયું છે. બધા જાણે છે કે ક્રિકેટ જગતમાં વેસ્ટ ઈન્ડિઝની હાલત સારી નથી. આ દેશ આર્થિક સંકટ સાથે ઝઝૂમી રહ્યો છે અને આ કારણોસર આ દેશના ઘણા પુરૂષ ખેલાડીઓ વિશ્વભરની લીગમાં રમવાનું પસંદ કરે છે. પરંતુ જે ખેલાડીઓ નિવૃત્ત થયા છે તે મહિલા ક્રિકેટર છે.

વેસ્ટ ઈન્ડિઝની ચાર મહિલા ક્રિકેટરોએ સાથે મળીને રમતને અલવિદા કહેવાનો નિર્ણય કર્યો છે. ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝે એક નિવેદન જારી કરીને કહ્યું કે અનીસા મોહમ્મદ, શકીરા સેલમેન, કાયસિયા અને કેશોના નાઈટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહેવાનો નિર્ણય કર્યો છે.

વેસ્ટ ઈન્ડિઝની મહિલા ટીમે 2016માં ભારતમાં રમાયેલ T20 વર્લ્ડ કપ જીતીને વર્લ્ડ ચેમ્પિયનનો ખિતાબ હાંસલ કર્યો હતો. ચારેય એ ઐતિહાસિક જીતનો ભાગ હતા. જો કે આ પછી વેસ્ટ ઈન્ડિઝની મહિલા ટીમ ફરીથી વર્લ્ડ ચેમ્પિયન બની શકી નથી.

ઓફ સ્પિનર અનીસા મોહમ્મદે વર્ષ 2003માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો અને તે સમયે તે માત્ર 15 વર્ષની હતી. તે ODI અને T20માં દેશ માટે સૌથી વધુ વિકેટ લેનારી બોલર છે. પોતાની 20 વર્ષની કારકિર્દીમાં તેણે 141 ODI મેચમાં 180 વિકેટ ઝડપી હતી. તેણે 117 T20 મેચમાં 125 વિકેટ લીધી હતી. વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટના ઈતિહાસમાં તે પ્રથમ બોલર હતી જેણે T20 ઈન્ટરનેશનલમાં પુરૂષ અને મહિલા ક્રિકેટને જોડીને 100 વિકેટ લીધી હતી.

આ સિવાય તે પોતાના દેશ માટે T20માં હેટ્રિક લેનારી પ્રથમ મહિલા બોલર પણ હતી. તેણે વેસ્ટ ઈન્ડિઝ માટે પાંચ વર્લ્ડ કપ અને સાત ટી20 વર્લ્ડ કપ રમ્યા હતા. માર્ચ 2022 માં, તેણે ઑસ્ટ્રેલિયા સામે ODI વર્લ્ડ કપની સેમિફાઇનલ રમી હતી, પરંતુ તે પછી અન્ય કોઈ મેચ રમી ન હતી. તેણે કહ્યું કે છેલ્લા 20 વર્ષ તેના માટે શાનદાર રહ્યા. જ્યારે ફાસ્ટ બોલર સેલમેને વર્ષ 2008માં આંતરરાષ્ટ્રીય કરિયરની શરૂઆત કરી હતી. તેણે પોતાની પ્રથમ મેચ આયર્લેન્ડ સામે ડબલિનમાં રમી હતી. તેની 18 વર્ષની કારકિર્દીમાં તેણે 100 ODI મેચમાં 82 વિકેટ અને 96 T20 મેચોમાં 51 વિકેટ ઝડપી હતી. તેણે વેસ્ટ ઈન્ડિઝ માટે તેની છેલ્લી મેચ ફેબ્રુઆરી 2023માં દક્ષિણ આફ્રિકા સામે T20 વર્લ્ડ કપમાં રમી હતી.




### બે બહેનોએ ક્રિકેટને કહ્યું : ગુડબાય

કેશિયા અને કેશોના બંને બહેનો છે. બંને આવતા મહિને 32 વર્ષની થવાની છે. કેશિયાએ 2011માં વેસ્ટ ઈન્ડિઝ માટે પોતાની પ્રથમ મેચ રમી હતી. જ્યારે કેશોનાએ 2013માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. વિકેટકીપર-બેટ્સમેન કેસિયાએ પોતાના દેશ માટે 87 ODI મેચોમાં 1327 રન બનાવ્યા છે. આ સિવાય તેણે 70 T20 મેચમાં 801 રન બનાવ્યા છે. જ્યારે મિડલ ઓર્ડર બેટ્સમેન કેશોનાએ 51 ODI મેચમાં 851 રન અને 55 T20 મેચમાં 546 રન બનાવ્યા છે. બંનેએ દેશ માટે છેલ્લી મેચ ડિસેમ્બર 2022માં બ્રિજટાઉનમાં ઈંગ્લેન્ડ સામે રમી હતી.

# હું ભગવાન રામ અને હનુમાનનો પરમ ભક્ત છું': સ્ટાર ક્રિકેટર કેશવ મહારાજની નિખાલસતા

ગુજરાત | વંદન



સાઉથ આફ્રિકાના સ્ટાર ક્રિકેટર અને પોતાની હિંદુ વિચારધારાના કારણે લોકોમાં પ્રસિદ્ધ થયેલા કેશવ મહારાજ જણાવે છે કે, તેઓ જયારે ભારત સામેની ટેસ્ટ સીરીઝમાં રમવા ઉતર્યા ત્યારે 'રામ સિયારામ' ગીત કેમ મેદાનમાં વાગવા માંડ્યું હતું. કેશવ મહારાજ સાઉથ આફ્રિકાની ટીમમાં સ્પિનર છે અને તેમની હિંદુ ધર્મમાં અપાર આસ્થાના કારણે ખુબ જાણીતા છે.

આ અંગે ખુદ કેશવ મહારાજે જણાવ્યું કે, તેઓએ પહેલેથી જ ગ્રાઉન્ડમાં ગીત વગાડનાર વ્યક્તિને સુચન કરી રાખ્યું હતું કે, તેમના એન્ટ્રસ સોંગ વખતે 'રામ સિયારામ' ગીત વગાડવામાં આવે. આ કરવા પાછળનું કારણ જણાવતા કેશવ મહારાજ કહે છે કે, આ ગીતથી તેમણે મેદાન પર પ્રદર્શન કરવામાં મદદ મળે છે, અને મેચ દરમિયાન તેઓ એકાગ્ર થઈને રમત પર ધ્યાન આપી શકે છે.

ગીતની વિશેષતા જણાવતા તેમણે કહ્યું , "આ મારું એન્ટ્રસ ગીત છે. હું ભગવાન હનુમાન અને ભગવાન રામનો પરમ ભક્ત છું, જેથી મને લાગે છે કે મેદાનમાં મારી એન્ટ્રી સમયે તે એકદમ ફીટ બેસે છે." વધુમાં તેમણે કહ્યું, "આ એક એવી એવી બાબત છે, જે મેં જાતે મીડિયા લેડીને જઈને જણાવી હતી અને ગીત વગાડવા માટેની વિંનતી કરી હતી.

ભગવાન શ્રીરામનો મારા પર ખુબ આશીર્વાદ છે. પ્રભુએ મને હંમેશા રસ્તો દેખાડ્યો છે. તો હું આટલું તો કરી જ શકું. આવું કરવાથી મને મારૂ શ્રેષ્ઠ પ્રદર્શન આપવામાં મદદ મળે છે. જયારે તમે મેદાનમાં ઉતારો ત્યારે બેકગ્રાઉન્ડમાં 'રામ સિયારામ'ની ધૂન વાગતી હોય તો સાંભળવું સારૂ લાગે છે."

# ધોની અને બિઝનેસ પાર્ટનર દ્વારા સામ-સામે ફરિયાદો

■ ધોની પર માનહાનિનો કેસ, બિઝનેસ પાર્ટનર સામે છેતરપિંડીનો આરોપ

ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની સામે તેમનાં બે બિઝનેસ પાર્ટનર્સે માનહાનિનો કેસ દાખલ કર્યો છે. દિલ્હી હાઈકોર્ટમાં દાખલ આ કેસની સુનાવણી આવતીકાલે પ્રતિભા એમ સિંહની કોર્ટમાં થશે. ધોનીના બાળપણનો મિત્ર અને તેની સાથે ક્રિકેટ એકેડમી પ્રોજેક્ટમાં ભાગીદાર રહેલા બિહારના પૂર્વ ક્રિકેટર મિહિર દિવાકર અને તેની પત્ની સૌમ્યા દાસે ધોનીના કારણે થયેલા નુકસાન સામે વળતરની માગણી કરતી અરજી હાઈકોર્ટમાં કરી છે અને અન્ય મીડિયા હાઉસ દ્વારા પ્રકાશિત થતા સમાચારો, તેના પ્રસારણ અને તેમની વિરુદ્ધ અપમાનજનક નિવેદનો કરવા પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે.




બિઝનેસ પાર્ટનર્સ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં તેઓએ કોર્ટને ધોની દ્વારા કરવામાં આવેલા 15 કરોડ રૂપિયાની છેતરપિંડીના ખોટા આરોપોને કારણે તેમની પ્રતિષ્ઠાને નુકસાનથી બચાવવા માટે કહ્યું છે. અરજીમાં માહિતી આપવામાં આવી છે કે 15 કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી ઉપરાંત ધોનીએ તેમના પર વર્ષ 2017ના કરારના ઉલ્લંઘનનો પણ આરોપ લગાવ્યો હતો.

થોડા દિવસો પહેલા ધોનીએ મિહિર દિવાકર અને સૌમ્યા દાસ સામે ફોજદારી કેસ દાખલ કર્યો હતો અને દાવો કર્યો હતો કે બંનેએ સ્થાપિત એકેડમી અંગેના કરારનું સન્માન કર્યું નથી.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# મિશન 2024 : વડાપ્રધાન મોદી ફરી એકવાર દક્ષિણ ભારતની મુલાકાતે

**■ આ મહિને પીએમ મોદીની દક્ષિણ ભારતની ત્રીજી મુલાકાત હશે**

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર દક્ષિણ ભારતની મુલાકાત લેશે. આ મહિને પીએમ મોદીની દક્ષિણ ભારતની ત્રીજી મુલાકાત હશે. અયોધ્યામાં અભિષેક પહેલા તેઓ તમિલનાડુના મુખ્ય મંદિરોમાં દર્શન કરશે અને પૂજા કરશે. પીએમ મોદી રામેશ્વરમની પણ મુલાકાત લેશે. પીએમ મોદી મહારાષ્ટ્રની સાથે કર્ણાટક અને તમિલનાડુની પણ મુલાકાત લેશે. પીએમ મોદી આ મહિને બીજી વખત મહારાષ્ટ્રની મુલાકાત લેશે. પીએમ મોદીની આ ત્રણ દિવસીય મુલાકાત હશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર દક્ષિણ ભારતની મુલાકાત લેશે. આ મહિને પીએમ મોદીની દક્ષિણ ભારતની ત્રીજી મુલાકાત હશે. અયોધ્યામાં અભિષેક પહેલા તેઓ તમિલનાડુના મુખ્ય મંદિરોમાં દર્શન કરશે અને પૂજા કરશે. પીએમ મોદી રામેશ્વરમની પણ મુલાકાત લેશે. પીએમ મોદી મહારાષ્ટ્રની સાથે કર્ણાટક અને તમિલનાડુની પણ મુલાકાત લેશે. પીએમ મોદી આ મહિને બીજી વખત મહારાષ્ટ્રની મુલાકાત લેશે. પીએમ મોદીની આ ત્રણ દિવસીય મુલાકાત હશે.

પીએમ મોદી ચેન્નાઈના રાજભવનમાં રાત્રિ રોકાણ કરશે. શનિવારે સવારે 11 વાગ્યે શ્રી રંગનાથ સ્વામી મંદિર તિરુચિરાપલ્લી ખાતે એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. બપોરે સાડા ત્રણ વાગ્યે રામેશ્વરમમાં શ્રી અરુલમિગુ રામાનાથસામી મંદિરમાં સ્મરણ અને દર્શન કર્યા હતા. બપોરે 3:30 કલાકે વિવિધ ભાષાઓમાં રમન પથમાં ભાગ લઈને જે 6:30 કલાકે ભજન સંધ્યા કાર્યક્રમમાં જોડાયા હતા.

આજે 21મી જાન્યુઆરીના રોજ સવારે 9.30 કલાકે અરિચલ મુનાઇ ખાતે દર્શન અને પૂજા કરશે. સવારે 10.30 કલાકે કોટંડારામ સ્વામી મંદિરમાં દર્શન અને પૂજા કરશે. મંગળવારે પીએમ મોદીએ દક્ષિણ ભારતના રાજ્ય આંધ્ર પ્રદેશના લેપાક્ષીમાં સ્થિત વીરભદ્ર મંદિરમાં પ્રાર્થના કરી હતી. અહીંના મંદિરોમાં ભગવાન રામ, સીતા અને લક્ષ્મણના જીવન અને સંઘર્ષનું વર્ણન છે.

પીએમ મોદીએ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. આ પ્રસંગે પીએમ મોદીએ પરંપરાગત પોશાક પહેર્યો હતો અને ભગવાન વીરભદ્રની પ્રાર્થના કરી હતી. આપને જણાવી દઈએ કે ભગવાન વીરભદ્રને ભગવાન શિવનું ઉગ્ર સ્વરૂપ માનવામાં આવે છે. મંદિરની મુલાકાત દરમિયાન પીએમ મોદીએ દક્ષિણ ભારતીય ભાષા તેલુગુમાં રંગનાથ રામાયણના પંક્તિઓ પણ સાંભળ્યા હતા.



# વિવેક રામસ્વામી ટ્રમ્પ સરકારમાં વાઇસ પ્રેસિડેન્ટ બનશે ....

**■ રામસ્વામીએ ડોનાલ્ડ ટ્રમ્પને 'નેક્સ્ટ પ્રેસિડેન્ટ' તરીકે ચૂંટી કાઢવા અનુરોધ**



ગુજરાત | વંદન

બહુમતી રિપબ્લિકન્સ વિવેક રામસ્વામીને ટ્રમ્પના વાઈસ પ્રેસીડેન્ટ તરીકે ઈચ્છે છે. આયોવા કોકસનાં પરિણામો પછી પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે ન્યુ હેમ્પશાયરનાં એટકીનસન શહેરમાં વિવેક રામસ્વામીને સાથે રાખી એક રેલી યોજી હતી. જેમાં હજ્જારો શ્રોતાઓ સમક્ષ તેઓએ ઈંડીયન અમેરિકન નેતાનો ખુલ્લાં મને આભાર માન્યો હતો.

તે સર્વવિદિત છે કે સોમવારે પ્રમુખપદની રેસમાંથી ખસી ગયા બાદ વિવેક રામસ્વામીએ રીપબ્લિકન વોટર્સને 'અમેરિકા ફર્સ્ટ પેટ્રિયટ'ને (ટ્રમ્પ)ને 'વ્હાઈટ હાઉસ'માં મોકલવા અનુરોધ કર્યો હતો. તેવી જ રીતે એટકીનસન શહેરમાં પણ યોજાયેલી તે રેલી દરમિયાન રામસ્વામીએ ડોનાલ્ડ ટ્રમ્પને 'નેક્સ્ટ પ્રેસિડેન્ટ' તરીકે ચૂંટી કાઢવા અનુરોધ કર્યો હતો.

આ રેલીમાં ટ્રમ્પે રામસ્વામીનો તેઓને પુષ્ટિ આપવા માટે આભાર માન્યો હતો. આ સાથે 'x' યુઝર્સ પણ ટ્રમ્પ અને રામસ્વામી માટે ઉત્સાહિત છે. જેમ્સ જીનેટે x ઉપર લખ્યું, 'વિવેક જી. રામસ્વામીએ મેં હજી સુધીમાં સાંભળેલા કોઈ પણ વક્તવ્ય કરતાં વધુ આગ ઝરતું વક્તવ્ય આપ્યું હતું. હવે અમેરિકાને ફરી અમેરિકાના સ્થાને મુકવાનો (પ્રથમ સ્થાને મુકવાનો) સમય આવી ગયો છે.' અમેરિકા જ્યાં સુધી રહે ત્યાં સુધી 'અમેરિકા ફર્સ્ટ' રહે.

અન્ય યુઝર ટેસ્લાએ લખ્યું, 'તેઓ બંને બાયડેન અને હેરીસથી તદ્દન વિરોધાભાસી છે. બાયડેન અને હેરીસે આપણા દેશનો 'નાશ' કર્યો. જ્યારે ટ્રમ્પ અને વિવેક તેનો પુરૂદ્ધાર કરવાના છે. તેને તેઓ તેની પૂર્વ ભવ્યતા અને મહાનતા તરફ લઈ જશે.' ટ્રમ્પે વિવેકને 'ફેન્ટાસ્ટિક-ગાય' (અસામાન્ય વ્યક્તિ) કહ્યા હતા, અને કહ્યું હતું કે, 'તેઓ આપણી સાથે લાંબા સમય સુધી કામ કરશે.' ત્યારે ક્રાઉડમાંથી અવાજ ઉઠયો 'વી.પી, વી.પી.' (વાઇસ પ્રેસિડેન્ટ વાઈસ પ્રેસિડેન્ટ) આ સ્પષ્ટ દર્શાવે છે કે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખપદે ચૂંટાશે. (જે પૂરી શક્યતા છે) તો વિવેક રામસ્વામી વિશ્વની સૌથી સબળ સત્તાના ઉપપ્રમુખ બનશે.

કહેવાની જરૂર જ નથી કે ટ્રમ્પનો વિજય નિશ્ચિત લાગતાં અને સાથે રામસ્વામી ઉપપ્રમુખ બનવાની શક્યતા જોતા ચીનનાં પેટમાં તેલ રેડાયું છે. એક તરફ તાઈવાનને કબ્જે કરવાની ચીનની મુરાદ ઉપર ટ્રમ્પ પાણી ફેરવે તેમ છે.

# ગલવાન ઘાટી ઘટના બાદ ચીને બે વખત હુમલાનો કર્યો હતો પ્રયાસ

**■ સેન્ટ્રલ કમાન્ડે અજાણતામાં એક પ્રશસ્તિ પત્રમાં તેના વિશે કરી દીધી હતી જાહેરાત**

ગુજરાત | વંદન



જૂન 2020 માં ગલવાન ખીણમાં થયેલી હિંસક અથડામણો બાદ ભારત અને ચીન વચ્ચે અનેક તબક્કાની વાતચીત થઇ હતી. જોકે અત્યાર સુધી બંને દેશો વચ્ચે સહમતિ સધાઈ નથી. આ દરમિયાન અહેવાલ મળી રહ્યા છે કે ચીનના સૈનિકોએ પૂર્વ લદાખમાં એલએસી પર બે વખત હુમલાનો પ્રયાસ કર્યો હતો. જોકે ભારતીય સૈનિકોએ તેમના નાપાક ઈરાદાઓ પર પાણી ફેરવી નાખ્યું હતું.

અહેવાલ અનુસાર સિક્કિમ સરહદે સ્પેશલ કોર્ટના એક અધિકારીએ 5 દિવસ સુધી ચીનની સૈન્ય પ્રવૃત્તિઓ પરની જાણકારી આપી હતી. ચીનના આ નિષ્ફળ હુમલા જાન્યુઆરી અને નવેમ્બર 2022માં થયા હતા જ્યારે બંને દેશો વચ્ચે સૈન્ય ગતિરોધને ઉકેલવા માટે વાતચીત ચાલી રહી હતી.

ઉલ્લેખનીય છે કે ભારતીય જવાનો દ્વારા હાથ ધરાયેલા આ ગુપ્ત સૈન્ય અભિયાનની માહિતી ત્યારે સામે આવી જ્યારે ગયા અઠવાડિયે ઈન્વેસ્ટિચર સેરેમની દરમિયાન સેનાના પશ્ચિમી કમાન્ડ અને સેન્ટ્રલ કમાન્ડે અજાણતામાં એક પ્રશસ્તિ પત્રમાં તેના વિશે જાહેરાત કરી દીધી. વેસ્ટર્ન કમાન્ડના પદગ્રહણ સમારોહનો વીડિયો યુટ્યુબ પર અપલોડ કરવામાં આવ્યો હતો. જોકે બાદમાં તેને હટાવી લેવામાં આવ્યો હતો. સેન્ટ્રલ કમાન્ડનો વીડિયો હજુ પણ યુટ્યુબ પર ઉપલબ્ધ છે.

# ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનનું જયપુરમાં થશે રાજપૂતાના સ્ટાઈલથી શાહી સ્વાગત

ગુજરાત | વંદન



વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન 25 જાન્યુઆરીએ જયપુર પહોંચશે ત્યારે તેમનું રાજપૂતાના સ્ટાઈલમાં સ્વાગત કરવામાં આવશે. ફ્રાન્સના રાષ્ટ્રપતિની આ ભારત મુલાકાત ઐતિહાસિક થવા જઈ રહી છે. ફ્રાંસના રાષ્ટ્રપતિની ભારત મુલાકાત દરમિયાન, બંને દેશો લશ્કરી-ઔદ્યોગિક ભાગીદારી શરૂ કરવા માટે તૈયાર છે, જે સ્થાનિક ઉત્પાદનની તાકાત પર આધારિત હશે.ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન 75માં ગણતંત્ર દિવસના અવસર પર મુખ્ય અતિથિ છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિના સન્માનમાં જયપુરમાં શાહી રાત્રિભોજનનું આયોજન કરવામાં આવશે. ફ્રાન્સના રાષ્ટ્રપતિના સ્થળ અને જમવાના કાર્યક્રમો એ જ તર્જ પર આયોજિત કરવામાં આવી રહ્યા છે જે રીતે પીએમ મોદીની ફ્રાંસ મુલાકાત દરમિયાન થયું હતું.મેક્રોનનું રાત્રિભોજન રાજસ્થાનના નાયબ મુખ્ય પ્રધાન દિયા કુમારીના વર્તમાન નિવાસસ્થાન સિટી પેલેસ ખાતે યોજાય તેવી શક્યતા છે, જેમાં જયપુર અને અંબરના રાજપૂતોના ભવ્ય ભૂતકાળનું પ્રતિક ધરાવતું સંગ્રહાલય પણ છે. આ સાથે રામબાગ પેલેસ, રાજમહેલ પેલેસ, અંબર પેલેસ અને જલમહેલ પેલેસ પણ તાલિકામાં છે.

# અયોધ્યા માટે વંદે ભારત એક્સપ્રેસનું ભાડું છે 1625 રૂપિયા, કુલ 6 દિવસ દોડશે

**■ દિલ્હી -અયોધ્યા વચ્ચે શરૂ થઈ વંદે ભારત એક્સપ્રેસ**

ગુજરાત | વંદન



અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા બાદ ભક્તો મંદિરના દર્શન કરવાના પ્લાન બનાવી રહ્યા છે. નવા રામ મંદિરનો ઉત્સાહ માત્ર દેશમાં જ નહીં પરંતુ વિશ્વભરના રામ ભક્તોમાં જોવા મળી રહ્યો છે. દરેક વ્યક્તિ હવે નવા રામ મંદિરમાં જઈને ભગવાનના દર્શન કરવા ઈચ્છે છે. આ જ કારણ છે કે હાલ અયોધ્યાને વિમાન, ટ્રેન કે રોડ માર્ગેથી જોડવા માટે દરરોજ નવી ઘોષણાઓ થઇ રહી છે. તાજેતરમાં જ રાજધાની દિલ્હીથી અયોધ્યા વચ્ચે વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી દેખાડી પ્રસ્થાન કરવામાં આવી હતી.

અયોધ્યા-આનંદ વિહાર વંદે ભારત એક્સપ્રેસ એક લક્ઝરી ટ્રેન છે. તેની ટિકિટ અન્ય ટ્રેનોની સરખામણીમાં થોડી મોંઘી છે પરંતુ તેમાં વધુ સુવિધાઓ પણ છે. આ ટ્રેન દિલ્હીવાસીઓને ઓછા સમયમાં અયોધ્યા લઈ જઈ શકશે. જો તમે પણ અયોધ્યા જવા ઈચ્છો છો, તો તમને આ ટ્રેનમાં વહેલી ટિકિટ બુકિંગ કરવાથી કન્ફર્મ ટિકિટ મળશે. જ્યારે અન્ય ટ્રેનોમાં ફેબ્રુઆરી-માર્ચ સુધી લાબું વેઈટિંગ છે, વંદે ભારત એક્સપ્રેસમાં તમને 26 જાન્યુઆરી પછી જ કન્ફર્મ ટિકિટ મળશે. ટ્રેનની ટિકિટની વાત કરીએ તો સીસી (ચેરકાર) ટિકિટની કિંમત 1625 રૂપિયા છે. જ્યારે એક્ઝિક્યુટિવ ચેરકારની ટિકિટ માટે તમારે 2965 રૂપિયા ખર્ચવા પડશે.

અયોધ્યા-આનંદ વિહાર વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ અઠવાડિયામાં એક દિવસને બાદ કરતા (બુધવાર) કુલ 6 દિવસ દોડશે. આનંદ વિહારથી અયોધ્યા કેન્ટ વચ્ચેની યાત્રા માત્ર 8 કલાક 20 મિનિટમાં પૂર્ણ થશે. વચ્ચે બે સ્ટોપ હશે, કાનપુર સેન્ટ્રલ અને લખનૌ. આનંદ વિહારથી અયોધ્યા જતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન સવારે 6.10 વાગ્યે આનંદ વિહાર રેલવે સ્ટેશનથી ઉપડશે છે. જે બપોરે 2.30 કલાકે અયોધ્યા કેન્ટ રેલવે સ્ટેશન પહોંચી જશે. જ્યારે અયોધ્યાથી વંદે ભારત ટ્રેનનો ઉપડવાનો સમય બપોરે 3:20 વાગે છે અને આ ટ્રેન રાત્રે 11:40 કલાકે આનંદ વિહાર દિલ્હી આવશે.

# પ્રાણપ્રતિષ્ઠાના યજમાન ડૉ.અનિલ મિશ્રાનો સંઘ સાથે છે ખાસ સંબંધ

**■ તેઓ મુખ્ય યજમાન તરીકે પીએમ મોદી સાથે ધાર્મિક વિધિઓ પૂર્ણ કરશે**

ગુજરાત | વંદન



500 વર્ષથી લોકો જેની રાહ જોઈ રહ્યા છે આ ઐતિહાસિક ક્ષણ આવી રહી છે. 22મી જાન્યુઆરીએ રામલલાની પ્રાણ પ્રતિસ્ઠા યોજાશે. આ માટેની વિધિઓ શરૂ થઈ ગઈ છે. જે મુખ્ય યજમાન તરીકે ડો.અનિલ મિશ્રા દ્વારા પૂર્ણ કરવામાં આવી રહ્યા છે. 22 જાન્યુઆરીએ રામલલાની પ્રતિમાની સ્થાપનાના શુભ મુહૂર્તમાં યોજાનારી મુખ્ય વિધિમાં ડૉ.અનિલ મિશ્રા પણ તેમની પત્ની ઉષા મિશ્રા સાથે હાજર રહેશે. તેઓ મુખ્ય યજમાન તરીકે પીએમ મોદી સાથે ધાર્મિક વિધિઓ પૂર્ણ કરશે.

આ માટે ડોક્ટર અનિલ મિશ્રાની ખાસ પસંદગી કરવામાં આવી છે. તેઓ આરએસએસના સમર્પિત કાર્યકર પણ છે. સેવા અને સમર્પણમાં વિશ્વાસ રાખતા ડૉ. મિશ્રાને 2020માં સરકાર દ્વારા રચવામાં આવેલ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં પણ સામેલ કરવામાં આવ્યા હતા. અયોધ્યામાં ટ્રસ્ટમાં સામેલ થનારા ત્રણ લોકોમાં તેઓ હતા. આમાં સૌથી પહેલું નામ અયોધ્યા રાજવી પરિવારના વડા બિમલેન્દ્ર મોહન મિશ્રાનું હતું. આ ઉપરાંત નિર્મોહી અખાડાના મહંત દિનેન્દ્ર દાસને પણ ટ્રસ્ટમાં સ્થાન આપવામાં આવ્યું હતું. તેમનો RSS સાથે જૂનો સંબંધ છે. આ નાગે વાત કરવામાં આવે તો શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ સાથે સંકળાયેલા ડૉ.અનિલ મિશ્રાનો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જૂનો સંબંધ છે. તે મૂળ આંબેડકર નગરના પટોણા ગામનો રહેવાસી છે. તેમનું પ્રારંભિક શિક્ષણ જૌનપુરની જયહિંદ ઈન્ટર કોલેજમાં થયું હતું. આ પછી ડોક્ટર અનિલ હોમિયોપેથીનો અભ્યાસ કરવા ફૈઝાબાદ આવ્યા હતા.

# જમ્મુ-કાશ્મીરના નૌશેરામાં LOC નજીક ભયાનક બ્લાસ્ટ

ગુજરાત | વંદન

જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના નૌશેરામાં એલઓસી પર લેન્ડમાઈન બ્લાસ્ટના કારણે સેનાનો એક જવાન શહીદ અને બે જવાન ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના સવારે 10:30 વાગ્યે ફોરવર્ડ ડિફેન્સ લાઇન (FDL)થી લગભગ 300 મીટર દૂર 80મી ઈન્ફન્ટ્રી બ્રિગેડ હેઠળની 17મી શીખ લાઈટ બટાલિયનના એરિયા ઑફ રિસ્પોન્સિબિલિટી (AOR)માં બની હતી. અહેવાલ અનુસાર, આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે સેનાના જવાનો એલઓસી પાસે પેટ્રોલિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન એક જવાનનો પગ લેન્ડમાઈન પર પડતા બાસ્ટ થયો હતો. જેમાં પંજાબના લુધિયાણા જિલ્લાના રહેવાસી અગ્નવીર અજય સિંહ શહીદ થયા હતા. આ ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા બે જવાનોને આર્મીના એમઆઈ રૂમમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમને એરલિફ્ટ કરીને આર્મી કમાન્ડ હોસ્પિટલ, ઉધમપુર લઈ જવામાં આવ્યા હતા.

# ભારત-કેનેડા વિવાદ વચ્ચે વિદ્યાર્થીઓનો મોહભંગ

**■ ગત વર્ષની છેલ્લી ત્રિમાસિકમાં મોટો ઘટાડો જોવા મળ્યો**

ગુજરાત | વંદન



ભારત-કેનેડા વચ્ચેના વિવાદ હવે પહેલા જેવા રહ્યા નથી. બન્ને વચ્ચેના સંબધો દિવસેને દિવસે વણસતા જાય છે, એમાંય ખાલિસ્તાની કેનેડીયન નાગરિક નિજ્જરની હત્યા બાદ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના નિવેદન થી ભારતે કેનેડા સાથેના રાજકીય સંબંધો પર કડક વલણ અપનાવ્યું હતું.

જેમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોમાં શિક્ષણ જે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતુ હતું ,તેમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતાઓ વર્તાઇ રહી છે. મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ માટે કેનેડા જાય છે. જોકે તાજેતરના ઘટનાક્રમમાં ભારતીય વિદ્યાર્થીઓનો મોહભંગ થવાની વાત સામે આવી રહી છે.


અહેવાલ અનુસાર કેનેડાના ઈમિગ્રેશન મંત્રી માર્ક મિલરે પણ કહ્યું કે ભારતથી આવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ભવિષ્યમાં વધશે તેની શક્યતા પણ ઓછી છે. કેનેડા જવા માગતા ભારતીય વિદ્યાર્થીઓને જે પરમિટ મળે છે તેમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. અહેવાલ અનુસાર લગભગ 86 ટકા ઓછા ભારતીય વિદ્યાર્થીઓને પરમિટ મળી છે. કેનેડા સરકારના અધિકારીએ કહ્યું કે ગત વર્ષની છેલ્લી ત્રિમાસિકમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. એવું એટલા માટે થયું કેમ કે ભારતે પરમિટની પ્રક્રિયા પૂરી કરનારા કેનેડાના રાજદ્વારીઓને દેશમાંથી બહાર કાઢી મૂક્યા હતા. તેનું એક પરિણામ એ પણ હતું કે કેનેડામાં અભ્યાસ માટે અગાઉની તુલનાએ ખૂબ ઓછા વિદ્યાર્થીઓએ અરજી કરી હતી.

ઈમિગ્રેશન મંત્રી મિલર કહે છે કે બંને દેશો વચ્ચેના વણસેલા સંબંધોની અસર શિક્ષણ જગત પર થઈ રહી છે. વિવાદને લીધે ભારતથી ખૂબ ઓછા લોકો અરજી કરી રહ્યા છે. આ સાથે તેને પ્રોસેસ કરનારા અધિકારીઓની સંખ્યા પણ લગભગ અડધી થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે ગત ઓક્ટોબરમાં 41 કેનેડિયન રાજદ્વારીઓને ભારતથી તગેડી મૂકાયા હતા. સત્તાવાર માહિતી અનુસાર બંને દેશો વચ્ચે તંગદિલીને કારણે ગત વર્ષની ચોથી ત્રિમાસિકમાં ભારતીય વિદ્યાર્થીઓને આપવામાં આવેલી પરમિટ ત્રીજી ત્રિમાસિકની તુલનાએ 86 ટકા સુધી ઘટી ગઈ હતી એટલે કે જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિકમાં કુલ 1,08,940 પરમિટ આપવામાં આવી હતી.

## ભારતમાં લોકસભાની ચૂંટણી પધ્ધતિ ખૂબ જ સરળ અને સુગમ છે...

# ચૂંટણી વર્ષ 2024: ખૂબ જ અટપટી છે અમેરિકાના રાષ્ટ્રપતિપદની ચૂંટણીઓ!

ગુજરાત | વંદન




પેટા-એક વર્ષ સુધી લાંબી ચાલે છે ચૂંટણી પ્રક્રિયા, વિજેતા રાષ્ટ્રપતિ જાન્યુ.2025માં સંભાળે છે સત્તા

દુનિયાની સૌથી મોટી લોકશાહી ધરાવનાર દેશ છે મેરા ભારત અને દુનિયાની સૌથી જુની લોકશાહી ધરાવનાર દેશ છે ગુજરાતીઓનો પ્રિય ડોલરિયો દેશ અમેરિકા. બન્ને દેશોમાં ભારતમાં વડાપ્રધાન સર્વસત્તાધીશ હોય છે અને અમેરિકામાં રાષ્ટ્રપતિ સર્વેસર્વા હોય છે. અમેરિકામાં વડાપ્રધાનપદની જોગવાઈ નથી. ભારતમાં રાષ્ટ્રપતિપદ છે પણ તેમની પાસે અમેરિકાના રાષ્ટ્રપતિ કરતાં મર્યાદિત સત્તા છે.

2024માં આ બન્ને દેશોમાં ચૂંટણીઓ યોજાવાની છે. ભારતમાં એપ્રિલ-મેમાં અને અમેરિકામાં તો એક વર્ષ પહેલાંથી ચૂંટણી પ્રક્રિયા આરંભાઈ જાય છે. ભારતમાં લોકસભાના સાંસદોને પ્રજા સીધા મતદાનથી ચૂંટે છે અને બહુમતિ ધરાવનાર સાંસદો પક્ષના આદેશથી વડાપ્રધાન ચૂંટે છે. રાજ્યસભાના સાંસદોને ધારાસભ્યો ચૂંટી કાઢે છે.

ભારતમાં હાલમાં અનૌપચારિક રીતે કોંગ્રેસ અને ભાજપ સહિતના રાજકિય પક્ષો દ્વારા ચૂંટણી પ્રચાર શરૂ થઈ ગયો છે. અને એપ્રિલમાં ચૂંટણી સમયપત્રક જાહેર થતાં જ બજારમાં રૂપિયો ફરતો થશે. અમેરિકામાં નવા રાષ્ટ્રપતિપદની ચૂંટણી પ્રક્રિયા એક લાંબી અને મુશ્કેલ પ્રક્રિયા છે. રાષ્ટ્રપતિની ચૂંટણીનું અંતિમ પરિણામ નવેમ્બર 2024માં આવશે.

પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે રાત્રે આયોવા ફર્સ્ટ નેશન્સ કોકસમાં તેમની પ્રથમ નોંધપાત્ર જીત નોંધાવી હતી. પરંતુ આ કોકસ શું છે અને તેઓ પ્રાથમિકથી કેવી રીતે અલગ છે? ઉમેદવારોના નામાંકનની પ્રક્રિયા શું છે અને અમેરિકામાં ચૂંટણી કેવી રીતે યોજાય છે? તેના પર એક નજર નાંખીએ...

**ચૂંટણી પ્રક્રિયાઓના વિવિધ તબક્કા...|**

યુએસ ચૂંટણીના એક વર્ષ પહેલા, બે મુખ્ય રાજકીય પક્ષો - ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન -ના ઉમેદવારો તેમના પ્રચારની શરૂઆત કરે છે. ઝુંબેશના આ ભાગમાં તમારી ટીમ બનાવવી અને તમારી ઝુંબેશ માટે સમર્થન અને ભંડોળ એકત્ર કરવા માટે રેલીઓનું આયોજન કરવું શામેલ છે.

ઝુંબેશની શરૂઆતમાં, મુખ્ય બે પક્ષો ડેમોક્રેટિક અને રિપબ્લિકન ઉમેદવારો ટેલિવિઝન ચર્ચામાં ભાગ લે છે. ચર્ચા દરમિયાન, દરેક ઉમેદવાર તેની નીતિઓ વિશેના અઘરા પ્રશ્નોના જવાબ આપે છે. તેઓને અન્ય ઉમેદવારો સામે મુદ્દાઓ અને નીતિઓ પર તેમના વલણનો બચાવ કરવાની તક પણ મળે છે.

પગલું 1: પ્રાઈમરીઝ અને કોકસ એ પ્રતિનિધિઓને પસંદ કરવામાં મદદ કરે છે જેઓ આગામી સંમેલનોમાં લોકોનું પ્રતિનિધિત્વ કરશે. આ માત્ર બે રીત છે જેમાં લોકો રાજ્યો અને રાજકીય પક્ષોને રાષ્ટ્રપતિ પદના ઉમેદવારોને ચૂંટવામાં મદદ કરે છે.

કોકસ: આ એક એવો તબક્કો છે કે જેમાં પક્ષના સભ્યો શ્રેણીબદ્ધ ચર્ચાઓ અને મતો દ્વારા શ્રેષ્ઠ ઉમેદવારની પસંદગી કરે છે. રાષ્ટ્રીય પક્ષના અધિવેશનમાં પ્રતિનિધિઓની પસંદગી કરવા માટે તે રાજકીય પક્ષના સ્થાનિક સભ્યોની બેઠક છે. કોકસને પ્રાથમિક ચૂંટણીનો વિકલ્પ કહેવામાં આવે છે. પ્રતિનિધિને એવી વ્યક્તિ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે રાજકીય પક્ષના સંમેલનમાં ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે અન્યનું પ્રતિનિધિત્વ કરવા માટે અધિકૃત છે.

પ્રાથમિક: આમાં, પક્ષના સભ્યો શ્રેષ્ઠ ઉમેદવારને મત આપે છે જે સામાન્ય ચૂંટણીમાં તેમનું પ્રતિનિધિત્વ કરશે. મોટાભાગનાં રાજ્યોમાં, પ્રમુખપદની ચૂંટણીના છ થી નવ મહિના પહેલા પ્રાઈમરી યોજવામાં આવે છે. પ્રાથમિક મતદારો ગુપ્ત મતદાન દ્વારા તેમના મનપસંદ ઉમેદવારને અજ્ઞાત રીતે પસંદ કરે છે. મુખ્ય ધ્યાન આયોવા, ન્યુ હેમ્પશાયર, નેવાડા અને દક્ષિણ કેરોલિનાના પરિણામો પર છે. આ પ્રદેશોના પરિણામો સામાન્ય રીતે નક્કી કરે છે કે દરેક પક્ષ માટે અંતિમ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કોણ હશે.

બીજો તબક્કો: રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનવા માટે, ઉમેદવારે બહુમતી પ્રતિનિધિઓ જીતવા પડે છે. દરેક પક્ષ તેના અંતિમ રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને પસંદ કરવા માટે રાષ્ટ્રીય સંમેલન યોજે છે. આ તબક્કે, પ્રતિનિધિઓ "લોકોનું પ્રતિનિધિત્વ કરવા" માટે પસંદ કરે છે અને પ્રાથમિક અને કોકસ દરમિયાન તેમના પસંદગીના ઉમેદવારોને "સમર્થન" આપે છે. સરળ શબ્દોમાં કહીએ તો, રાજ્યના પ્રતિનિધિઓ તેમના ઉમેદવારોની પસંદગીની પુષ્ટિ કરવા માટે મતદાન કરવા માટે રાષ્ટ્રીય સંમેલનમાં જાય છે. સંમેલનોના અંતે દરેક પક્ષના અંતિમ પ્રમુખપદના ઉમેદવારની સત્તાવાર જાહેરાત કરવામાં આવે છે. જો કોઈ ઉમેદવારને પ્રાઈમરી અને કોકસ દરમિયાન પક્ષના

...અનુસંધાન પેજ નં. 6 પર

# એક સમયે કામણ પાથરનાર વિદેશી હિરોઈનોનો ભારે ઉન્માદ શમી ગયો...?!

થોડા સમય પહેલા બોલિવૂડમાં પરદેશથી આવતી નાજૂક,નમણી અને કામણગારી અને અનોખી ફિગર ધરાવનાર હિરોઈનોને લઈને ભારે ઉન્માદ જોવા મળતો હતો. ત્યારબાદ કેટરિના કૈફ, જેક્લીન ફર્નાન્ડીઝ, એલી અબરામ, નોરા ફતેહીનું આગમન શરૂ થયું. પરંતુ આ હેંગઓવર લાંબો સમય ટકી શક્યો નહીં. આજે સ્થિતિ એવી છે કે વિદેશથી આવતી સુંદરીઓનો ક્રેઝ સાવ શમી ગયો છે.... તેમાંના કેટલાક વિવાદોને કારણે અને કેટલાક તેમના ઘટતા સ્ટારડમને કારણે લગભગ ઓછલ થઈ ગયા છે..

**પાકિસ્તાની યુવતીઓનો ક્રેઝ....** | નોંધનીય છે કે, પાકિસ્તાની સુંદરીઓ બોલિવૂડમાં પોતાનું નસીબ અજમાવનાર પ્રથમ હતી. ત્યારપછી માવરા હુસૈન, માહિરા ખાન, મીરા, વીણા મલિક, મતિરા વગેરે જેવી હિરોઈન વિશે ઘણી ચર્ચા થઈ. એ સમયે આપણા ઘણા મોટા હીરો જ નહીં પણ મહેશ ભટ્ટ જેવા દિગ્દર્શકો પણ તેમના પ્રત્યેના પ્રેમથી છલકાતા હતા. જો કે, પાડોશી દેશની બેવફાઈએ આ પ્રેમને લાંબા સમય સુધી ખીલવા

## કેટરીના અપવાદ બની...



અભિનેત્રી કેટરીના કૈફ વિદેશથી આવેલી હિરોઈનોની આ રેસમાં અપવાદ છે. તેમનું ખાસ પાસું એ હતું કે તેઓ હંમેશા બિનજરૂરી ચર્ચાઓથી પોતાને દૂર રાખતા હતા. અભિનેતા સલમાન સાથેની તેની મિત્રતા ખૂબ જ પ્રખ્યાત થઈ હતી, પરંતુ તેણે તેને વધુ લાઈમ લાઈટમાં રાખી ન હતી. હવે લગ્ન પછી તેણે એ જ સ્ટાઈલમાં જીવન જીવવાનું શરૂ કર્યું છે. ભારતીયતાનો પોશાક પહેરીને 'ટાઈગર-3' પછી તે 'મેરી ક્રિસમસ'માં જોવા મળી છે. પરંતુ હવે ફિલ્મો તેની પ્રથમ પ્રાથમિકતા નથી.

## જેક્લીન- એક ભૂલ અને તારે જમીન પર...




કોલંબો અભિનેત્રી જેક્લીન ફર્નાન્ડીઝની ફિલ્મ બેગ હવે લગભગ ખાલી થઈ ગઈ છે. તે ઈન્ડસ્ટ્રીમાં લગભગ ખોવાઈ ગઈ છે. વાસ્તવમાં, છેલ્લા બે વર્ષમાં, વિવાદોએ તેમની રૂટિન લાઈફને ખલેલ પહોંચાડી છે. નહિંતર, તેણીને એક સમયે લોકડાઉનની નસીબદાર છોકરી તરીકે રજૂ કરવામાં આવી રહી હતી. પણ હવે પહેલા જેવું વલણ રહ્યું નથી. થોડા મહિનાઓ પહેલા 'રામ સેતુ' અને 'સર્કસ' જેવી બે મોટી ફિલ્મોની નિષ્ફળતા બાદ તેની ચમક એકદમ મંદ પડી ગઈ છે. જેલમાં બંધ 200 કરોડના મહાઠગ સુકેશ ચંદ્રશેખરની સામેના કેસમાં જેકલિન સહઆરોપી છે.

## નોરાનો માદક જાદુ હવે ક્યાં છે...?



થોડા સમય પહેલા કેનેડિયન બ્યુટી નોરા ફતેહી બોલિવૂડની નવી સેન્સેશન તરીકે ઉભરી આવી હતી. પછી ફિલ્મોમાં તેના ડાન્સ આઈટમ નંબર્સ રજૂ કરીને, તેણે આગલી સીટ પર દર્શકોને મંત્રમુગ્ધ કર્યા. સાઉથની તેલુગુ ફિલ્મોમાં તેમનો જાદુ ખૂબ જ લોકપ્રિય હતો. આ જાદુનો ઉપયોગ કરીને, તેણે હિન્દી ફિલ્મોમાં પણ પોતાની ઓળખ બનાવી, જ્યાં તેણે નાની ભૂમિકાઓ પણ કરવાનું શરૂ કર્યું. પરંતુ જ્યારે કેટલાક વિદેશી સ્ટાર્સ પર વિવાદો પડ્યા તો સ્વાભાવિક રીતે જ તેમના કામ પર અસર થઈ.

## એલીએ હાર ન માની....



હાલમાં જ સ્વીડનથી આવેલી મોડલ અને અભિનેત્રી એલી અબ્રામ ટાઈગર શ્રોફની ફિલ્મ 'ગણપથ'માં ખૂબ જ નાના રોલમાં જોવા મળી છે. તેને સલમાનની શોધ પણ માનવામાં આવે છે. પરંતુ આ વિદેશી સુંદરીએ ખૂબ જ શાંતિથી પોતાનો સંઘર્ષ ચાલુ રાખ્યો છે. તે પહેલીવાર 2015માં કપિલ શર્માની ફિલ્મ 'કિસ કિસકો પ્યાર'માં જોવા મળી હતી. તેણે ફિલ્મોમાં કેમિયો કે આઈટમ નંબર કરવાનું પણ ખુશીથી સ્વીકાર્યું. ન તો તેને એ વાતનો અફસોસ હતો કે સલમાનને તેને કોઈ મોટી ફિલ્મ નથી મળી.

## હેલેન અદ્ભુત છે.....



જો અત્યારે કેટરિનાને બાજુ પર રાખીએ તો લગભગ નિવૃત્ત અભિનેત્રી હેલનનું નામ તેના સર્વકાલીન ઉદાહરણ તરીકે લઈ શકાય. બર્મામાં જન્મેલી હેલન પાસે ફિલ્મી જ્ઞાન લગભગ શૂન્ય હતું. હેલન કહે છે, 'શરૂઆતમાં મેં હિન્દી પંડિતજીની સેવાઓ લીધી હતી. વરિષ્ઠ કલાકારો પાસેથી શીખ્યા. દાદા મુનિએ સમજાવ્યું કે મારે સામાન્ય વાતચીત ધ્યાનથી સાંભળવી જોઈએ. મેં ટૂંક સમયમાં તૂટેલી હિન્દી બોલવાનું શરૂ કર્યું.' જોકે, વિદેશથી આવેલી મોટાભાગની હિરોઈનોને દરેક બાબતમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. કારણ કે હિન્દી ફિલ્મોનું સેટ-અપ તેમના માટે અજાણ્યું છે. આવી સ્થિતિમાં, હિન્દી શિક્ષક સિવાય, સાથી કલાકારો અને નિર્દેશકોની મદદથી, તે હિન્દીની સાથે બોલિવૂડની તમામ રીતો શીખવાનો પ્રયાસ કરે છે.

# ફિલ્મફેર માટે રણબીરકપૂરની 'એનિમલ'ને 19 કેટેગરીમાં સૌથી વધુ નોમિનેશન મળ્યું



ફિલ્મફેર એવોર્ડ્સની 69મી આવૃત્તિ માટે નામાંકન જાહેર કરવામાં આવ્યા છે. જેમાં રણબીરકપૂરની 'એનિમલ'ને 19 કેટેગરીમાં સૌથી વધુ નોમિનેશન મળ્યા છે. ફિલ્મફેરે હિન્દી સિનેમાના દરેક ક્ષેત્રની પ્રતિભાને સન્માનિત કરવા માટે એક સંપૂર્ણ યાદી તૈયાર કરી છે. 27 અને 28 જાન્યુઆરીએ યોજાનાર આ સમારોહ માટે નામાંકન જાહેર કરવામાં આવ્યા છે. આ નોમિનેશન લિસ્ટમાં વર્ષ 2023ના સૌથી સફળ એક્ટર શાહરૂખ ખાન, જેમણે પોતાની ત્રણ ફિલ્મોથી 2600 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે, તેને બે ફિલ્મો 'જવાન' અને 'ડંકી' માટે બેસ્ટ એક્ટર કેટેગરીમાં નોમિનેટ કરવામાં આવ્યો છે. જ્યારે, '12 મી ફેલ' ને પણ ઘણી કેટેગરીમાં નોમિનેશન મળ્યા છે.

# એક ફિલ્મમાં 5 હીરો, 3 હીરોઇન, બજેટ 200 કરોડ, અને નામ છે...



ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે 2024નું વર્ષ ખૂબ જ ખાસ રહેવાનું છે. જેમાં ઘણાં મલ્ટી સ્ટારર ફિલ્મો આવવાની છે. પરંતુ,એક મલ્ટી સ્ટારર ફિલ્મ , જે કથિત રીતે 200 કરોડ રુપિયામાં બનવા જઈ રહી છે. ફિલ્મમાં વિલેનનું પાત્ર એ હીરો ભજવવા જઈ રહ્યો છે, જે 12 વર્ષથી સતત ફ્લોપ ફિલ્મો આપી રહ્યો છે.

અજય દેવગન સ્ટારર આ ફિલ્મ કૉપ યુનિવર્સનો પાંચમો ભાગ છે. આ ફિલ્મમાં અજય દેવગન લીડ રોલમાં છે. આ સિવાય ફિલ્મના તમામ મુખ્ય પાત્રોનો ફર્સ્ટ લુક પણ બહાર આવ્યો છે. પરંતુ તેમાં ઘણા બીજા એક્ટર્સ અને એક્ટ્રેસ પણ સામેલ થઈ રહ્યો છે અને ઘણાં મોટા હીરો-હીરોઈન સામેલ થવાની પણ સંભાવના છે.

કૉપ યુનિવર્સની પાંચમી સીરિઝનું નામ છે 'સિંઘમ અગેન' છે. ફિલ્મમાંથી અજય દેવગનનો ખતરનાક લુક સામે આવ્યો છે. તે તેમાં લીડ રોલ કરી રહ્યો છે. તે ફરીથી બાજીરાવ સિંઘમમાં પોલીસ ઓફિસરની ભૂમિકામાં જોવા મળશે.

અક્ષયકુમાર પણ 'સિંઘમ અગેન'માં વીર સૂર્યવંશીના રોલમાં જોવા મળશે. રોહિત શેટ્ટીએ ફિલ્મમાંથી અક્ષયનો લુક શેર કર્યો હતો જેમાં અક્ષયને હેવી-ડ્યુટી એક્શન સીન વચ્ચે હેલિકોપ્ટરમાંથી કૂદતો બતાવવામાં આવ્યો છે.

આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ પણ મહિલા પોલીસ ઓફિસરની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મમાં તે શક્તિ શેટ્ટીના રોલમાં જોવા મળશે. 'સિંઘમ અગેન' 15 ઓગસ્ટ 2024ના રોજ રિલીઝ થશે.

રણવીર સિંહની શાનદાર એન્ટ્રી થશે. તે પોલીસ ઓફિસર સંગ્રામ ભાલેરાવના રોલમાં જોવા મળશે. સૂર્યવંશીમાં રણવીર સિંહે પણ શાનદાર એન્ટ્રી કરી હતી. ફિલ્મને લઈને ચાહકોમાં પહેલેથી જ બઝ બનેલો છે.

રોહિત શેટ્ટીની કૉપ યુનિવર્સમાં ટાઈગર શ્રૉફ પણ પોલીસ ઓફિસરની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મમાં ટાઈગરના ત્રણ અલગ-અલગ લુક જોવા મળ્યા હતા, જેમાંથી એકમાં તે શર્ટલેસ જોવા મળ્યો હતો.

ફિલ્મમાં વિલેનના પાત્ર રીતે અર્જૂન કપૂરનું નામ સામે આવ્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે, રોહિત શેટ્ટી વિલેન તરીકે અર્જૂનને સિલેક્ટ કરવામાં આવ્યો છે. અર્જૂન હીરોના રીતે ફ્લોપ રહ્યો છે. કરીના કપૂર ખાન 'સિંઘમ અગેન'માં અવની વાજીરાવ સિંઘમનું પાત્ર ભજવશે. ફિલ્મમાં તેનો જે ફર્સ્ટ લુક આઉટ થયો છે, તેમાં તે કોઈના પર બંદૂક તાકતી જોવા મળી રહી છે.



# કડકડતી ઠંડીમાં ગરમી કા અહેસાસ..., બિકીની લૂકમાં દિશા પટનીનો કિલર અંદાજ


બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટની ઈન્ડસ્ટ્રીની સૌથી બોલ્ડ એક્ટ્રેસેસમાંથી એક માનવામાં આવે છે. બોલિવૂડ સ્ટાર દિશા પટની પોતાની ક્યૂટનેસની સાથે-સાથે બોલ્ડ બિકીની લુક્સને કારણે હંમેશા ચર્ચામાં રહેતી હોય છે. અદાકાર દિશા પટની સુપરહિટ પણ છે. દિશા પટની મોટેભાગે ફેન્સ માટે બિકીની લુક શેર કરતી રહેતી હોય છે. બિકીની લુકમાં ફિટ બોડી ફ્લોન્ટ કરતી જોવા મળે છે. જો કે આ વખતે એક્ટ્રેસ દિશા પટનીએ ફરી એક વાર બિકીની લુકમાં લેટેસ્ટ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરીને આગ લગાવી દીધી છે. અદાકાર દિશા પટનીએ લેટેસ્ટમાં બિકીની પહેરીને ફોટા શેર કર્યા છે. આ તસવીરોમાં વરસાદના પાણીમાં વરસાદના પાણીમાં નીચે બેસીને બોલ્ડ તસવીરો ક્લિક કરાવતી જોવા મળી. આ તસવીરો એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. આ તસવીરો સામે આવતાની સાથે જ વાયરલ થવા લાગી છે.

# કંગના કહે છે- વડાપ્રધાન મોદીની આંખો તો જુઓ, સળગતી તલવાર કરતાં પણ તીક્ષ્ણ અને ચમકદાર છે..!

બોલીવુડમાં પંગાગર્લ તરીકે જાણીતી કંગના રનૈત કે ભાજપની નજીક મનાય છે તેણે વડાપ્રધાન મોદીની તસવીર શેર કરીને એવમ કહીને ચર્ચા જગાવી કે વડાપ્રધાન અસાધારણ છે અને તેમની આંખો સળગતી તલવાર કરતાં વધુ તીક્ષ્ણ અને ચમકદાર છે.

ઈન્સ્ટાગ્રામ પર તસ્વીર શેર કરતા કંગનાએ લખ્યું, "આપણે બધા જાણીએ છીએ કે





મોદીજી આપણામાંથી એક છે, એવું શું છે જે તેમને આટલા અસાધારણ બનાવે છે? મારા મતે તે તેના હેતુ, લાગણી અને ક્રિયાની તીવ્ર તીવ્રતા છે... તેથી તે તીવ્રતા છે. આ ચિત્ર જુઓ, તેની આંખો જુઓ તે માત્ર કોઈ સાધારણ નથી પરંતુ સળગતી તલવાર કરતાં વધુ તીક્ષ્ણ અને ચમકદાર છે... વડાપ્રધાન મંગળવારે રોડ શો માટે અને કેરળમાં નવી પહેલ શરૂ કરવા માટે કોચીમાં હતા.

કંગના તેની આગામી ફિલ્મ ઈમરજન્સીના પોસ્ટ પ્રોડક્શન કામ માટે મુંબઈ પરત ફરી છે. તેણે તાજેતરમાં જ ફિલ્મ માટે ડબિંગ સેશનમાંથી પોતાની એક ઝલક શેર કરી હતી. ચિત્રમાં કંગના તેના પગ બંધ કરીને ખુરશી પર બેઠી છે અને સ્ક્રિપ્ટને જોઈ રહી છે. તસવીર શેર કરતાં તેણે લખ્યું, "ડબિંગ ડે, રિલીઝ ડેટની જાહેરાત ટૂંક સમયમાં આવી રહી છે...★ઈમર્જન્સી."

# 'ફાઈટર'નું ટ્રેલર જોયા બાદ લોકોનો પ્રતિભાવ: 1000 કરોડ તો પાક્કા..!




રિતિક રોશન અને દીપિકા પાદુકોણની ફિલ્મ 'ફાઈટર'નું ટ્રેલર આવી ગયું છે. સોશિયલ મીડિયા પર ટ્રેલરની ખૂબ પ્રશંસા થઈ રહી છે. પુલવામા હુમલા પર આધારિત આ ફિલ્મનું ટ્રેલર જોયા બાદ એક વ્યક્તિએ લખ્યું કે, આ ફિલ્મ રિતિક માટે ગેમ ચેન્જર સાબિત થશે. આ તેનું માઈન્ડ બ્લોઈંગ પર્ફોર્મન્સ હશે. સિદ્ધાર્થ આનંદે તેને બતાવ્યું છે કે આપણે તેને ક્યારેય જોયો નથી.

ફિલ્મમાં એક્શન, ઈમોશન, રોમાન્સ અને દેશભક્તિ છે." એકે લખ્યું, "ફાઈટરનું ટ્રેલર ટોપ ગન કરતા પણ સારું છે. 1000 કરોડનું લોડિંગ." અન્ય યુઝરે લખ્યું, "સિદ્ધાર્થ આનંદને બીજી બ્લોકબસ્ટર માટે અભિનંદન." ફિલ્મના ડાયલોગ્સની પણ ખૂબ પ્રશંસા થઈ રહી છે. લોકો ભારતીય અધિકૃત પાકિસ્તાનની પંચ લાઈનની ચર્ચા કરી રહ્યા છે. રિતિક રોશન અને દીપિકાની ફાઈટર 25 જાન્યુઆરીએ રિલીઝ થવાની છે.

# પ્રતિક ગાંધી સાથે વિદ્યા અને ઈલિયાના ભેગા થયાં તો 'દો ઔર દો પ્યાર' બની

ગુજરાતી રંગભૂમિથી શરૂઆત કરનારા પ્રતિક ગાંધીએ બોલિવૂડ સ્ટાર્સની હરોળમાં સ્થાન જમાવી લીધું છે. બે જાણીતી હીરોઈન સાથે પ્રતિકની પહેલી ફિલ્મ 'દો ઔર દો પ્યાર' રિલીઝ માટે તૈયાર છે. 16મીએ વિદ્યા બાલને સોશિયલ મીડિયા પર ગર્ભિત પોસ્ટ મૂકીને સસ્પેન્સ ઊભું કર્યું હતું. ત્યારબાદ પ્રતિક ગાંધી, ઈલિયાના ડીક્રૂઝ અને સેંધિલ રામમૂર્તિ પણ ચર્ચામાં જોડાયા છે. સોશિયલ મીડિયા પર ભેગા થયા બાદ ફિલ્મની ટીમ પોસ્ટરમાં સાથે જોવા મળી છે. અત્યાર સુધી આ ફિલ્મનું નામ જાહેર થયું ન હતું. વિદ્યા બાલન અને ઈલિયાના ડીક્રૂઝ સાથે પ્રતિક ગાંધીની આ ફિલ્મને 'દો ઔર દો પ્યાર' ટાઈટલ સાથે 29 માર્ચે રિલીઝ કરવામાં આવશે. બોલિવૂડની પીઢ અભિનેત્રી વિદ્યા બાલન અને ઈલિયાના ડીક્રૂઝ સાથે પ્રતિક ગાંધી અને સેંધિલ રામમૂર્તિ પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. 17મીએ ફિલ્મનું ટાઈટલ અને રિલીઝ ડેટ જાહેર કરાયા હતા. ફિલ્મની ટીમે પોસ્ટમાં જણાવ્યું હતું કે, 29 માર્ચે 'દો ઔર દો પ્યાર' આવી રહી છે. વિદ્યાએ ફિલ્મના વિષય અંગે વાત કરતાં ટૂંકમાં કહ્યું હતું, દો ઔર દો મિલેંગે. પ્યાર કે રાઝ ખુલેંગે. વેબ સિરીઝ સ્કેમની સફળતા બાદ પ્રતિક ગાંધી માટે બોલિવૂડના દરવાજા ખુલ્યા હતા.



### મુખ્યમંત્રી-પ્રદેશ ભાજપ પ્રમુખ સહિત ભાજપ સંગઠન અને લાખો કાર્યકરોમાં અનેરો થનગનાટ

# મંદિર મહોત્સવ: 22મીએ સમગ્ર ગુજરાતમાં ઘેર ઘેર અને ઠેર ઠેર દિવાળી ઉજવાશે

■ **પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે હીરા બજાર સહિત વિવિધ બજારો બંધ પાળીને ભવ્ય ઉજવણીમાં ભાગ લેશે**

ગુજરાત | વંદન

અયોધ્યામાં 500 વર્ષ બાદ ભગવાન રામ પોતાની જન્મભૂમિમાં પરત ફરી રહ્યાં છે, જેના ભાગરૂપે આગામી 22મી જાન્યુઆરીએ અયોધ્યામાં ભવ્ય અને દિવ્ય રામ મંદિર મહોત્સવ ઉજવાઇ રહ્યો છે, દેશભરમાં ખુણે ખુણે પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે, પ્રાણ પ્રતિષ્ઠાના આ મહોત્સવને સમર્થન આપવા અને આ ભવ્ય કાર્યક્રમમાં ભાગીદાર થવા અમદાવાદ સહિત સમગ્ર ગુજરાત થનગની રહ્યું છે. સરકારે અડધા દિવસની રજા આપી છે તો શહેરમાં મસ્કતી કાપડ માર્કેટ સહિત વિવિધ બજારોએ તે દિવસે પોતાનો કારોબાર એક દિવસ બંધ રાખીને રામ મહોત્સવ ઉજવશે.

વિવિધ સંગઠનો-સંસ્થાઓએ પણ પોતપોતાની રીતે ઉજવણીના આગવા કાર્યક્રમોનું આોયજન કર્યું છે અને 22મીએ ગુજરાતમાં વિક્રમ સંવત 2080ની દિવાળી પહેલાં પોષ માસમાં દિવાળી ઉજવાશે. ઘેર ઘેર દિવડા પ્રગાવાશે અને આતશબાજી જોવા મળશે. પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે 12.20 કલાકે દરેક મંદિરોમાં મહાઆરતીના કાર્યક્રમો પણ યોજાવાના છે.

બીજી તરફ દુનિયાભરમાં મશહુર સુરતનું હીરા બજાર પણ આગળ આવ્યુ છે અને આગામી 22મી જાન્યુઆરીએ સુરતના હીરા બજારે સૂપર્ણપણ બંધ પાળવાની જાહેરાત કરી છે, રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના દિવસે સુરતમાં હીરા બજારનું કામકામ સંપર્ણપણે બંધ રહેશે.

મળતી માહિતી પ્રમાણે, , રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના દિવસે સુરત હીરા બજાર સંપૂર્ણ બંધ પાડશે, આ અંગેની જાહેરાત મહિધરપુરા સેફ વૉલ્ટ એસો.ની કરી છે. હીરા બજારમાં પણ ઉજવણીને લઈ અનેક કાર્યક્રમો યોજાશે. દરેક હીરા વેપારીઓ અને દલાલ પોતાના ઘરે દીપ પ્રગટાવે તેવી અપીલ કરવામાં આવશે.

અમદાવાદમાં ભાજપના દરેક ધારાસભ્ય, દરેક કોર્પોરેટરો અને સંગઠનની સાથે જોડાયેલા બુથ ઈન્ચાર્જ સહિત એકેએક કાર્યકરને 22મીએ ભવ્ય અને ઝાકમઝોળ રીતે ઉજવણીની તાકીદ કરવામાં આવી છે. સ્થાનિક મંદિરોમાં ભજન-આરતીની સાથે જાહેરમાં એલએડી ટીવી ગોઠવીને અયોધ્યાનું સીધુ પ્રસારણ ચાલી-મહોલ્લા સોસાયટીઓમાં ગોઠવવાની સુચના આપવામાં આવી છે.


પ્રદેશ પ્રમુખ સીઆર પાટિલ સુરત કે નવસારીમાં, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર નિવાસસ્થાને, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત રાજભવનમાં અને મંત્રીઓ પોતપોતાના મતવિસ્તાર કે પ્રભારી જિલ્લા મથકોએ આયોજિત કાર્યક્રમોમાં ભાગ લેશે. ભાજપે સમગ્ર ભારતમાં ગુજરાતમાં રામ મંદિર મહોત્સવની ઉજવણી સારામાં સારીતે થાય એની કાળજી લીધી છે. કેમ કે આ જ રામ મંદિર માટે ગુજરાતના 59 રામસેવકોનો ભોગ લેવાયો હતો અને દેશના રાજકારણમાં એક નવો વળાંક આવ્યો હતો.

## 1 કિ.મી લાંબા કાપડ પર દોરવામાં આવ્યા વારલી આર્ટમાં રામાયણના મનોહારી પ્રસંગો

■ વલસાડ જિલ્લામાં ધરમપુર તાલુકા ખાતે રામાયણ અને રામ મંદિરની ઘટના પર આધારિત 1 કિલોમીટર લાંબી વારલી પેન્ટીગ બનાવવામાં આવી છે. 1 કિલોમીટર લાંબી રામાયણ અને રામ મંદિરની ઘટના પર આધારિત આ પેન્ટીગને 4000 જેટલા વિદ્યાર્થી અને 200 જેટલા આર્ટિશો દ્વારા 6 કલાકમાં તૈયાર કરી અયોધ્યા ખાતે રામ મંદિરને ભેટ આપવામાં આવશે.

■ રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા આગામી 22મી જાન્યુઆરીએ થવા જઈ રહી છે ત્યારે દેશ માંથી વિવિધ વસ્તુઓની ભેટ તથા પ્રતિકુતુઓ અયોધ્યાના રામ મંદિર ખાતે મોકલવામાં આવી રહી છે ત્યારે વલસાડ જિલ્લાના આદિવાસી તાલુકા ખાતે થી એક કિલોમીટર લાંબી રામાયણ અને રામ મંદિરની ઘટના પર આધારિત વારલી પેન્ટીગ તૈયાર કરવામાં આવી છે.

■ ધરમપુર તાલુકાના ભેંસધરા ગામ ખાતેથી એ.ડી ફાઉન્ડેશન અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આદિવાસી વિસ્તારના 4000 જેટલા વિદ્યાર્થીઓ અને 200 જેટલા દેશના વિવિધ આર્ટિશોને સાથે રાખી રામાયણ અને રામ મંદિરની ઘટના પર આધારિત એક કિલોમીટર વારલી પેન્ટીગ તૈયાર કરવામાં આવી છે.



# ભાજપે લોકસભાની 24 બેઠકો માટે પ્રભારી અને સંયોજકો નીમ્યા




■ **મતદાતાઓને લઈને જરૂરી સમીક્ષા કરી રિપોર્ટ આપશે**

ગુજરાત | વંદન

ગુજરાત ભાજપે લોકસભાની 24 બેઠકો માટે પ્રભારી અને સંયોજકોની નિમણૂંક કરી છે. માત્ર ગાંધીનગર અને સુરત બેઠકને બાદ કરતાં બાકીની તમામ બેઠકો માટે પ્રભારી અને સંયોજક તરીકે પાર્ટીના બીજી હરોળના નેતાઓને નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નવનિયુક્ત પ્રભારીઓ અને સંયોજકો સતત તેમને સોંપાયેલી બેઠકમાં સમાવિષ્ટ વિસ્તારોનો પ્રવાસ કરી સ્થાનિક નેતાઓ અને કાર્યકરો સાથે બેઠકો કરશે અને તેને આધારે ઉમેદવારની પસંદગી, રાજકીય સમીકરણો અને મતદાતાઓને લઈને જરૂરી સમીક્ષા કરી રીપોર્ટ તૈયાર કરશે.

આ ઉપરાંત ગાંધીનગર લોકસભા બેઠક માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે પરામર્શ કર્યા બાદ બેથી ત્રણ દિવસમાં તેના માટે અને સાથોસાથ સુરત બેઠક પર પણના પ્રભારી અને સંયોજકની પણ નિમણૂક કરીને જાહેરાત કરવામાં આવશે. આવતા મંગળવારે એટલે કે 23 જાન્યુઆરીએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

નડ્ડા અહીં કોંગ્રેસ છોડીને આવેલા નેતાઓનને ભાજપમાં પ્રવેશ કરાવશે. તે સિવાય તેઓ પ્રદેશ સંગઠનના હોદ્દેદારો તથા સરકારના મંત્રીઓ સાથે પરામર્શ બેઠક પણ કરશે. આ સાથે આગામી લોકસભા બેઠકો અંગે જરૂરી બેઠક કરીને સ્થાનિક નેતાઓ સાથે રણનીતિ ઘડી તૈયારી અંગે સમીક્ષા કરશે.

# સફળતા ન મળે તો પણ મક્કમ મને મુકાબલો કરો : ઉપરાષ્ટ્રપતિ

■ **ગુજરાત યુનિવર્સિટીનો 72મા કોન્વોકેશન ડે માં સંબોધન**

ગુજરાત | વંદન

ગુજરાત યુનિવર્સિટીનો 72મો કોન્વોકેશન ડે યોજાયો હતો. પ્રથમવાર આ સમારોહ નવા તૈયાર થયેલા અટલ કલામ બિલ્ડિંગ ખાતે યોજાયો હતો. આ સમારોહના ચીફ ગેસ્ટ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ગુજરાત યુનિવર્સિટી સંકુલમાં તૈયાર થયેલા અટલ કલામ રિસર્ચ સેન્ટરનું ઉદઘાટન કર્યુ હતુ. આ તક તેમને મળતા પોતે ભાગ્યશાળી હોવાનુ જણાવ્યુ હતુ. તેમણે કહ્યુ કે આ સેન્ટર ભારતના બંને મહાન પુત્રો અટલ બિહારી વાજપેયી અને એપીજે અબ્દુલ કલામના નામ પર છે જે આપણા સહુ માટે ગૌરવની વાત છે.

દીક્ષાંત સમારોહમાં તેમના સંબોધનમાં ઉપરાષ્ટ્રપતિએ યુવાનોને જણાવ્યુ કે મનમાં કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વગર જીવનના દરેક પડકારોનો સામનો કરીને આગળ વધવુ જોઈએ. જો તમને સફળતા ન મળે તો નિરાશ કે હતાશ થઈ જવાને બદલે મક્કમ મને મુકાબલો કરશો તો ચોક્કસ સફળતા મળશે.

ઉપરાષ્ટ્રપતિએ ભારતના બંધારણ વિશે વાત કરતા કહ્યું કે, બંધારણના ઘડવૈયાઓએ આપણને જે બંધારણ આપ્યું છે તેમાં 22 ચિત્રો છે, તેમાં આપણી 5000 વર્ષની સાંસ્કૃતિક વારસાની ઝલક છે, સારનાથનું અશોક પ્રતીક છે, ગુરુકુળની પરંપરા છે અને તેનો સૌથી મહત્વનો ભાગ એ છે જેને મૂળભૂત અધિકારો કહેવામાં આવે છે કે જે લોકશાહીનું અમૃત અને લોકશાહી મૂલ્યોનો સાર જેના વિના લોકશાહી અધૂરી છે. આ મૂળભૂત અધિકારના લખાણની ઉપરનું ચિત્ર રામ, સીતા અને લક્ષ્મણનું છે એટલે કે રામ, સીતા અને લક્ષ્મણ આપણા બંધારણનો ભાગ છે.



આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના કુલાધિપતિ અને રાજ્યપાલઆચાર્ય દેવવ્રતે કહ્યું કે દીક્ષાંત સમારોહ એ શિક્ષાંત સમારોહ નથી. વિદ્યાર્થીઓએ જીવનભર શીખતા રહેવું જોઈએ. જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરતા રહેવું જોઈએ. એટલું જ નહીં, પોતાના જ્ઞાનને લોક કલ્યાણમાં જ્યાં આવશ્યકતા હોય ત્યાં વહેંચતા રહેવું જોઈએ.

કોન્વેકેશન ડે નિમીત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના સંબોધનમાં જણાવ્યુ કે પીએમ મોદીના નેતૃત્વમાં દેશનો અમૃતકાળ પ્રવેશ અને ગુજરાત યુનિવર્સિટીના અમૃત મહોત્સવ બંનેના સુયોગથી 72મો પદવિદાન સમારોહ વધુ ગરીમામય બન્યો છે. સીએમએ યુવા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઆ પાઠવતા કહ્યુ કે સરદાર વલ્લભભાઈ પટેલે

...અનુસંધાન પેજ નં. 6 પર

### 14 એજન્ટોએ દોઢ વર્ષમાં 800 ગુજરાતીઓને અમેરિકા મોકલ્યાનો ખુલાસો

# ગેરકાયદે વિદેશ લઈ જતાં ભાગેડુ એજન્ટોને વોન્ટેડ જાહેર કરાયા

■ **બાતમી આપનારને ઈનામ આપવા પોલીસની જાહેરાત**

ગુજરાત | વંદન



થોડાક સમય અગાઉ ગેરકાયદે રીતે વિદેશ જઈ રહેલા ગુજરાતીઓ ઝડપાયા બાદ પોલીસ દ્વારા આ સમગ્ર મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ત્યારે પોલીસે ગેરકાયદે રીતે ગુજરાતીઓને વિદેશ લઈ જવાના કેસમાં આરોપીઓ હજુ ફરાર છે. જે સમગ્ર મામલે પોલીસે ફરાર આરોપીઓની બાતમી આપવા બદલ ઈનામની જાહેરાત કરી છે. બાતમી આપનારને 25 હજારનું ઈનામ આપવામાં આવશે. તેમજ 6 એજન્ટોની સામે 25-25 હજારનાં ઈનામની જાહેરાત પણ કરવામાં આવી છે. જેમાં આરોપી

...અનુસંધાન પેજ નં. 6 પર

# મ્યુનિસિપલ શાળાઓમાં UPSC અને GPSCની પરીક્ષાની તૈયારીઓ કરાવાશે

■ **પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા 1094 કરોડનું બજેટ રજૂ કર્યું**

ગુજરાત | વંદન



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આજે નાણાકીય વર્ષ 2024-25 નું 1094 કરોડ નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. ડ્રાફ્ટ બજેટની વાત કરવામાં આવે તો નાણાકીય વર્ષ 2024-25 માં પ્રાયમરી ઈજ્યુકેશન ફંડ ના 1094 કરોડ ના અંદાજપત્રમાં 86.55 ટકા એટલે કે 947 કરોડ રૂપિયા ફક્ત પગાર અને પેન્શન પાછળ જ ખર્ચ કરવામાં આવશે

1094 કરોડનું આ અંદાજપત્ર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનના અધિકારી લગધીર દેસાઈએ રજુ કર્યું હતું જેમાં એકેડેમિક સ્થળ ટુ પોઈન્ટ ઝીરો અંતર્ગત આ બજેટ તૈયાર કરવામાં આવ્યું છે જેમાં કન્યા કેળવણીને ઉત્તેજન અને શાળા પ્રવેશોત્સવ, સ્કીલ ડેવલોપમેન્ટ, સ્કિલ ઝોન બાળકોના સર્વિંગ વિકાસ તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની શ્રેષ્ઠ શાળા અને શ્રેષ્ઠ વિદ્યાર્થીના અલગ અલગ પ્રકારના એવોર્ડની જોગવાઈ પણ ડ્રાફ્ટ બજેટમાં કરવામાં આવી છે. શાળામાં શ્રીમદ ભાગવત

...અનુસંધાન પેજ નં. 6 પર

# શહેર ટ્રાફિક પોલીસે એક્સિડન્ટ ઝોન જાહેર કરીને કરી અપીલ

■ **2023માં મોતનો આંકડો 500ને પાર, કારણ ચોંકાવનારું**

ગુજરાત | વંદન



અમદાવાદ શહેર માં અકસ્માતનું પ્રમાણ વધ્યું છે. જેમાં 2022 કરતા 2023માં અકસ્માતના કેસમાં થયો વધારો થયો છે. ટ્રાફિક પોલીસે અકસ્માતના હોટ સ્પોર્ટ જાહેર કરીને રિસર્ચ કરતા એન્જીનીયરની ખામી હોવાનો થયો ખુલાસો થયો છે. ટ્રાફિક પોલીસે અકસ્માત ઘટાડવા બનાવ્યું એક્શન પ્લાન બનાવ્યો છે.ટ્રાફિક પોલીસ હવે કેવી રીતે અકસ્માતની ઘટના પર નિયંત્રણ લાવશે તે જોવાનું રહ્યું. અકસ્માતના આંકડામાં અમદાવાદ શહેરની વાત કરીએ તો વર્ષ 2022 માં 1793 લોકો અકસ્માતમાં ભોગ બન્યા અને જેમાં 488 લોકો મોતને ભેટ્યા. જ્યારે 720 લોકોને ગંભીર ઈજા થઈ અને 585 સામાન્ય ઈજાઓ થઈ છે. ત્યારે 2023માં 1861 લોકો અકસ્માતનો ભોગ બન્યા.

...અનુસંધાન પેજ નં. 6

# ચાલુ વર્ષે વેસ્ટન ડિસ્ટર્બન્સ નબળુ હોવાથી ઠંડીના પ્રમાણમાં ઘટાડો

■ **આ વખતે જાન્યુ.માં હાડ થીજવતી ઠંડીનો અનુભવ થતો નથી**

ગુજરાત | વંદન



રાજ્યમાં ઉત્તર-ઉતરપૂર્વના પવન ફૂંકાઈ રહ્યા છે અને આગામી પાંચ દિવસ વાતાવરણ સુકૂં રહેશે અને તાપમાન પણ યથાવત રહેશે તેવી આગાહી પણ કરવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ શિયાળામાં આવતા હોય છે. જેના કારણે ઉત્તરીય પર્વતિય વિસ્તારમાં કમોસમી વરસાદ, હિમ વર્ષા થતી હોય છે. ઉતર તરફના પવન ફુંકાય ત્યારે ગુજરાતમાં કડકડતી ઠંડી પડતી હોય છે. આખો દિવસ ગરમ કપડા પહેરીને ફરવું પડતુ હોય છે. પરંતુ ચાલુ વર્ષે ઠંડીનો ચમકારો માત્ર એક બે દિવસ રહ્યો અને તે પણ ભારે પવનના કારણે ઠંડીનો અહેસાસ થયો હતો પરંતુ તાપમાન સામાન્ય રહ્યુ છે. અડધો શિયાળો પુરો થઈ ગયો પરંતુ તેમ

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગોધરાકાંડમાં ભોગ બનેલા કારસેવકોના પરિવારોને પણ મળ્યું આમંત્રણ...

■ **19 પરિવારોને વીએચપી દ્વારા આપવામાં આવ્યું નિમંત્રણ**

ગુજરાત | વંદન



22 જાન્યુઆરીના પાવન દિવસે રઘુનંદન ભગવાન રામ પોતાના ભવ્યાતિભવ્ય મંદિરમાં બિરાજીત થશે. 500 વર્ષોના સંઘર્ષ બાદ આખરે પ્રભુ શ્રીરામ અયોધ્યા પરત ફરશે. 22 જાન્યુઆરીએ થઈ રહેલા ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની 16 જાન્યુઆરીથી શરૂઆત પણ થઈ ચૂકી છે. અયોધ્યામાં અનુષ્ઠાન સહિતની ધાર્મિક વિધિઓનો પ્રારંભ થઈ ચૂક્યો છે.

દેશભરમાં રામ મંદિરના આ ઐતિહાસિક પળના સાક્ષી બનવા અને પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવી રહ્યા છે. ત્યારે આ અવસરે આજથી 22 વર્ષ પહેલાં થયેલા ગોધરાકાંડના પીડિત કારસેવકોના પરિવારોને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. વિશ્વ હિંદુ પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા પીડિત કારસેવકોના 19 પરિવારોને પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. તેવામાં હવે તમામ રામભક્તોને પૂજિત અક્ષત સ્વરૂપ આમંત્રણ આપવામાં આવ્યું છે. આ દરમિયાન ગોધરાકાંડના બલિદાની કારસેવકોના પરિવારોને પણ વિશેષ આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ આમંત્રણ વિશ્વ હિંદુ પરિષદના ગુજરાત એકમ દ્વારા આપવામાં આવ્યું છે. વિશ્વ હિંદુ પરિષદ ગુજરાતના અધ્યક્ષ અશોક રાવલે જણાવ્યું હતું કે, સાધુ-સંતો, સમાજના અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ અને કારસેવામાં સામેલ રહેલા પરિવારોને આમંત્રણ આપવામાં આવ્યું છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, "આમંત્રણ મકરસંક્રાંતિ સુધીમાં આપી દેવાનું હતું પરંતુ હવે 20 જાન્યુઆરી સુધીમાં સવા કરોડ લોકોને અક્ષત આમંત્રણ, રામ મંદિર અને ભગવાન રામના ચિત્રો પહોંચાડવામાં આવશે."

અશોક રાવલે વધુમાં માહિતી આપી છે કે, 27 ફેબ્રુઆરી 2002ના રોજ ગોધરા સ્ટેશન ખાતે ટ્રેન સળગાવવાની ઘટનામાં 59 કારસેવકોએ જીવ ગુમાવ્યો હતો. જેમાંથી

...અનુસંધાન પેજ નં. 6 પર

# શબરીના વંશજ આદિજાતિ બહેનોએ 'બોરનો હાર'બનાવ્યો




■ **બોર પર 'રામ'લખ્યું , અયોધ્યામાં મંદિરને કરાશે અર્પણ**

ગુજરાત | વંદન

સેંકડો વર્ષોના સંઘર્ષ અને ઘર્ષણ બાદ પ્રભુ શ્રી રામ લલ્લા અયોધ્યામાં નવનિર્મિત મંદિરમાં નિજગૃહે બિરાજમાન થઈ રહ્યા છે. જેનો ઉત્સાહ પ્રત્યેક દેશવાસીઓમાં પ્રગટ થઈ રહ્યો છે. ત્યારે માં શબરીના વંશજ એવા ડાંગના આદિજાતિ પ્રજાજનો પણ, નોખી અને અનોખી રીતે તેમનો ભક્તિભાવ પ્રગટ કરી, પ્રભુ શ્રી રામ સાથે જોડાયેલો તેમનો અતૂટ નાતો પ્રદર્શિત કરી રહ્યા છે.શ્રી રામ લલ્લાને દેશ અને દુનિયાના ખૂણે ખૂણેથી અનેકવિધ નીતનવી ચીજવસ્તુઓની ભેટ સોગાદો ભાવિક ભક્તો મોકલી રહ્યા છે. ત્યારે માં શબરી અને પ્રભુ શ્રી રામ તથા ભ્રાતા શ્રી લક્ષ્મણજીના મિલન સાથે સંકળાયેલી દંડકારણ્યની પાવનભૂમિ માં રહેતા ડાંગના ભીલ, વારલી, કુનબી, તથા આદિમજૂથના પ્રજાજનોએ પણ 'બોર નો હાર' તૈયાર કરી તેમની ભક્તિ, શક્તિ, અને પ્રભુ

...અનુસંધાન પેજ નં. 6 પર



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009